ગુજરાત માટે ગૌરવ: ગીરના સિંહો 'જોખમ'ની શ્રેણીમાંથી બહાર ૧૨

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ફાગણ સુદ-૧ | પાના : ૧૨ | રૂ. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૧-૩-૨૦૨૪ - સોમવાર | રાજકોટ (બહારગામ)

વર્ષ : ૩૮ અંક : ૧૭૧ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

ટેસ્ટફુલ...ગરમ તથા કાચી
દરરોજ પેટીસ
રાજકોટ ના પ્રખ્યાત
રસિકભાઈ ચેવડાવાળા
લીમડા ચોક
કોટેચા ચોક
જ્યુબેલી બાગ
નાના મવા રોડ
એરપોર્ટ રોડ

MARUTI SUZUKI
NEXA

VELOCITY EDITION
TURBO BOOSTERJET




INDIA'S FASTEST 1 LAKH SALES

FRONX

*Claim verified by independent research agency - JATO Dynamics Limited for Fastest to 1Lakh sales in SUV and PV categories since launch on 19-January-2024.


1.0L Turbo Boosterjet Engine with Progressive Smart Hybrid


Front Grille Garnish
Opulent Red


Head Lamp Garnish



Rear Upper Spoiler Extender
Black + Red

NEXA Safety Shield
- DUAL FRONT AIRBAGS
- ABS WITH EBD
- PEDESTRIAN PROTECTION COMPLIANCE
- COMPLIANT WITH -
  - FULL FRONTAL IMPACT
  - FRONTAL OFFSET IMPACT
  - SIDE IMPACT

Contact us at
1800-200-6392
1800-102-NEXA
www.nexaexperience.com
NOW YOU CAN ALSO BOOK ONLINE

RAJKOT: NEXA GONDAL ROAD (PERFECT AUTO SERVICES PH: 7043999063), NEXA BHAKTINAGAR (KATARIA AUTOMOBILES PH: 7572900000), NEXA SHITAL PARK (ATUL MOTORS PRIVATE LIMITED PH: 8140555222), JAMNAGAR: NEXA JAMNAGAR EAST (ATUL MOTORS JAM LLP PH: 9924457899), JUNAGAD: NEXA JUNAGADH- RAJKOT ROAD (PERFECT AUTO SERVICES PH: 7043999055), MORBI: NEXA SANALA ROAD (PERFECT AUTO SERVICES PH: 9978957931).

Scan to know more.
SMART FINANCE
AN ONLINE END-TO-END CAR FINANCE SOLUTION
- Multiple financiers
- Digital Document Upload
- Live Loan status
- Complete transparency (associated fees & charges)

Feature and accessories shown may not be part of standard fitment. Black glass shade on the vehicle is due to lighting effect. Images used are for illustration purposes only.



**પરિચય**

- ★ કોર્પોરેટ પોલિટિકલ એસ્ટ્રોલોજીકલ કન્સલ્ટન્ટ.
- ★ વાસ્તુ : પાવર ઓફ ડાઇરેકશન એક્સપર્ટ.
- ★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
- ★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
- ★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
- ★ માઇન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
- ★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
- ★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
- ★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

## અઠવાડિક રાશિ ભવિષ્ય

**તારીખ :- ૧૧/૦૩/૨૦૨૪ થી ૧૭/૦૩/૨૦૨૪**

**સનતકુમાર વી. પોપટ : 'રૂદ્ર ફાઉન્ડેશન' સેકન્ડ ફ્લોર, પરિમલ પ્રાઈમ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ (Mo.) ૭૫૭૫૮ ૩૫૩૫૯**

ૐ સોમવાર થી રવિવાર ૐ

### મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિ જાતકો માટે નવા સપ્તાહમાં રાશિપતિ મંગળ તારીખ ૧૫ માર્ચથી રાશિ પરિવર્તન પામીને કુંભ રાશિમાં લાભ સ્થાનમાં પ્રવેશે છે. મિત્ર વર્તુળનો વિકાસ થાય. મુસાફરી તથા યાત્રાના આયોજનને સફળ બનાવી શકો. વ્યક્તિત્વનો વિકાસ થતો જણાય. વ્યાપારીઓ, સંગઠન સાથેના સંબંધો સુદ્રઢ બનતા જણાય. સપ્તાહની શરૂઆતમાં મેષ રાશિ પરથી પસાર થનારો ચોથા સ્થાનનો સ્વામી ચંદ્ર કોઈ નિર્ણય લેવા અંગે ઉતાવળ ન કરવાનું સૂચવે છે. વૃષભ રાશિ પરથી પસાર થનાર ઉચ્ચસ્થ ચંદ્ર વાણીના યોગ્ય ઉપયોગ દ્વારા સફળતા અપાવે. સપ્તાહના અંત ભાગમાં ત્રીજા સ્થાનમાં ચંદ્ર ભાઇભાંડુઓથી ઉત્તમ સહકાર અપાવી શકે. આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી વિદ્યાસ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને બારમા સ્થાનમાં પ્રવેશશે. જે સંતાનો અંગેની સમસ્યા બાબત જાળવવાનું સૂચન કરે છે. જાહેરજીવનમાં વાણી વર્તન, વિચાર દ્વારા સંબંધોમાં કડવાશ ન જન્મે તે માટે સાવધ રહેવું.

### વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિના જાતકોને નવા સપ્તાહમાં સાતમા સ્થાનનો સ્વામી મંગળ તારીખ ૧૫ માર્ચથી રાશિ પરિવર્તન પામીને કુંભ રાશિમાં કર્મ સ્થાનમાં પ્રવેશે છે. અહીં કર્મક્ષેત્રે થયેલી ગેરસમજ દૂર થતાં કાર્યસ્થળે આનંદભર્યા માહોલનો અનુભવ કરી શકો. જો કે અહીં વ્યવહારમાં ઉગ્રતા નિવારવી જરૂરી બનશે. સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનનો સ્વામી ચંદ્ર મેષ રાશિમાં પરિભ્રમણ કરશે. જે આકસ્મિક ખર્ચ અપાવી શકે. સપ્તાહના મધ્યભાગમાં આપની રાશિ પરથી પસાર થનારો ચંદ્ર વિચારોમાં એકાગ્રતા અપાવે. નવીન વિચારો-આયોજનો અમલમાં મૂકી શકો. માનસિક સ્થિતિ મજબૂત બનતી જણાય. સપ્તાહના અંત ભાગમાં બીજા સ્થાનમાં ચંદ્ર ભોજનમાં ઠંડા પદાર્થોથી પરેજી રાખવાનું સૂચવે છે. આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી મિલકતસ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને અગિયારમા સ્થાનમાં પ્રવેશશે. ઉચ્ચ વિદ્યાશાખામાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને વિશેષ પરિશ્રમની આવશ્યકતા જણાશે. હરીફો તથા પ્રતિસ્પર્ધીઓ દ્વારા આપની ઈમેજ પર અસર ન પહોંચે તે માટે ચેતીને ચાલવું.

### મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન અગિયારમાં સ્થાનનો સ્વામી મંગળ તારીખ ૧૫ માર્ચથી રાશિ પરિવર્તન પામીને કુંભ રાશિમાં ભાગ્ય સ્થાનમાં પ્રવેશે છે. અહીં પરિચિત વર્તુળના નેટવર્ક તથા ઓળખાણ ધરાવતી વ્યક્તિઓના સહકાર દ્વારા કાર્ય સરળ બનાવી શકો. સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાનનો સ્વામી ચંદ્ર ભૌતિક સુખસગવડોને લગતી વસ્તુઓ અંગે ખર્ચ અપાવી શકે. સપ્તાહના મધ્યભાગમાં બારમે ઉચ્ચસ્થ ચંદ્ર ધાર્મિક પરોપકાર કાર્યમાં નિમિત બનાવે. અહી અન્ય કોઈના વિવાદોમાં વચ્ચે પડવું નહીં. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આપની રાશિ પરથી થતા મન પ્રફુલ્લિત રહે. આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી ત્રીજાસ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને દશમા સ્થાનમાં પ્રવેશશે. ગણતરી પૂર્વકના સાહસ સફળતા આપવી શકે. પરંતુ શેરબજાર કે અન્ય સ્ત્રોતમાં નાણાં રોકતા પહેલાં નિષ્ણાંતનું માર્ગદર્શન અવશ્ય લેવું. ધીરજપૂર્વકનો લાંબા ગાળાનો અભિગમ રાખવો. સાહસવૃતિના વિકાસ દ્વારા વ્યવસાયમાં ઉચિત જોખમ લઈ શકો.

### કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન પાંચમા તથા દસમા સ્થાનનો સ્વામી યોગકારક મંગળ રાશિ પરિવર્તન પામીને તારીખ ૧૫ માર્ચથી કુંભ રાશિમાં આઠમા સ્થાનમાં પ્રવેશે છે. અહી વ્યવસાયિક ક્ષેત્રે અનૈતિક કાર્યોથી દૂર રહેવું. તેમજ શેરબજારમાં લાંબાગાળાનું રોકાણ સમજપૂર્વક કરવું ઈચ્છનીય ગણાશે. કર્મક્ષેત્રે પરિશ્રમમાં વધારો કરવો. વડીલ વર્ગના માર્ગદર્શન હેઠળ ચાલવાથી ઉત્તમ પરિણામ પ્રાપ્ત થઈ શકે. સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ ચંદ્રનું પરિભ્રમણ દશમે રહેલા ગુરુ પર થતા માનસિક તણાવ હળવો બને. ચંદ્રનું પરિભ્રમણ વૃષભ રાશિ પરથી થતા મિત્રો સાથેના ઉછીના વ્યવહારો પૂર્ણ બનાવી શકો. સપ્તાહના અંત ભાગમાં કોઈ નાના કાર્યને પૂર્ણ કરવા માટે પણ વધુ પ્રયાસો કે ધક્કા થઈ શકે છે. આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી ધન-વાણી સ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને નવમા સ્થાનમાં પ્રવેશશે. વાકશકિતમાં વધારો થાય. પરિવારને લગતા કોઈપણ કાર્ય સમજપૂર્વક તથા ધીરજપૂર્વક કરવાના રહેશે.

### સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન ચોથા-નવમા સ્થાનનો સ્વામી યોગકારક મંગળ રાશિ પરિવર્તન પામીને સાતમા સ્થાનમાં પ્રવેશે છે. મિલકતને લગતા વ્યવહારો લાભદાયક નિવડી શકે. ભાગ્ય ઉન્નતિ તથા કર્મ ક્ષેત્રે પ્રગતિ માટેની નવીન તકો પ્રાપ્ત કરી શકો. બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર આ સપ્તાહની શરૂઆતમાં મેષ રાશિમાં રહેલા ગુરુ પરથી પસાર થતાં યજ્ઞ-હવન જેવી ધાર્મિક પ્રવૃતિઓમાં ભાગ લેવાનું શક્ય બને. દશમાં સ્થાન પરથી ચંદ્ર પસાર થતા સપ્તાહ મધ્યભાગમાં કાયદાકીય કાર્યો ગંભીરતાપૂર્વક કરવા. બેદરકારી રાખવાથી નુકસાન થવાની શક્યતા ગણી શકાય. સપ્તાહના અંતભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે. શેરબજાર દ્વારા નાણાંકીય લાભ પ્રાપ્ત કરી શકો. વિવાદોથી દૂર રહેવું. નવા સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી રાશિ સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને આઠમા સ્થાનમાં પ્રવેશશે. સ્વાસ્થ્ય વિષયક સાવધાની ઇચ્છનીય ગણાય. ઝડપી ડ્રાઈવિંગ નિવારવું. અજાણ્યા લોકો પર વધુ પડતો વિશ્વાસ કરીને આગળ વધવામાં સાવચેતી રાખવી.

### કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન ત્રીજા અને આઠમા સ્થાનનો સ્વામી મંગળ તારીખ ૧૫ માર્ચથી રાશિ પરિવર્તન પામીને કુંભ રાશિમાં છઠ્ઠા સ્થાનમાં પ્રવેશે છે. અહી વિપરિત રાજયોગ રચાતા કર્મક્ષેત્રે આયોજનપૂર્વક કરેલા પરિશ્રમ દ્વારા લાભ પ્રાપ્ત કરી શકો. કોઈ કાર્ય અંગે વધુ મહેનત બાદ શુભ ફળ પ્રાપ્ત કરી શકવાના સંયોગ છે. અગિયારમાં સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાન પરથી પસાર થશે. જે વધુ પડતા દોડધામ કે ઉજાગરાની નિવારવાનું સૂચન કરે છે. નવમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર ધાર્મિક કાર્યો સંપન્ન બનાવવામાં નિમિત બની શકે છે. સપ્તાહના અંત ભાગમાં દશમા સ્થાનમાં ભ્રમણ કરતો ચંદ્ર વડીલોથી સાથ સહકાર અપાવી શકે છે. કન્યા રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી વ્યયસ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને સાતમા સ્થાનમાં પ્રવેશશે. દાંપત્યજીવનમા જતું કરવાનું વલણ રાખવું. આર્થિક વ્યવહારો તથા બજેટની ગોઠવણીમાં ખૂબ જ કાળજી રાખવી.

### તુલા રાશિ (ર, ત)

તુલા રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન બીજા તથા સાતમા સ્થાનનો સ્વામી મંગળ તારીખ ૧૫ માર્ચથી રાશિ પરિવર્તન પામીને કુંભ રાશિમાં પાંચમા સ્થાનમાં પ્રવેશે છે. અહીં આર્થિક ઉન્નતિ પ્રાપ્ત કરવા માટેના નવા પ્રયત્નો અમલમાં મૂકી શકો. નવી લાઈનમાં કોઈ વ્યવસાય કે સર્વિસ કરવા ઇચ્છતા જાતકો માટે અનુકુળ સમય ગણી શકાય. સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનમાં ચંદ્ર હોતા દાંપત્યજીવનમાં સહકારની ભાવના કેળવી શકાય. સપ્તાહના મધ્યભાગમાં આઠમા સ્થાન પરથી ચંદ્ર પસાર થતાં વાહનો તથા પશુઓથી સાવચેતી રાખવી ઇચ્છનીય ગણાય. સપ્તાહના અંતભાગમાં નવમા સ્થાનનો ચંદ્ર પ્રગતિ માટેના સાનુકૂળ સંજોગોનું નિર્માણ કરે. આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી લાભસ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને છઠ્ઠા સ્થાનમાં પ્રવેશશે. મિત્રો સાથે ઉછીના નાણાકીય વ્યવહારો સમજપૂર્વક કરવા. બિનજરૂરી વિચારોને તિલાંજલિ આપવી. માનસિક શાંતિ ન જોખમાય તે માટે કોઈ એક કાર્ય તથા આયોજન ઉપર મન એકાગ્ર કરવું.

### વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિ જાતકો માટે આ સપ્તાહમાં રાશિપતિ મંગળ તારીખ ૧૫ માર્ચથી રાશિ પરિવર્તન પામીને કુંભ રાશિમાં મન:સ્થાનમાં પ્રવેશે છે. અહીં હ્રદય, રક્ત, હાડકા જેવી સમસ્યાઓથી પીડાતા જાતકોએ સ્વાસ્થ્ય વિશે થોડી વિશેષ કાળજી રાખવાની રહેશે. વાઈરલ શારીરિક સમસ્યાથી બચવા માટે પૂરતી જાગૃતિ અનિવાર્ય બનશે. ઉત્સાહમાં વધારો રહે. નવમા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાન પરથી થશે. કોમ્પિટિશનમાં સ્માર્ટવર્ક અને માઈક્રો પ્લાનિંગ દ્વારા આગળ રહેવાનો પ્રયત્ન કરી શકો છો. સપ્તાહના અંત ભાગમાં સાતમાં સ્થાન પરથી ચંદ્ર પસાર થતા ભાગીદારીમાં મનદુ:ખ ન થાય તે માટે હળવાશપૂર્વક વર્તવું. આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી કર્મસ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને પાંચમા સ્થાનમાં પ્રવેશશે. કર્મક્ષેત્રે નવીન તક પ્રાપ્ત થતી જણાય. વ્યવસાયક્ષેત્રે માન-પ્રતિષ્ઠામાં વધારો થઇ શકે છે. કર્મક્ષેત્રે હરીફો તથા પ્રતિસ્પર્ધીઓ પર વિજય પ્રાપ્ત કરી શકો છો.

### ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન પાંચમા સ્થાનનો સ્વામી મંગળ આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૫ માર્ચથી રાશિ પરિવર્તન પામીને કુંભ રાશિમાં ત્રીજા સ્થાનમાં પ્રવેશે છે. વિદ્યાર્થીઓને તેની મહેનતથી ઉત્તમ પરિણામ પ્રાપ્ત થઇ શકે છે. અહીં પ્રણય પ્રસંગોમાં થોડી સાવચેતી રાખવી ઇચ્છનીય ગણી શકાય. આઠમા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં પાંચમા સ્થાન પરથી પસાર થશે. અહી ચંદ્ર સંતાનોના પ્રશ્નોને ગંભીરતા પૂર્વક લેવાનું સૂચવે છે. સપ્તાહના મધ્યભાગમાં છઠ્ઠા સ્થાન પરથી ચંદ્ર પસાર થતા શારીરિક સ્વાસ્થ્યની વિશેષ જાળવણી રાખવી. મોસાળ પક્ષ સાથે સમજપૂર્વક વર્તવું. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણ સાતમા સ્થાન પરથી થશે. જાહેરજીવનમાં લાભદાયી પરિણામો પ્રાપ્ત થતા જણાય. આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી ભાગ્યસ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને ચોથા સ્થાનમાં પ્રવેશશે.પ્રગતિ-વિકાસ માટે નવા આયોજનો અમલમાં મૂકી શકો. સરકારી અધિકારીઓ દ્વારા સહયોગ પ્રાપ્ત થઈ શકે.

### મકર રાશિ (ખ, જ)

મકર રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન ચતુર્થેશ લાભેશ મંગળ તારીખ ૧૫ માર્ચથી રાશિ પરિવર્તન પામીને બીજા સ્થાનમાં પ્રવેશે છે. અહીં મકાન, દુકાન, શો-રૂમ, ઓફિસમાં, ફર્નિચર કે સમારકામ કરાવવા ઈચ્છતા હોય તો સાનુકૂળતા જણાય શકે. સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાન પરથી પસાર થશે. મિલકતને લગતા ડોક્યુમેન્ટેશનના કાર્યોમા સાવધાની રાખવી. પાંચમાં સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર સપ્તાહના મધ્યભાગમાં સંતાનોના પ્રશ્નો પર ગંભીરતાથી ધ્યાન આપવાનું સૂચવે છે. સપ્તાહના અંતભાગમાં છઠ્ઠા સ્થાનનો ચંદ્ર વાઈરલ તથા સીઝનલ બીમારીઓથી બચવા માટે ખાન-પાન તથા આહાર વિહારના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું સૂચવે છે. મકર રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી આઠમા સ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને ત્રીજા સ્થાનમાં પ્રવેશશે. ગેસ-અગ્નિ-ઈલેક્ટ્રિક સાધનો ઓપરેટ કરવા બાબત ધ્યાન રાખવું. આત્મવિશ્વાસમાં ઘટાડો અનુભવી શકાય. પોઝિટિવ એટીટ્યુડ રાખીને જ આગળ વધવાથી સારું ફળ પ્રાપ્ત થઇ શકશે.

### કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને ત્રીજા તથા દસમા સ્થાનનો સ્વામી મંગળ આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૫ માર્ચથી રાશિ પરિવર્તન પામીને પ્રથમ સ્થાનમાં પ્રવેશે છે. અહી કર્મ ક્ષેત્રે વિશેષ સફળતા પ્રાપ્ત કરવા માટે વ્યક્તિ વિશેષ સહયોગ પ્રાપ્ત કરી શકો. ભૂતકાળમાં રોકેલા નાણાં ઉચિત વળતર સાથે પરત પ્રાપ્ત કરી શકાય. છઠ્ઠા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાન પરથી થશે. મુસાફરીમા સાવચેતી રાખવી. ચોથા સ્થાન પરથી ચંદ્ર પસાર થતાં સપ્તાહના મધ્યભાગમાં માનસિક તણાવ અનુભવી શકો. મિલકતના કાર્યો સમજપૂર્વક કરવા. વાહનોના રીપેરીંગ કે સમારકામ ખર્ચ ઉદ્ભવી શકે છે. સપ્તાહના અંત ભાગમાં છઠ્ઠો બળવાન ચંદ્ર હરિફાઈ તથા પ્રતિસ્પર્ધામાં આગળ રહેવા માટે જરૂરી સપોર્ટ આપે. આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી સાતમા સ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને બીજા સ્થાનમાં પ્રવેશશે. નવી ભાગીદારીનો વિકાસ થઈ શકે. જે ભવિષ્યમાં ફળદાયી નિવડી શકે. પ્રતિષ્ઠા તથા ઈમેજમાં સુધારો પામી શકશો.

### મીન રાશિ (દ, ચ)

મીન રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન ભાગ્ય સ્થાનનો સ્વામી મંગળ તારીખ ૧૫ માર્ચથી રાશિ પરિવર્તન પામીને કુંભ રાશિમાં વ્યય સ્થાનમાં પ્રવેશે છે. કર્મક્ષેત્રે પ્રગતિ માટે પ્રાપ્ત કરવા માટે વિશેષ શ્રમ તથા આયોજનની આવશ્યકતા રહે. પાંચમા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાન પરથી પસાર થતાં વાણીમાં ઉગ્રતા નિવારવી અનિવાર્ય બનશે. સપ્તાહના અંતભાગમાં ત્રીજા સ્થાન પરથી ચંદ્ર પસાર થશે. જે અવિચારી તથા આંધળા સાહસો કરવાથી દૂર રહેવાનું સૂચવે છે. આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ માર્ચથી શત્રુસ્થાનનો સ્વામી સૂર્ય રાશિ પરિવર્તન પામીને પ્રથમ સ્થાનમાં પ્રવેશશે. હરીફોથી સાવચેતી જરૂરી બને. મોસાળ પક્ષ સાથે નાણાકીય વ્યવહારો બની શકે તો ટાળવા. જાહેરજીવનમાં ઉગ્રતા પૂર્વકનું વ્યક્તિત્વ નિવારવું. પશુઓથી યોગ્ય અંતર જાળવવું. જૂની કોઈ શારીરિક તકલીફની ટ્રીટમેંટ માટે બેદરકાર રહ્યા વગર જરૂરી ફોલોઅપ લેતું રહેવું. ચોથા સ્થાનનો ચંદ્ર અભ્યાસમાં ધારી સફળતા આપી શકે.

* * *

## દિવ્યતા દિવસ

**મૂલ્યોની મહેક**

**▪ બ્રહ્માકુમારી ભારતીદીદી ▪**

આજે ૧૧ માર્ચ પૂર્વ બ્રહ્માકુમારીઝ બ્ર.કુ.રાજયોગીની દાદી હ્રદયમોહિનીજીનો ત્રીજો પુણ્યતિથિ દિવસ છે. આજના દિવસને વિશેષ 'દિવ્યતા દિવસ'થી મનાવવામાં આવે છે.

ભાગીરથી છોટા નંદીના નામથી સર્વના દિલમાં જેમનું વિશેષ સ્થાન છે. કરોડો લોકોને વાણીથી, દ્રષ્ટિથી ભગવાનથી મિલન કરાવનાર દાદી ગુલઝારજી (હ્રદયમોહિનીજી) 'બાબાવાલી દાદી'ના અમર નામથી પણ બધામાં પરિચિત છે. એવા દાદી હ્રદયમોહિનીજી બધાના સંગમાં રહેવા છતાં બધાથી ન્યારા રહેતા હતા. દિવ્યતાના ગુણ સમ્પન્ન દાદીજીનું જીવન હતું. દાદીજી તેમના માતા સાથે સંસ્થામાં પોતાની ૮ વર્ષની નાની ઉંમરે જ આવી ગયા હતા. દાદીના મન-બુધ્ધિ પરમાત્મા આગળ સંપૂર્ણ સમર્પિત હતા. અનેક વિશેષતાઓથી ભરપુર દાદીનો સરળ સ્વભાવ સર્વને આકર્ષિત કરતો. દાદીજીમાં બિલકુલ મૈપન (મારૂ જ ધાર્યુ થવું) ન હતું તેને કારણે પરમાત્માએ દાદીને સંદેશીનો પણ વિશેષ પાર્ટ આપેલો હતો. જેના દ્વારા દાદીએ નાની ઉંમરે જ સતયુગના અને શ્રીકૃષ્ણના દિવ્ય સાક્ષાત્કાર થયા હતા.

દાદી ઇચ્છા માત્રમ અવિદ્યા રહેતા. તેઓ નિરંતર યોગમાં રહેતા. દાદીના નયનોમાં પવિત્રતા અને રૂહાનિયતા રહેલા હતા. દાદી બહુ જ ઓછું અને ધીમે બોલતા. તેમની વાણી મધુર અને સ્પષ્ટ હતી. તેમજ તેમના બોલ વરદાની હતા. તેઓ અસોચ રહેતા અર્થાત વ્યર્થ વાતોથી, પરદર્શન, પરચિંતનથી મુકત રહેતા. કોઇને દાદીથી કોઇ ફરિયાદ ન હતી. એટલો તેમનો સરળ, પ્રેમાળ સ્વભાવ હતો. દાદીએ કદી કોઇને ફરિયાદ કરી ન હતી. દાદીની સાંભળવાની ક્ષમતા વિશાળ હતી જેટલું કે તેટલું વિશાળ દિલ. દાદી સર્વ પ્રતિ શુભભાવના રાખતા અને રાખવા માટે સર્વને પ્રેરણા આપતા. દાદીજી દરેક પરિસ્થિતિ કે જેમાં સત્કાર હોય કે અવગણના હોય તેઓ સદા સાક્ષી ભાવ રાખી ઉપરામ રહ્યા તેઓ સદા ખુશ રહેતા. દાદી કહેતા આપણા ખુશીના ખજાનાને કોઇ માયા વિકાર કદી લૂંટી ન જાય કે ખુશીનો ખજાનો કદી ખૂટી ન જાય તેનું ધ્યાન રાખવું જોઇએ. તેઓ સદા કહેતા 'ખુશી જૈસી ખુરાક નહી પ્રાણ ભલ ચલે જાયે લેકિન ખુશી ના જાયે' તે માટે સ્વયંને ઉપરામ રાખીને, પરમાત્મા પિતા આગળ સ્વયંને સમર્પિત કરીને, પછી બધી પરિસ્થિતિને નીમિત બની સંભળાવીને તેમના સારા કે ખરાબ પરિણામના સાક્ષી બનીને રહેવું-એ દાદીએ સર્વને શીખવ્યું.

દાદીજીના વ્યવહારમાં નિર્માણતા હતી તેથી તેઓ સદા સર્વના પ્રિય હતા. દાદીજીની રૂહાની મુસ્કાન બધાના મનને મોહિત કરનારી હતી. દાદી નિર્ભય નિશ્ચિંત અને બેફીક્ર બાદશાહ હતા. તેઓનું જીવન સાદગીભર્યુ પરંતુ ઉચ્ચ વિચારવાળુ હતું. સ્વમાની આત્માને કોઇ અભિમાનવશ અપમાન પણ કરશે. તો પણ અપમાનને કારણે અભિમાન ન આવે અર્થાત બંને સ્થિતિમાં એકરસ બની રહે છે. એવા દાદીજી પોતાના સ્વમાનના ઉંચા શ્રેષ્ઠ નશામાં કાયમી રહેતા હતા અને કહેતા મેરા તો એક શિવબાબા (પરમાત્મા પિતા), દુસરા ન હોઇ, દાદીજી કહેતા, સંપૂર્ણ પવિત્રતા જ આપણા જીવનની દિવ્યતા છે. ગુણમૂર્ત દાદીજીની અનેક જન્મોની પવિત્રતાની તાકાત જ હોવી જોઇએ કે જેને કારણે સ્વયં પરમાત્મા અને ભાગીરથ પ્રજાપિતા બ્રહ્માબાબાએ એ દિવ્ય રથને પોતાનું માધ્યમ બનાવી (પિતાશ્રી બ્રહ્માબાબાએ ભૌતિક શરીર છોડયા બાદ) ૪૮ વર્ષ સુધી અનેક આત્માઓને રાજયોગના અમૃત જ્ઞાનની વર્ષાથી લાભાંવિત કર્યા છે. દાદીનો પરમાત્માના વિશ્વકલ્યાણના કાર્યમાં વિશેષ પાર્ટ રહેલો છે. દાદી હ્રદયમોહિની (ગુલઝારજી)નો ૯૩ વર્ષની આયુષ્યનો પાર્ટ પરમાત્મા પાલના, પ્રેમ, પવિત્રતા અને આધ્યાત્મિક શકિતઓની પ્રાપ્તિઓથી ભરપુર રહ્યો. બ્રહ્માકુમારીઝના પૂર્વ સંચાલિકા તરીકે એક ઉદાહરણીયમૂર્તિ રહ્યા.

મા.આબુ તળેટી શાંતિવન પરીસરમાં દાદીજીના પાર્થિવ દેહને જે સ્થાન પર અગ્નિસંસ્કાર અપાયેલો હતો. તે સ્થાને દાદીજીના યાદગાર સ્મૃતિચિન્હરૂપે 'અવ્યકતલોક' બનેલ છે. ત્યાંના સ્તંભ પર દાદીજીના વિશેષ ગુણ અને શકિતઓને અંકિત કરવામાં આવ્યા છે. ત્યાં મુલાકાતમાં આવતા સર્વ લોકો એક શાંતિ અને શકિતનો વિશેષ અનુભવ કરે છે. આજે દાદી આપણી વચ્ચે તો નથી પરંતુ સૌ તેમના પાર્ટ, કર્તવ્ય અને તેમના ગુણોને યાદ કરીએ અને સ્વયંના જીવનમાં તેમની ધારણાના દર્શન કરવાની પ્રતિજ્ઞા સાથે દાદીજીને સાચી શ્રધ્ધાંજલી અર્પિણ કરીએ. દાદીજી માટે-

અંધેરે મે એક લૌ(બાતી) કી તરહ ઝલતી હૈ વો, ખુદ મેં શિવ કો સંભાલે ચલતી હૈ વો,
આજ ભી ઉસકા હોને કા હોતા હૈ અહેસાસ, ઉસ કી યાદ સે સફલ હોતી હર સાઁસ..

## PI ખાચર અને ડો.વૈશાલી વચ્ચે ઈન્સ્ટાગ્રામથી સંપર્ક બંધાયો હતો

### મૃતક તબીબના પરિવારજનોના નિવેદન લેવા તજવીજ: એસીપી સહિત કેટલાંક અધિકારીઓ રજા પર

અમદાવાદ તા.૧૧

ક્રાઈમ બ્રાંચનાં એન્ટ્રી ગેટ નજીક પ્રાંગણમાં ડો.વૈશાલી જોશીએ કરેલા આપઘાત કેસમાં હવે પોલીસ મૃતકનાં પરિવારજનોના નિવેદનો માટે બોલાવશે. સાથ જ મૃતકનાં પરિવારજનોના પીઆઈ બી.કે.ખાચરના પ્રેમ પ્રકરણ સંદર્ભે કોઈપણ આક્ષેપ હશે તો તે મુજબની કાર્યવાહી કરાશે.

ખાચર અને વૈશાલીબેન વર્ષ ૨૦૨૦ માં ઈન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવ્યા બાદ બન્ને વચ્ચે પ્રેમ સંબંધ શરૂ થયો હતો. એક ઉચ્ચ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ આર્થિક ગુના નિવારણ શાખાના કેટલાંક પીઆઈ, એસીપી અને સ્ટાફના લોકો રજા પર ઉતરી ગયા છે.

આ તમામ લોકો નિવેદનથી બચવા કે અન્ય કારણોથી રજા પર ઉતર્યા તે ચર્ચાનો વિષય બન્યો છે.



ગત બુધવારે ડો.વૈશાલી જોશીએ કરેલા આપઘાત બાદ હવે હવેલી પોલીસ મૃતક વૈશાલી જોશીના પરિવારનો સંપર્ક સાધી રહી છે. આ મામલે પીઆઈ ભાટીનું કહેવુ ચે કે જો મૃતકના પરિવારજનો નિવેદન નોંધાવવા ન આવી શકે તો પોલીસ તેમને ત્યાં જઈને પણ નિવેદન નોંધશે. સાથે જ મૃતક પાસેથી જે ચીઠી મળી હતી તે ચીઠીનાં અક્ષરો મેચ કરવા વૈશાલીબેનનાં પીજી ખાતેથી તેમના લખાણવાળી અન્ય વસ્તુઓ પણ કબજે કરાઈ છે તેમનું ટેબ્લેટ, ફોન અને ડાયરી સહિતની વસ્તુઓ એફએસએલમાં મોકલાઈ છે જોકે હજુ સુધી આ કેસમાં એફએસએલ રિપોર્ટ કે પીએમ રીપોર્ટ કે મોતનું પ્રાથમીક કારણ સામે આવ્યું નથી.

આ ઘટના બનતા જ આર્થિક ગુના નિવારણ શાખાનાં સ્ટાફમાં સોંપો પડી ગયો છે. આશરે આઠેક પોલીસ ઈન્સ્પેકટરો, એસીપી, ડીસીપી સહીતનાં લોકો ફરજ બજાવે છે. ત્યારે આ ઘટના બનતા જ કેટલાંક પીઆઈની સાથે સ્ટાફ તથા એસીપી રજા પર ઉતરી જતા નિવેદનથી બચવા રજા પર ઉતરી ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે વર્ષ ૨૦૨૦ માં પીઆઈ ખાચર અને ડો.વૈશાલી ઈન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવ્યા હતા.

## આજનું ચિંતન



### દરેક તકલીફ આગળ વધવાની તક લઈને આવે છે

કુંભારના નીંભાડામાં તૈયાર થયેલ ઘડાની સામે પ્રજવલિત બનતી આગ, ઘડાને મજબુત બની જવાની તક લઈને આવી હોય છે. ઘડો જો એ તક ઝડપી લે છે તો ન્યાલ થઈ જાય છે અને ઘડો જો એ તક ચૂકી જાય છે તો બેહાલ થઈ જાય છે.

તકલીફ મનની આ છે કે એને દરેક અનુકૂળતામાં ઉપવનનાં જ દર્શન થાય છે અને દરેક તકલીફમાં એને વનનાં જ દર્શન થાય છે.

પણ વાસ્તવિકતા અલગ છે.

આ જગતમાં સંખ્યાબંધ અનુકૂળતાઓ એવી છે કે જેનો સ્વીકાર જીવન માટે આફતરૂપ બની રહે છે. તો આ જગતમાં સંખ્યાબંધ તકલીફો એવી પણ છે કે જેનો સ્વીકાર જીવન માટે વરદાનરૂપ બની રહે છે.

રૂપવતી યુવતીને રાતના બાર વાગે ગુંડાની ગલીમાં જવાની અનુકુળતા મળી જાય અને એ અનુકુળતાનો એ સ્વીકાર કરી લે તો એના શીલનું થાય શું ?

એક કરોડની વીંટી આંગળીમાં પહેરી હોય એ પહેરીને ગુંડાની ગલીમાં જવા તૈયાર બની ગયેલ યુવક ઘરથી બહાર નીકળતા જ ખાડામાં પડી જાય અને એના કારણે એને પાછા ઘરે આવવું પડે તો એ આવેલ તકલીફ એને માટે વરદાનરૂપ જ પુરવાર થાય ને ?

સંદેશ સ્પષ્ટ છે. તકલીફની આગ જયારે પણ આવે, સુવર્ણ બનીને એમાં કૂદી જ પડજે. વિશુદ્ધ બની જઇશ.

– પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.
('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)

## સુવિચાર

**અન્ય સાથે પોતાની તુલના કરીને દુઃખી થવા કરતા પોતાની જાત સાથે જ તુલના કરીને પ્રસન્ન રહો**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ફાગણ સુદ-૨, તા.૧૨/૩/૨૪, મંગળવાર

સૂર્યોદય : ૭-૦૩, સૂર્યાસ્ત : ૬-૫૩, જૈન નવકારશી : ૭.૪૮
રાશિ : મીન (દ.ચ.ઝ.થ.) ૨૦.૨૦થી મેષ (અ.લ.ઈ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-કુંભ, મંગળ-મકર, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-મેષ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-કુંભ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મીન

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** નોકરીમાં બદલીની ઈચ્છા ફળે, સામાજિક કાર્યમાં અનુકુળતા વડીલોપાર્જીત મિલ્કતના પ્રશ્નોમાં લાભ રહેવાનો.

**વૃષભ :** આવક વધારવાના પ્રયત્નો ફળે, વિદેશ જવાની તક માટે સારો દિવસ, માતુશ્રીનો સહકાર સારો રહે.

**મિથુન :** લખાણ દસ્તાવેજોના કાર્યોમાં અનુકુળતા રહેશે, નોકરીમાં ચીવટ રાખવી, યાત્રા પ્રવાસથી લાભ.

**કર્ક :** અંધશ્રધ્ધાથી દુર રહેજો, તમારા કાર્યોમાં ધ્યાન આપો, નોકરીમાં બદલીની શકયતાઓ, પ્રમોશનના ચાન્સ.

**સિંહ :** વધુ પડતો કાર્યભાર ટાળજો, કર્મચારી વર્ગને સહકાર દેવો, શેર સટામાં સાવધાની રાખવી.

**કન્યા :** આત્મવિશ્વાસ એ જ તમારી સફળતા છે, નોકરીમાં લાભ, સીઝનલ ધંધામાં અનુકુળતા રહે, ધાર્મિક કાર્ય થાય.

**તુલા :** આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે, બેન્કના કાર્યમાં સફળતા મળવાની, કોમ્પ્યુટર જેવી લાઈનમાં અનુકુળતા રહે.

**વૃશ્ચિક :** કસોટીનો સામનો કરવો પડશે પણ જીત તમારી જ થશે, તમારા કાર્યોને ઈમાનદારીપૂર્વક વળગી રહેજો, પ્રવાસ થાય.

**ધન :** મહેનતનું ફળ મળવાનું છે, રાજકીય ક્ષેત્ર અનુકુળતા રહેવાની, તમારી કાર્ય લોકોને માન છે, તેનો તમનો ખ્યાલ આવશે.

**મકર :** ફરજોને તમો ઈમાનદારીપૂર્વક જણાવો છો, તેનો લાભ મળવાનો, તમારામાત્રથી ઘણા લોકો કંઈક શીખે છે.


**કુંભ :** વ્યવહારૂ અભિગમ અપનાવો છો, તે તમારા લાભમાં છે, વિદેશ સાથેના વ્યવસાયમાં અનુકુળતાઓ તમો ઉભી કરવાના.

**મીન :** આર્થિક વિકાસની તક માટે વધુ મહેનત કરવી પડશે, ભાઈ- બહેનો સાથે સુમેળ રાખવો, સરકારી કાર્યોમાં જાળવવું.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



▪ માધવી નરેશ શાહ



### આડી ચાવી

૧. સુભાષચંદ્ર બોઝની સેના (૭)
૬. ...ગયા, લિસોટા રહ્યા (૨)
૮. સિનિયર, મોટા, વૃધ્ધ (૩)
૯. મેયર (૫)
૧૧. ચોઇસ (૩)
૧૪. ચાંદીથી તોળવું (૫)
૧૭. આકાર, સાઇઝ (૨)
૧૯. કોન્ટ્રાકટ (૩)
૨૦. પટેલોની એક અટક (૫)
૨૨. ...કુમાર, ...કપુર (૨)
૨૩. દુ:ખ, પીડા (૨)
૨૫. કસાઇવાડામાં કામ કરનાર (૩)
૨૭. એક અટક (૩)
૨૮. હુંફાળી ચાદર (૨)
૩૦. શરીરનું એક અંગ (૩)
૩૧. વાંદરા જેવા ધીંગામસ્તી (૫)
૩૩. સુરતનો એક બીચ (૩)
૩૪. બિલ્ડીંગ, મકાન (૪)

### ઉભી ચાવી

૧. વેલકમ (૪)
૨. ...ઝાંખરા (૨)
૩. નર્મદના સમકાલીન કવિ (૬)
૪. ટેલિ ..., સ્માર્ટ ... (૨)
૫. ...જાહેર ...મશહુર (૨)
૬. આડી ચાવી નં. ૬ મુજબ (૨)
૭. હસબંડ (૨)
૧૦. કેન્સલ (૨)
૧૨. એક વાદ્ય (૩)
૧૩. લાદ ઉંધુ લખો (૨)
૧૫. જગ્ગુભાઇ, કનકરાયનું સંક્ષિપ્ત (૨)
૧૬. દિમાગ, બ્રેઇન (૩)
૧૭. લગ્ન પ્રસંગે દિકરીને અપાય (૫)
૧૮. ...ડાકણને ખાય (૨)
૨૦. ધર્મશાળા (૩)
૨૧. દરિયો ખેડનાર (૫)
૨૪. આનંદપ્રમોદ (૨)
૨૬. ઝાડુ (૪)
૨૮. મુખ મેં ...બગલ મેં છૂરી (૨)
૨૯. સવાઇ-ઉંધુ લખો (૩)
૩૦. એક વાસણ (૩)
૩૨. ચાર વત્તા ત્રણ (૨)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યો | ગી | આ | દિ | ત્ય | ના | થ | | રા | જા | ર | વિ | વ | ર્મા | |
| ગી | | પા | પા | | ના | ડ | | જ | | | ત | ખા | | અં |
| તા | | ગી | વ | | | | ના | ના | પા | ટે | ક | ર | | દ |
| બા | | ગા | લી | ગ | લો | ચ | | થ | | | | | બા | ર |
| લી | | ની | | | | લ | | સિં | ગ | લ | | સૈ | લા | બ |
| | મો | જ | | અ | મિ | ત | શા | હ | | | પ્રા | | | હા |
| સો | | ગા | જ | ર | | | કા | | મા | ન | સ | રો | વ | ર |
| ન | બા | | | મા | જી | | લ | ક્ષ્મ | ણ | | | | | |
| પ | રા | ચા | ધ | ન | | બો | | | સ | લ | મા | ન | ખા | ન |
| રી | ત | | | કો | ઈ | મ્બ | તુ | ર | | | | ટ | | |
| | | સ | ર | હ | દ | | | વિ | શા | લ | દે | વ | ગ | ણ |
| પા | પ | | | લી | ગા | મે | ન્ટ | | મ | ગ | | ર | | |
| સ | ગે | વ | ગે | | હ | મ | | | ળા | | ગ | | ખ | ત |
| વ | | | રે | ત | | સા | | અ | જી | તા | ભ | બ | ચ્ચ | ન |
| ન | ટ | | જ | લ | તા | બ | દ | ન | | પ | રૂ | | ર | |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

**લોકસભા ચૂંટણીની જાહેરાત પૂર્વેના આખરી ત્રણ કે ચાર દિવસમાં ઉમેદવારો પસંદ કરવામાં રાજકીય પક્ષોની દોટ**

# આજે દિલ્હીમાં ભાજપ-કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક : ઉમેદવારોની મોટી યાદી જાહેર થવાની તૈયારી

**ભાજપે ૧૯૫ બેઠકોના ઉમેદવાર જાહેર કર્યા છે જયારે કોંગ્રેસ હજુ ૩૯ પર જ અટકી છે : ગુજરાતના ૧૧ નામો પર આજે દિલ્હીમાં ટીક લાગે તેવી શકયતા : કોંગ્રેસે રાજયની ૨૪ સહિત તમામ મોટા રાજયોના ઉમેદવારો જાહેર કરવા મેરેથોન કરવી પડશે**

**કાલે વડાપ્રધાનની ગુજરાત યાત્રા બાદ મોડી સાંજે ઉમેદવારો જાહેર થાય તેવી શકયતા : રાહુલ ગાંધીએ ચૂંટણી સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે યાત્રા ટુંકાવી દિલ્હી પહોંચી ગયા : અન્ય પક્ષો પણ હવે આખરી ઘડીની સ્પર્ધામાં**

નવી દિલ્હી, તા. ૧૧

આગામી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ બની છે અને આજે ભારતીય જનતા પક્ષની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક ફરી એક વખત મળશે અને તેમાં ગુજરાતની ૧૧ સહિતની દેશની બાકીની ૨૦૦ બેઠકો માટે ભાજપ ઉમેદવારોની પસંદગી કરે તેવી શકયતા છે. આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવી રહ્યા છે અને તેમની વિદાય બાદ ગુજરાતના નામોની જાહેરાત થાય તેવી ધારણા છે ખાસ કરીને જે રીતે વિપક્ષ દ્વારા આખરી ઘડીના ગઠબંધનો અને ઉમેદવારોની જાહેરાત થઇ રહી છે તે વચ્ચે હવે ભાજપ પર સૌની મીટ છે પક્ષે મહારાષ્ટ્ર, ઓડિસા, આંધ્રપ્રદેશ, બિહાર, કર્ણાટક, હરિયાણામાં તેના સાથી પક્ષો સાથે બેઠક સમજુતી કરી લીધા હોવાના સંકેત છે. જોકે મહારાષ્ટ્ર હજુ કોકડુ ગુચવાયું છે પરંતુ તે પણ આજે સાંજ સુધીમાં ઉકેલી લેવાશે અને તેમાં નામોની પસંદગી પણ થઇ જશે. ભાજપે ૩૭૦ બેઠકોનો ટાર્ગેટ રાખ્યો છે અને પક્ષ દ્વારા હજુ ૧૯૫ બેઠકોના ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. ખાસ કરીને અનેક કેન્દ્રીય મંત્રીઓના ભાવિ અનિશ્ચિત છે. પક્ષ દ્વારા હવે આખરી નિર્ણય લેવાશે તેવા સંકેત છે. બીજી તરફ વિપક્ષોમાં કોંગ્રેસે અત્યાર સુધીમાં ફક્ત ૩૯ બેઠકોના ઉમેદવારો જાહેર કર્યા છે અને આ પક્ષની પણ કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક દિલ્હીમાં મળશે. ગઇકાલ સુધી ગુજરાતમાં ભારત જોડો ન્યાય યાત્રામાં વ્યસ્ત રાહુલ ગાંધીએ આજે એક દિવસનો વિરામ લીધો છે અને તેઓ દિલ્હીમાં પક્ષની ચૂંટણી સમિતિની બેઠકમાં હાજરી આપશે તેવા સંકેત છે. ખાસ કરીને પક્ષે કર્ણાટક, રાજસ્થાન, છત્તીસગઢ, હરિયાણા, તામિલનાડુ અને મધ્યપ્રદેશ તેમજ ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતના તમામ મોટા રાજયોમાં તેના ઉમેદવારો નકકી કરવાના બાકી છે જે ૩૯ ઉમેદવારો જાહેર કર્યા છે તેમાંથી ૧૬ કેરળમાંથી છે, ૭ કર્ણાટક, ૬ છતીસગઢ અને ૪ તેલંગણામાંથી છે. તામિલનાડુમાં તેણે ડીએમકે સાથે ચૂંટણી સમજુતી કરી લીધી છે અને હવે જે રીતે ચૂંટણી જાહેર થવામાં દિવસો ગણાય રહ્યા છે તે સમયે કોંગ્રેસ પક્ષે તેના ઉમેદવારો જાહેર કરવામાં ઝડપ દર્શાવવી પડશે તે નિશ્ચિત બની ગયું છે. અન્ય રાજયોમાં પણ વિપક્ષોએ તેના ઉમેદવારો હજુ મોટા ભાગે જાહેર કર્યા નથી અને તે સ્થિતિમાં ચૂંટણી જાહેર થયા બાદ પણ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલુ રહેશે તેવું માનવામાં આવે છે.

## સૌરાષ્ટ્રની ૪ સહિત ગુજરાતની ૧૧ બેઠકો માટે ભાજપમાં જબરી સ્પર્ધા : સીટીંગ સાંસદો ઉચાટમાં

**પક્ષે પ્રથમ યાદીમાં ૧૫માંથી પાંચને કાપ્યા હોવાથી તે રેશીયો બાકીની યાદીમાં પણ જળવાશે ? મહિલાઓમાં કેટલાને ટીકીટ : અમરેલીના આગેવાન પુરૂષોતમ રૂપાલાને રાજકોટના ઉમેદવાર બનાવાયા હોવાથી આ ક્ષેત્રમાં કોઇ બહારીને પણ તક : ભાવનગરમાં 'આપ'ના ઉમેદવારના જોર સામે ટકી શકે તેવા મજબુત ઉમેદવાર ગોતવા પડશે**

રાજકોટ, તા. ૧૧

આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપના ઉમેદવારોની આજે પસંદગી થનાર છે. ગુજરાતની બાકી રહેલી ૧૧ બેઠકો માટે પણ ભાજપ હવે કોને પસંદ કરશે તેના પર સૌની મીટ છે પ્રથમ તબકકામાં ૧૫ બેઠકોમાંથી પાંચ સીટીંગ સાંસદોને પડતા મૂકવામાં આવ્યા હતા અને તેથી હવે બાકીની ૧૧ બેઠકોમાં કોનો ચાન્સ લાગે છે તેના પર મીટ છે. જે બેઠકોના ઉમેદવાર જાહેર થવાના છે. જુનાગઢ, ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલીનો સમાવેશ થાય છે. જયારે અમદાવાદ પૂર્વ, વડોદરા, સુરત, મહેસાણા, વલસાડ, છોટા ઉદેપુર અને સાબરકાંઠાના ઉમેદવાર નિશ્ચિત થશે. સૌરાષ્ટ્રમાં કેન્દ્રીય મંત્રી મહેન્દ્રભાઇ મુંજપરાને પક્ષ ફરી ટીકીટ આપે છે કે કેમ તેના પર નજર છે. તેની સામે આ બેઠક પર કોળી સમાજના કોઇ અન્ય ઉમેદવારને તક મળશે તેવી અટકળો છે. જેમાં અનેક નામો પણ સંભળાઇ રહ્યા છે. આ બેઠકમાં કુંવરજીભાઇ બાવળીયાનું સૂચન મહત્વનું બની રહેશે. જુનાગઢ બેઠકમાં પક્ષના વર્તમાન સાંસદ રાજેશ ચુડાસમા પણ કોળી સમાજમાંથી આવે છે અને ભાવનગરમાં પણ ભાજપને કોળી અથવા ક્ષત્રિય સમાજમાંથી ઉમેદવાર પસંદ કરવાના રહેશે. આમ ત્રણ બેઠકોમાં પક્ષ બે કોળી સમુદાય અને એક ક્ષત્રિય સમુદાયને ફાળવે તેવી ધારણા છે. ભાવનગર માટે સૌથી વધુ કસ્મકસ દેખાઇ રહી છે. જયાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશભાઇ મકવાણાએ લાંબા સમયથી પોતાનો પ્રચાર શરૂ કરી દીધો છે અને તેઓ કોળી સમુદાયમાંથી આવે છે. બોટાદના ધારાસભ્ય તરીકેની તેની કામગીરી પણ આસપાસના વિસતારોમાં અસર કરી રહી છે અને તેથી ભાજપ આ બેઠક પર મહિલા સાંસદ અને પક્ષના સંગઠનના પદાધિકારી ડો.ભારતીબેન શિયાળને ફરી અજમાવે છે કે કેમ તેના પર નજર છે. જોકે એક નામમાં રાજુલાના ધાસરાભ્ય હીરાભાઇ સોલંકીની ચર્ચા છે. જયારે વિકલ્પમાં રાજયના મંત્રી પુરૂષોતમ સોલંકીના પુત્રી દિપા સોલંકી ઉપરાંત નીમુબેન બાંભણીયા કે જેઓ પૂર્વ મેયર છે. તે ઉપરાંત પૂર્વ ધારાસભ્ય ભાવનાબેન મકવાણા અને જો આશ્ચર્ય સર્જાય તો વડાપ્રધાનની નજીક રહેલા બાબુભાઇ જેબલીયાનું નામ ચર્ચામાં છે. અમરેલી બેઠક માટે પક્ષ પાટીદાર સમુદાય માટે કોઇને પસંદ કરી શકે છે. સુત્રોના જણાવ્યા મુજબ આ બેઠક લડવા માટે છેક સુરતથી પણ જબરૂ લોબીંગ થઇ રહ્યું છે. તે સમયે આ જિલ્લાના એક નેતા પરસોતમભાઇ રૂપાલાને રાજકોટ સંસદીય મત વિસ્તારમાં ચૂંટણી લડાવતા હવે અમરેલીમાં કોઇ બહારના ચહેરાને પણ ટીકીટ આપે તો શકયતા નકારાતી નથી. જયારે સુરતમાં વર્તમાન સાંસદ દર્શનાબેન જરદોશ ઉપરાંત પૂર્વ મેયર હેમાલીબેન બોઘાવાલા ભાજપ પ્રમુખ નીતિનભાઇ ભજીયાવાલા, રણજીતભાઇ ગીલીટવાલા, પૂર્વ ધારાસભ્ય ઝંખનાબેન પટેલે દાવેદારી કરી છે. મહેસાણામાં પૂર્વ મંત્રી રજની પટેલ સૌથી ફેવરીટ ગણાય છે. ઉમીયા ધામના અનેક અગ્રણીઓ પણ ચૂંટણી લડવા આતુર છે તે સમયે કે.સી.પટેલ પોતાની ટીકીટ બચાવી શકે કે કેમ તે પ્રશ્ન છે. આ બેઠક ઉપર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પોતાની ઉમેદવારી પાછી ખેંચવી પડે તે દર્શાવે છે પક્ષે ઉમેદવારી નકકી કરી લીધી છે. વડોદરામાં વર્તમાન સાંસદ રંજનબેન ભટ્ટ મુખ્ય દાવેદાર છે. વલસાડ અને છોટા ઉદેપુરમાં પણ જબરી કસ્મકસ છે.

**મહેસાણા સહિતની ગુજરાત વિસ્તારની બેઠકોમાં પણ અનેક દાવેદારો મહેસાણા, વડોદરા, સુરતમાં જબરી ટકકર : ત્રીજી વખત ચૂંટણી લડવા માંગતા સાંસદો માટે કદાચ વિદાય જેવી સ્થિતિ : મુખ્યમંત્રી તથા પ્રદેશ પ્રમુખે દિલ્હીમાં રીપોર્ટીંગ કરી દીધુ**

**ઉપલેટા વિસ્તારમાં ધારાસભ્ય સામે વિરોધનો વંટોળ**

## ધારાસભ્ય પાડલીયાના વોટસએપ નંબર પરથી હાર્દિક પટેલનો જુનો વીડીયો વાયરલ થતા રાજકારણ ઘગ્યુ

**રસ્તાના મુદ્દે ભોલગામડાની મહિલાઓ દ્વારા આંદોલનઃ ગાંધીનગર સુધી પડઘા**

(કૃષ્ણકાંત ચોટાઈ દ્વારા)

ઉપલેટા,તા.૧૧

ઉપલેટાના વિવાદિત ધારાસભ્ય મહેન્દ્ર પાડેલીયા સામે ખાસ કરી બંને તાલુકાના ગામડાઓમાં દિવસે દિવસે વિરોધ વધતો જાય છે એક વ્યક્તિએ પોતાનો વિડીયો વાયરલ કરી જ્ઞાતિના કામ કરવા છે વિકાસના કામ કરવા નથી કેમ કરી હૈયા વરાછાલવી હતી બીજા એક વિવાદિત વીડિયોમાં પાડેલીયા એ ટેલીફોનિક વાતચીતમાં એક આગેવાનને ધોરાજી ગ્રામ્યના રસ્તા બાબતે હું કોઈનો પટાવાળો નથી અને રસ્તા ક્યારે બનશે એ ખબર નથી આવું તોછડું વર્તન કરતા ભારે રોષ ઉભો થવા પામ્યો છે એ પહેલા ધારાસભ્ય પાડલીયાના વોટએપ નંબર ઉપરથી હાર્દિક પટેલનો જુનો વિડીયો વાયરલ થયો છે પ્રિન્સિપાલ અને કુલપતિ દરજ્જના માણસનાં મોબાઇલ કંઈ રેઢા ન પડ્યાં હોય તે કોઈ અજાણ્યા માણસો તેમનો મોબાઈલ વાપરે આ તો તેમની ગેર માર્ગે દોરવાની વાત છે અને બાકી હતુ તે હવે ધોરાજીના ભોલ ગામડાની મહિલાઓ બિમાર રોડ રસ્તા બાબતે રસ્તા રોકો આંદોલન કરી ધારાસભ્ય સામે ઠાલવ્યો અને ધોરાજી થી પોલીસ દોડી આવી અને મહિલા ઓને સમજાવી રસ્તો ચાલુ કરાવ્ય ઉપરોક્ત બાબતે શહેર કોંગ્રેસ પ્રમુખ કૃષ્ણકાંત ચોટાઇએ એક નીવેદનમા જણાવેલ છે કે ધોરાજી ઉપલેટા તાલુકાના ગામડાઓમાં વર્તમાન ધારાસભ્યની નિષ્ક્રિયતા ને કારણે પીવાના પાણી રસ્તા સહિતના જરૂરી કામો થતા નથી ધારાસભ્યને લોકો રજૂઆતો કરે પણ તેનો કોઈ ઉકેલ આવતો નથી દિવસે દિવસે ધારાસભ્ય સામે ખાસ કરી ગામડાઓમાં રોષ વધતો જાય છે ત્યારે તેના પડઘા આગામી લોકસભાની ચૂંટણીમાં ચોક્કસ પડશે જાણવા મળ્યા મુજબ ગ્રામ્ય વિસ્તારના કેટલાક આગેવાનોએ રોડ રસ્તા પીવાના પાણી સહિતની જરૂરી બાબતે ધારાસભ્યના આવા વર્તન સામે ઠેઠ ગાંધીનગર સુધી રજૂઆતો કરેલ છે અને ગામડાના કેટલા આગેવાનોએ તેમના કામ બાબતે પૂર્વ સાંસદ હરિભાઈ પટેલ ને પણ રજૂઆત કર્યાનું જાણવા મળેલ છે.





**ધોરાજીમાં બોર્ડના વિદ્યાર્થીઓનું કુમકુમ તિલકથી સ્વાગત**

ધોરાજી ખાતે ધો.૧૦ અને ૧૨મી પરીક્ષાનો પ્રારંભ થતા આજે પ્રથમ દિવસે પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓનું કુમકુમ તિલકથી સ્વાગત કરી તેઓના મોં મીઠા કરાવી સ્વાગત કરવામાં આવેલ હતું. આ પ્રસંગે શિક્ષકો-વાલીઓએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## થાનગઢમાં નિવૃત પીએસઆઈના મકાનમાંથી ૩.૮૭ લાખની ચોરી

**પરિવાર સાથે પ્રસંગમાં ગયા હતાંઃ નાઈટ પેટ્રોલીંગના દાવા વચ્ચે તસ્કરોનો તરખાટ**

ચોટીલા,તા.૧૧

સુરેન્દ્રનગર જીલ્લામા કાયદો વ્યવસ્થા સામે અનેક સવાલો સર્જાયાં છે ત્યારે સિરામિક નગર થાનગઢમાં રહેતા નિવૃત પીએસઆઇ પરિવાર સાથે બહાર ગામ ગયેલ અને બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ત્રણ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી જતા તસ્કર ટોળકીનો ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ થાનગઢનાં ધોળેશ્વર પ્લોટ ખાતે રહેતા નિવૃત વાયરલેસ પીએસઆઈ સમીરભાઇ દિવ્યકાંતભાઇ મુનશી ગત તા. ૭/૩/૨૪નાં બપોરે તેમની પત્ની અલ્કાબેન સાથે શિવરાત્રી નિમિત્તે ઘરને તાળુ મારી પાટણ ખાતે મહોત્સવમાં ગયેલા અને ત્યાંથી પરત અમદાવાદ ખાતે સંબંધી પરિવારમાં જન્મ દિવસ ઉજવીને તા. ૧૦/૩ ના પરત થાનગઢ આવતા મકાન





ખોલતા ઓસરીના રૂમના દરવાજાનું તાળું જોવા નહીં મળતા અજુગતું જણાતા ખોલીને જોતા કબાટ સરસામાન વેર વિખેર પડેલ હતો અને કોઇ અજાણ્યા ચોર ઇસમોએ તેમના બંધ મકાનને ટાર્ગેટ બનાવી બંન્ને રૂમમાં રહેલા કબાટ રફેદફે કરી ત્રણ દિવસ દરમિયાન કોઇ પણ સમયે મકાનમાં પ્રવેશી ચોરી કરેલ હોવાની પોલીસને જાણ કરતા સ્થાનિક પોલીસ દોડી આવેલ હતી

અજાણ્યાં તસ્કરોએ આ બંધ મકાનમાંથી સોનાના પેંડલ, બુટ્ટી સેટ, વીટી, બ્રેસલેટ, ચુડી, ચાંદિનો પ્યાલો, બંગડીઓ, લગડી, મૂર્તિ સહિતનાં દાગીનાં તેમજ પર્સ અને પૂજા રૂમમાં રહેલ રોકડ રોકડા રૂ. ૪૫.૦૦૦ તેમજ સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૩.૮૭.૭૦૦ ની ચોરી કરી ગયાની ફરિયાદ આપેલ છે.

થાનગઢમાં નિવૃત પીએસઆઈ ના મકાનમાં પોણા ચાર લાખ થી વધુની ચોરીનો બનાવ બનતા લોકોમાં તસ્કરોનો ફફડાટ ફેલાયો છે તેમજ છાસવારે બનતી આવી ઘટનાઓ પાછળ નાઇટ ડયુટી ખાલી કાગળ ઉપર રહેતી હોવાની ચર્ચા સાથે લોકો કડક પેટ્રોલીંગ ઇચ્છી રહ્યા છે.

હાલ થાનગઢ પોલીસ માટે નિવૃત પોલીસ પરિવારનાં ઘરે તસ્કરોનાં પરોણા નો બનાવ પડકારજનક બન્યો છે.

## જાફરાબાદનાં ટીંબી ગામે ભાઈના હાથે ભાઈની હત્યા

**મોટા ભાઈએ બાઈક નહીં આપતા નીચે પછાડી નાનો ભાઈ છાતી પર બેસી જતા શ્વાસ રૂંધાતા મોત**

(મિલાપ રૂપારેલ)

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાં રહેતા નરસિંહભાઈ સરવૈયા અને તેમના સગા





નાના ભાઇ હરજીભાઈ સરવૈયા વચ્ચે ગત તા.૮/૩ ના રોજ સાંજે ૭/૩૦ દરમ્યાન ટીંબી ગામે સામાન્ય બાબતે મારામારીનો બનાવ બન્યો હતો. જેમાં આરોપી હરજીભાઈ દ્વારા તેમના સગા મોટાભાઈ નરસિંહભાઈ પાસે બાઇક માંગતા નહિ આપવાના મનદુઃખ રાખી મૂંઢ માર માર્યો અને પકડી જમીનમાં નીચે ભટકાવતા છુટા-હાથની મારામારી કરતા નરસિંહભાઈ પડી ગયેલ અને આરોપી હરજીભાઈ મૃતક નરસિંહભાઈની છાતી ઉપર ચડી અને બેસી ગયેલ હોય જેના કારણે નરસિંહભાઈનો શ્વાસ રૂંધાઇ જવાથી મોત થયું.

જ્યારે આ ઘટના બાદ મૃતકની લાશ ભાવનગર ફોરેન્સિક રિપોર્ટમાં મોકલતા રિપોટમાં માથાના ભાગે ઇજાઓ થયાનું આવતા નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં આરોપી સગા નાના ભાઈ સામે ૩૦૨ મુજબ હત્યાનો ગુન્હો નોંધાતા ચકચાર મચી ગઇ હતી. ઘટનાને પગલે ડી.વાય.એસ.પી. સહિત ઘટના સ્થળે દોડી નાગેશ્રી પી.એસ.આઈ.પલાસ સહિત અધિકારીઓ દ્વારા અલગ અલગ ટીમો બનાવતા આરોપી હરજીભાઈ ડાયાભાઈ સરવૈયાને ગણતરીની કલાકોમાં દબોચી લીધો અને કાર્યાવહી શરૂ કરવામાં આવી હતી.

નાગેશ્રી પોલીસએ આરોપીની ધરપકડ કરી આરોપીની પૂછપરછ શરૂ કરવામાં આવતા અને ફરિયાદની હકીકત માહિતીના પ્રમાણે બંને સગા ભાઈ છે. બાઇકની સામાન્ય તકરારમાં મામલો હત્યા સુધી પહોંચી જતા હવે નાગેશ્રી પોલીસ દ્વારા ઊંડાણ પૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટનામા અન્ય કોઈ કારણ છે કે કેમ? તે દિશામાં પણ પોલીસએ વધુ તપાસ હાથ ધરી છે હાલ આરોપી પોલીસ ગિરફમાં આવી ગયો છે અને સામાન્ય બાબતની મારમારીમા ભાઈના હાથે જ ભાઈની હત્યા થઈ છે અને એક ભાઈએ જીવ ગુમાવ્યો તો બીજા ભાઈ હવે જેલના સળિયા પાછળ ધકેલાયા છે.

## વડાપ્રધાન મોદી કાલે ગુજરાતમાંઃ ૮૫૦૦૦ કરોડના પ્રોજેકટનુ લોકાર્પણ-શિલાન્યાસ

**અમદાવાદમાં અડધા દિવસનો મુકામઃ સાબરમતી આશ્રમનુ ભૂમિપૂજન તથા કોચરબ આશ્રમનું લોકાર્પણ**

**૧૦ નવી વંદેભારતને લીલીઝંડી, ૫૧ ગતિમાન શક્તિ મલ્ટી-મોડલ કાર્ગો ટર્મીનલ્સ, રેલવે સ્ટેશનો પર જનઔષધી કેન્દ્રો સહિતના પ્રોજેકટ સમર્થિત કરશે**

ગાંધીનગરઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ગુજરાતના અડધા દિવસના પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન સાબરમતી નદીના કાંઠે મહાત્મા ગાંધીના આશ્રમના રૂા.૧૨૦૦ કરોડના ખર્ચે સ્મારક નિર્માણ અને આશ્રમ સંકુલના નવનિર્માણ પ્રોજેકટનું ભૂમિપૂજન કરશે. એની સાથે પુનઃ વિકસીત કોચરબ આશ્રમનું લોકાર્પણ કરશે. વડાપ્રધાન સાબરમતી ડી કેબીન ખાતે વેસ્ટર્ન ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરના ઓપરેશન કમાન્ડ સેન્ટરનું લોકાર્પણ કરવા સાથે દેશના વિવિધ ભાગોમાં રેલવે ટ્રેન, કોચ, કોરિડોર, સોલરના અંદાજે રૂા.૮૫૦૦૦ કરોડના પ્રોજેકટસના લોકાર્પણ, ખાતમુર્હુત કરશે. વડાપ્રધાન અમદાવાદથી સીધા રાજસ્થાનના પ્રવાસે જશે.



૧૨ માર્ચને દાંડી કૂચ દિને વડાપ્રધાન સવારે નવી દિલ્હીથી સીધા અમદાવાદ આવશે. અમદાવાદ એરપોર્ટથી વડાપ્રધાન સીધા સાબરમતી ડી કેબિન ખાતે પહોંચશે. જયાં વેસ્ટર્ન ડીએફસીના ઓપરેશન કમાન્ડ સેન્ટરનું લોકાર્પણ કરી નિરીક્ષણ કરશે. અહીંથી જ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સહિત ૧૦ વંદેભારત ટ્રેનને લીલીઝંડી ફરકાવશે.

આ ઉપરાંત રેલવે કાર્યશાળાઓ, પિટ લાઈન કોચીંગ ડેપોના શિલાન્યાસ કરશે. આ જ રીતે ચાર વંદેભારત ટ્રેનના વિસ્તરણને લીલીઝંડી આપશે. જેમાં અમદાવાદ-જામનગર વંદેભારત દ્વારકા, અજમેર-દિલ્હી સુધી છે. તેનો પણ સમાવેશ થાય છે. જયારે આસનસોલ અને હટિયા અને તિરુપતિ અને કોલ્લમ સ્ટેશનો વચ્ચે બે નવી પેસેન્જર ટ્રેનોને પણ ઝંડી ફરકાવશે. એ જ રીતે રેલવે સ્ટેશનો પર ૫૦ પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી કેન્દ્રો દેશને સમર્પિત કરશે.

પીએમ દેશને ૫૧ ગતિમાન શક્તિ મલ્ટી-મોડલ કાર્ગો ટર્મિનલ્સ, વિવિધ ૮૦ વિભાગોમાં ૧૦૪૫ આરકેએમ ઓટોમેટિક સિગ્નલિંગ, ૨૬૪૬ સ્ટેશનો પર રેલવે સ્ટેશનોનું ડિજીટલ કન્ટ્રોલિંગ રાષ્ટ્રને પણ સમર્પિત કરશે.


**મિલ્કત ખરીદ કરવા અંગેની જાહેર નોટીસ**

**રાજકોટ શહેરમાં પ્રહલાદ પ્લોટ શેરી નં. ૩૨માં આવેલ 'સંતોક નિવાસ' મકાન જેના સીટી સર્વે વોર્ડ નં.૪, સીટી સર્વે નં.૪૫૨થી ૪૫૪ની જમીન આ.ચો.વા. ૧૨૭-૦૦ ઉપર આવેલ મકાન**

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાઓને જાણ કરવાની કે, રાજકોટ શહેરમાં પ્રહલાદ પ્લોટ શેરી નં.૩૨માં 'સંતોક નિવાસ' તરીકે ઓળખાતા મકાન જેના સીટી સર્વે વોર્ડ નં.૪, સીટી સર્વે નં.૪૫૨, ૪૫૩, ૪૫૪ની જમીન આ.ચો.વા. ૧૨૭-૦૦ ઉપર આવેલ મકાન જે નિલેશભાઇ અજયભાઇ ગોહેલ એ વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૫૨૯૩, તા. ૨૪/૦૭/૨૦૧૪ના રોજથી નંદકિશોર વસનજીભાઇ ઠકકર પાસેથી ખરીદ કરેલ છે. અને સદરહુ મકાન નિલેશભાઇ અજયભાઇ ગોહેલનાં નામે અને ખાતે આવેલ છે. જે મકાન તેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

ઉપર્યુકત મિલ્કત મકાનનાં ટાઇટલ માલીકી હકક, કબ્જા હકક, વારસાઇ હકક, ભરણપોષણનાં હકકો અને અન્ય કોઇપણ પ્રકારનાં હકકો બાબતે જો કોઇને કોઇપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે લાગભાગ, હકક, હીત, હિસ્સો, જમીન કપાત, દરદાવો, કોર્ટ કેસ, ગીરો, કરજ, બોજો, જામીનગીરી હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭માં નીચેના સરનામે આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત દરમ્યાન કોઇનો વાંધો તકરાર નહીં આવે તો કોઇને વાંધો કે તકરાર નથી અને જો હોય તો સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ સદરહુ મિલ્કત મકાન ખરીદ કરવા અંગેની તમામ કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે અને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા.૧૧-૦૩-૨૦૨૪ (નિલેશભાઇ અજયભાઇ ગોહેલ)

**રાજેશ એમ. ફળદુ** એડવોકેટ | **ચિંતન વી. સોજીત્રા** એડવોકેટ

લો સ્પેસ, પ્રથમ માળે, જગદીશન માર્ગ શેરી નં.૫, ઈન્દિરા સર્કલ પાસે, ૨-જલારામ, યુનિ. રોડ, રાજકોટ-૩૬૦૦૦૭ મોબાઈલ નં. ૯૫૫૮૮ ૧૧૧૦૦

**જાહેર નોટીસ**

તે આ નોટીસની જાહેર પ્રસિધ્ધિ કરીને જાહેર જનતાને જણાવવાનું કે મારા અસીલ શ્રી હરસદભાઇ વજેસિંગભાઇએ તેમના પિતાશ્રી વજેસિંગનું તા. ૧૮/૭/૧૯૯૬ના રોજ અવસાન થયેલ હતું તેના મરણનું પ્રમાણપત્ર મેળવવા માટે રાજકોટ શહેર-૧ના નામદાર પ્રાંત અધિકારી સાહેબશ્રી સમક્ષ ફો.પર.અરજી નંબર ૨૦/૨૪થી દાખલ કરેલ છે અને આ અરજી બાબતે જો કોઇ જાહેર જનતાને વાંધો તકરાર હોય તો તેમણે અત્રેની પ્રાંત અધિકારીની કચેરીએ દિન-૩૦માં જાણ કરવી જેની જાહેર જનતાએ નોંધ લેવી અને આ નોટીસની પ્રસિધ્ધિ બાદ કોઇનો વાંધો તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં.

તા. ૧૧/૦૩/૨૦૨૪ રાજકોટ

કોર્ટનો સીકકો

ડ્રાફટેડ બાય એડવોકેટ
પંકજ એમ. જોષી
બી.એ.એલ.એલ.બી.એલ.એલ.એમ.
એડવોકેટ મોબાઈલ : ૯૮૨૫૫ ૩૦૪૮૪

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ધોરાજીની કોર્ટ સમક્ષ**

મહેસુલ સેવા સદન, બીજો માળ, ગેલેકસી ચોક, ધોરાજી-૩૬૦૪૧૦
ઈ-મેઈલ - dycoll-dhor-raj@gujarat.gov.in
ફોન નં. ૦૨૮૨૪-૨૨૬૬૮૧

નં.જન્મ-મરણ/રજી. કેસ નં. ૧૧/૨૦૨૪ તા.૨૮/૦૨/૨૦૨૪

**જાહેર નોટીસ**

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી **શામજીભાઇ અરજણભાઇ રાંક**એ તેમનાં પુત્રીશ્રીનાં જન્મની નોંધ જન્મ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તેઓની અપીલ અરજી મુજબ **તેઓનાં પુત્રીશ્રી નિતુબેન શામજીભાઇ રાંકનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૧**ના રોજ **રાજકોટ** જિલ્લાનાં **જામકંડોરણા** તાલુકાનાં **ચાવંડી** મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઇને વાંધો-તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરના મુખત્યાર મારફત **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ધોરાજી** સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના **દિવસ-૩૦**માં વાંધો-તકરાર રજુ કરી શકે છે. જો કોઇ વાંધા-તકરાર રજુ કરવામાં નહીં આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

કોર્ટનો સીકકો

(જે.એન.લિખિયા)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
ધોરાજી

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને તથા લાગતા વળગતા તમામ ને આ જાહેર નોટીસથી મારા અસીલની સુચના અને ફરમાઈથી જાહેર કરવાનુ કે,:-

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૧૦ પૈકી ૫, તથા ૧૦ પૈકી ૬ ની "શ્રી હરીસાગર પાર્ક" તરીકે ઓળખાતી બીનખેડવાણ તથા ઈમારત બાંધવાની મંજુરી વાળા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૯૭ ની જમીન ચો.મી.આ. ૫૪-૧૪ ઉપર આવેલ ઉભા ઈમલા વાળા રહેણાંક મકાન કે જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૩/૨, સીટી સર્વે નં. ૩૯૪૭/બ/૯૭ છે તે મકાન (૧) યુનુસ ઉમરભાઈ શેખ, તથા (૨) મહમદ હનીફ યુનુસભાઈ શેખ એ રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૨૦૯૭૪, તા.૧૪/૧૧/૨૦૧૧ના રોજ શ્રી કોશિક શાંતિલાલ સાપરીયા પાસેથી ખરીદ કરેલ. ત્યારથી સદરહું મકાન (૧) યુનુસ ઉમરભાઈ શેખ, તથા (૨) મહમદ હનીફ યુનુસભાઈ શેખ ના સંયુકત કબજા, ભોગવટા અને માલીકીનું આવેલ છે.

સદરહું મિલ્કત અંગે ના ઉતરોતર (૧) રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૧૪૧૭, તા.૦૫/૦૯/૨૦૦૯ ના રોજ શ્રી રમેશભાઈ વેલજીભાઈ રામાણી જોગ વેશાલીબેન જસ્મીનભાઈ વડગામા એ કરી આપેલ હતો તે અસલ દસ્તાવેજ તેમજ (૨) રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૬૨૭, તા.૦૪/૦૨/૨૦૦૮ ના રોજ શ્રી વૈશાલીબેન જસ્મીનભાઈ વડગામા જોગ શ્રી બાબુભાઈ વેલાભાઈ દેસાઈના કુલમુખત્યાર શ્રી જીતેન્દ્રભાઈ ઠાકરશીભાઈ વસાણીએ કરી આપેલ હતો તે અસલ દસ્તાવેજ એમ બન્ને અસલ દસ્તાવેજો શરત ચુકથી કયાંક ખોવાઈ ગયેલ છે અથવા તો ગુમ થયેલ છે જેની ઘણી શોધખોળ કરવા છતા મળીઆવેલ નથી.

સદરહું મિલ્કત અન્વયેના ઉપરોકત દર્શાવ્યા મુજબના ઉતરોતર ટાઇટલ ડીડઝ પરત્વે તેમજ સદરહુ મિલ્કત પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો, દરદાવો કે અન્ય કોઈ પણ રીતે વાંધો તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા-તકરાર આવશે નહી તો આ મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતા (WAIVE) કરેલ છે ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે, તો તે અમારા અસીલને બંધન કર્તા રહેશે નહી તેમ સદરહુ મિલ્કતની ના ઉતરોતર દસ્તાવેજોની મેળવેલ ખરી નકલો ને અસલ ફાઈલ તરીકે ગણાશે જેની તમામ લાગતા-વળગતઓએ નોંધ લેવી.

હિરેન ડી. લિંબડ
એડવોકેટ

તા.૧૧/03/૨૦૨૪

અમારા મારફતઃ-
જયેન્દ્ર એચ. ગોંડલીયા, હિરેન ડી. લિંબડ - એડવોકેટસ
ઓફીસ : ૪૦૧, ૪૦૨, શ્રી ગોકુલ કોમ્પલેક્ષ, ચોથો માળ, મોચી બજાર, કોર્ટ બિલ્ડીંગ સામે, રાજકોટ.

અમારી સુચના અનુસાર

સહી (૧) યુનુસ ઉમરભાઈ શેખ | સહી (૨) મહમદ હનીફ યુનુસભાઈ શેખ



## સલાયામાં લઘુરૂદ્ર યોજાયો : પોલીસવડાની શિવભકિત

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે શુક્રવારે મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે પ્રાચીન એવા શ્રી પાળેશ્વર મહાદેવના મંદિર ખાતે લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી વિગેરે જોડાયા હતા અને શિવ ભક્તિ કરી હતી.

# કાલાવડમાં નિર્માણ પામશે જિલ્લાનું સૌ પ્રથમ આધુનિક સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ



**(રાજુ રામોલિયા)** કાલાવડ, તા.૧૧

ગુજરાત સરકાર ના ખેલ અને યુવા સંસ્કુતિ મંત્રાલય દ્વારામાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ના વિકસીત ભારતના સંકલ્પ ને સાકાર કરતા આજની ભાવી પેઢી ને રમત ગમત પ્રત્યે જાગૃત કરવાની નેમ સાથે કાલાવડ ખાતે વાવડી રોડ ઉપર આશરે ૭ કરોડ ના ખર્ચે એક ભવ્ય અને આધુનિક સ્પોર્ટ્સ કોમલેક્ષ નુ નિર્માણ થશે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ નું ખાતમુહરતમાં ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા અને જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રમેશભાઈ મુંગરા અને સામાજિક અગ્રણી ભાનુભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું..

આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી દીલીપ ભાઈ ભોજાણી.અભિષેક પટવા તથા તાલુકા ભાજપ પ્રમુખ સંજયભાઈ ડાંગરિયા, જિલ્લા ઉપપ્રમુખ ગાંડુભાઈ ડાંગરિયા, અગ્રણી કશ્યપભાઈ વૈષ્ણવ.વલ્લભભાઈ સાંગાણી, વલભભાઈ વાગડિયા, ભૂમિત ભાઈ ડોબરીયા, છગનભાઇ સોરઠીયા, મહેશભાઈ સાવલિયા, વિનુભાઈ રાખોલીયા, કનક સિંહ જાડેજા, પી ડી જાડેજા, નરવીજય સિંહ જાડેજા.તથા સામાજિક અગ્રણી જમનભાઈ તારપરા રમત ગમત અધિકારી રમાબેન ઉપસ્થિત રહ્યા હતા અને રમેશભાઈ મુંગરા, મેઘજીભાઈ ચાવડા અને ભાનુભાઈ પટેલે એ પ્રાસંગિક ઉદબોધન કરી રાજ્ય સરકાર ના આ અભિગમ ને આવકર્યો હતો અને માં મંત્રી હર્ષભાઇ સંઘવી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નો આભાર વ્યક્ત કર્યો હતો. કાલાવડ તાલુકાને મળેલ આ અમૂલ્ય સુવિધામાં સાંસદ પૂનમબેન માડમ. અને જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રમેશભાઈ મુગરા અનેધારાસભ્ય શ્રી મેઘજીભાઈ ચાવડા એ વિશેષ જહેમત ઉઠાવી હતી.



(તસ્વીર: રીમલ બગડીયા બોટાદ)

## બોટાદમાં બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા મહાશિવરાત્રી પર્વની ઉજવણી

બોટાદ,તા.૧૧

વિશ્વ રચિયતા, શાંતિના સાગર, કલ્યાણકારી, જયોતિ સ્વરૂપ શિવ પરમાત્માના વિશ્વધરા પર દિવ્ય અવતરણ એટલે મહા શિવરાત્રી.આ પાવન પર્વ અને વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ઘર મંદિર - સ્વર્ગ બને તેવા રાત્રીના કાર્યક્રમનું સુંદર આયોજન પણ કરવામાં આવેલ. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય બોટાદ સેવા કેન્દ્ર દ્વારા ૧૧૧, ૧- રુદ્રાક્ષના શિવલિંગ અને બાર જ્યોતિર્લિંગ દર્શન મેળાનું આયોજન આગાખાન ગર્લ્સ એકેડમી, પાળીયાદ રોડ, બોટાદ ખાતે કરવામાં આવ્યું હતું અને આ મેળાનું શુભ ઉદ્ઘાટન બ્રહ્માકુમારી બોટાદ સેવા સેન્ટરના સંચાલિકા બ્ર.કુ.નીતા દીદીની ઉપસ્થિતમાં આપણા વિસ્તારમાંના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાના વરદહસ્તે રીબીન અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ. આ સાથે મહા આરતી દ્વારા ત્રિ દિવસીય મેળાને ખુલ્લું મૂકવામાં આવ્યો હતો

આ ઉદ્ઘાટન પ્રસંગે બોટાદ મુકિતધામના ચેરમેન ગ્રીન મેન સી.એલ.ભીકડીયા, વિશ્વ હિંદુ પરિષદના મોન્ટુ ભાઈ માળી, બ્ર. કુ.વર્ષા બેન, તથા મોટી સંખ્યામાં ભાઈ - બહેનો ઉપસ્થિત રહેલા.

## જસદણના સગીરાના દુષ્કર્મ ગુનામાં આરોપીના જામીન મંજૂર

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)** જસદણ તા. ૧૧

ફરીયાદી એ પોતાની સગીર વય ની ૧૭ વર્ષ ની પુત્રી ને આરોપી એ મોબાઇલ મા વાતચીત કરતો હોય ને મિત્રતા નો લાભ લઇ અવાર નવાર શરીર સબંધ બાંધવાની રાજકોટ ગ્રામ્ય ના જસદણ પોલીસ મથકે આઈપિસી કલમ ૩૭૬,(૨ એન) તથા પોસ્કો એક્ટ કલમ ૬ મુજબની ફરીયાદ જસદણ પોલીસ મથકે નોંધાઇ હતી જે કામે આ કામના આરોપી મેહુલ ભાણજી ભાઇ ઝપડીયાની પોલીસ દ્વાર ધરપકડ કરવામાં આવી હતી અને તેને જેલ હવાલે કરવામાં આવ્યો હતો. જેને ગુજરાત હાઈ કોર્ટે દ્વારા જામીન મુકત કરવાનો હુકમ ફરમાવયો છે.

આ કામમાં આરોપી વતી એડવોકેટ વિપુલ વી હતવાણી તેમજ હિરેન ચંદાની તેમજ હરેશ આલ રોકાયેલા હતા.

# જામજોધપુરમાં ધ્રાફા ફાટકનો માર્ગ અતિ બિસ્માર સ્થિતિમાં

## ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા તંત્રએ પગલા લેવા જરૂરી

**(ભરત ગોહેલ દ્વારા)**

જામજોધપુર તા.૧૧



જામજોધપુરના ધ્રાફા ફાટક રોડ ઉપર ફાટક પાસે જે ફાટક વટાવવાનું હોય છે તે રસ્તો અતિશય ખખડધજ બિસ્માર હાલતમાં છે. આ ફાટકવાળા રસ્તેથી જ સ્કુલ તેમજ સરકારી હોસ્પીટલ જવાનો માર્ગ આવે છે.

અહીથી જામનગર ઉપલેટા જવાનો મુખ્ય માર્ગ હોય જેથી આ રસ્તો ટ્રાફિકથી ભરચકક હોય છે. અતિ ખખડધજ અને બિસ્માર રસ્તાથી ગંભીર અકસ્માતો થતા અનેકવાર રહી ગયા છે.

જાગૃત નાગરિક દ્વારા આ અંગે અનેકવાર રજુઆતો કરી છે. અહીજ બાજુમાં ભાજપ કાર્યાલય પણ આવેલ છે ત્યારે નગરપાલિકા તંત્ર દ્વારા આ અંગે રેલ્વે તંત્ર પાસે રીપેરીંગની મંજુરી માંગી છે તે મંજુરી મળે રીપેર કરવામાં આવશે તેવું જણાવેલ છે. આ વાતને પણ ઘણા દિવસો વિતી ગયા હોઈ તાત્કાલીક રેલ્વેની મંજુરી મેળવી ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા આ ખખડધજ રસ્તો રીપેર કરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.



## વિંછીયાનાં એડવોકેટ હિરેન પરમારની નોટરી તરીકે વરણી

વિંછીયા,તા.૧૧

વિછીયામાં એડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરતા અને વિછીયા બાર એસોસિએશનના પ્રમુખ તરીકે ફરજ બજાવતા તેમજ અનેકવિધ ધાર્મિક, સામાજિક ,સેવાકીય, સંસ્થાઓમાં જોડાયેલા સેવાભાવી ,સરળ સ્વભાવી હિરેનભાઈ એચ પરમાર ને રાજકોટ જિલ્લાના વિછીયા તાલુકામાં નોટરી એડવોકેટ તરીકે નિમણૂક કરાતા તેમને ઠેર ઠેર થી મો.નં.૯૮૨૫૪ ૧૮૫૫૧ પર અભિનંદન વર્ષા થઈ રહી છે..



## ગોંડલમાં બાલુબાપાની ૩૪મી પુણ્યતિથીની ઉજવણી

### પુસ્તકનું વિમોચનઃ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

**(અશોક જોષી દ્વારા)** ગોંડલ તા.૧૧

ગોંડલના બાલુબાપા વિદ્યાસંકુલમાં બાલુબાપાની ૩૪મી પુણ્યતિથિની ઉજવણી સાથે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ હતું.

આ તકે બાલુબાપાના પુસ્તકનું અંગ્રેજીમાં થયેલ અનુવાદનું વિમોચન અને ધોરણ ૯ની વિદ્યાર્થીની કુ. નેન્સીબેન ભાલોડી કરાટે (વુશુ)માં નેશનલ કક્ષાએ સિલ્વર મેડલ મેળવેલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સિદસર મંદિરના મંત્રી જયેશભાઈ પટેલ, ગોંડલ અગ્રણી કિશોરભાઈ અંદીપરા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના મંત્રી વલ્લભભાઈ એમ. કનેરીયા પ્રમુક ડો. એલ.આર. પટેલ, ગૃહમાતા કુ. મધુબેન પટેલ, સહમંત્રી સુભાષભાઈ દુદાણી, ઉપપ્રમુખ રમણીકભાઈ જીવાણી તથા ટ્રસ્ટી જીતુભાઈ સેજાણી દ્વારા કાર્યક્રમ સફળ બનાવેલ હતા જયારે કાર્યક્રમનું સંચાલન બિપીનભાઈ એન. માકડિયા દ્વારા કરવામાં આવેલ હતું.



## ઉપલેટામાં પોદાર સ્કૂલ દ્વારા મહિલા દિવસની ઉજવણી

ઉપલેટા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પોદાર સ્કુલમાં નારી શક્તિ અને ગુજરાતની સંસ્કૃતિનું જતન કરવાના હેતુથી ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળાના આચાર્ય સીમા બેન જોષીએ જણાવ્યું હતું કે પોદાર શાળામાં પ્રથમવાર આયોજિત કાર્યક્રમનું ઉદ્ઘાટન શાળાના ડાયરેક્ટર દીપલભાઈ ગેડીયા, પ્રિયાબેન ગેડીયા, અલ્કા શર્મા એ.ઓ.રણજીતભાઈ સિંહે કર્યું હતું.મહિલાઓના મનોરંજન માટે ફન ગેમ્સ અને દાંડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આવનારી પેઢી સ્ત્રી શક્તિને ઓળખે અને ગુજરાતની સંસ્કૃતિ સાથે જોડાયેલી રહે તેવો અમારો ઉદ્દેશ્ય છે.કાર્યક્રમમાં શહેરની મહિલાઓ, શિક્ષકો અને અન્ય સ્ટાફે મહિલાઓની શક્તિઓ પર આધારિત સમજણ આપી હતી અને સાંસ્કૃતિક રાશ-ગરબા રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શાળાના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શાળાના આચાર્ય સીમાબેન જોષીએ કરી હતી.

# સૌરાષ્ટ્ર તસવીર સમાચાર

## ઉનાનાં ભાચા ગામે બે દીપડાઓ પાંજરે પૂરાયા

ઉના, તા.૧૧



ઊનાનાં ભાચા ગામે છેલ્લા પંદરેક દિવસથી પાંચ જેટલાં દિપડા ભાચા ગામનાં આજુબાજુના વિસ્તારમાં ઘુસી આવતાં આ વિસ્તાર માં રહેતા લોકો અવર જવર કરતાં ખેડૂતો માં ભય નું વાતાવરણ ફેલાઈ રહ્યું હતું આ દરમિયાન જશાધાર રેન્જ ફોરેસ્ટ અધિકારી ભરવાડ તેમજ સ્ટાફે એક સાથે પાંચ જેટલાં દિપડા ને પકડી પાડવા તજવીજ શરૂ કરી પીંજરા મુક્યા બે દિવસ દરમિયાન બે ખુંખાર પ્રાણી દિપડા પાંજરે પુરાઇ આવ્યા છે.

ભાચા ગામે રહેતા ખેડૂત ધીરુભાઈ કાળુભાઇ વંશની વાડી નજીક આવેલા મુનિ આશ્રમ નજીક ગત રાત્રીના બીજો દિપડો પાંજરે પુરાઇ ગયો હતો નર જાતી દિપડો હાથ લાગેલ હતો હજું સતત પેટ્રોલિંગ શરૂ વન્ય રેન્જ ફોરેસ્ટ અધિકારી ભરવાડ, તેમજ બિડ ગાર્ડ ચાવડાભાઈ , રફીકભાઈ સુમરા પ્રતાપ ભાઈ ખુમાર સહિત નાં વન્ય કર્મી દ્વારા ત્રણ પાંજરા મુકી રનિગ પેટ્રોલીંગ શરૂ કરી ત્રણ દિપડા ને વહેલી તકે પકડી પાડવા કાર્યવાહી શરૂ કરેલ છે ભાચા વિસ્તારમાં આવેલ સર્વ દીય વન પર્યાવરણ મંડળ ટ્રસ્ટ પ્રમુખ અબ્બાસ બ્લોચ આ વન્ય પ્રાણી શિકાર કે કોઈ માનવી ને ઈજાગ્રસ્ત કરે તે પહેલાં વન્ય પ્રાણી ખૂંખાર દીપડા ને પકડવા સતત મદદ રૂપ બની રહ્યા છે.



## જસદણના જુના પીપળીયા શાળાની કૃતિની રાજ્ય કક્ષાએ પસંદગી થઈ

જસદણ તા. ૧૧

ગીર ફાઉન્ડેશન-ગાંધીનગર દ્વારા પર્યાવરણ શિક્ષણ પ્રોગ્રામ અંતર્ગત રાજ્યકક્ષાનો ઈકો ફેર-૨૦૨૪ ઇન્દ્રોડા પાર્ક ગાંધીનગર ખાતે તા.૯ અને ૧૦ માર્ચના રોજ યોજવામાં આવ્યો.જેમાં ગુજરાત રાજ્યની વિવિધ જિલ્લાઓમાંથી કુલ-૨૨ જેટલી કૃતિઓ પસંદ કરવામાં આવી હતી.જેમાં રાજકોટ જિલ્લામાંથી જસદણ તાલુકાની જુનાપીપળીયા તાલુકા શાળાની કૃતિ ''બર્ડ ફેધર બેન્ક''પણ પસંદ થઈ હતી.જે સંશોધન કરનાર વિદ્યાર્થી રામાણી ધર્મજ અને સાકરીયા કુશ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી.શાળાનાં પર્યાવરણ શિક્ષક-આશિષભાઈ રામાણી દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.જેમણે રાજ્ય કક્ષાએ પસંદગી થતાં ગામ,શાળા અને જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું.આ તકે આ પ્રોગ્રામ કોર્ડીનેટર ભાવેશભાઈ ત્રિવેદી,આચાર્ય અને શાળા પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી. (ધર્મેશ કલ્યાણી દ્વારા)



## ગીરગઢડા તાલુકાના આંબાવડ ગામે ૧૫ લાખના વિકાસના કામનું કરાયું ખાતમુહૂર્ત

ગીર ગઢડા તાલુકાના આંબાવાડ ગામના લોકોને પીવાનું પાણી શુદ્ધ, નિયમિત અને પૂરતા પ્રમાણમાં મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા રૂ. ૧૫ લાખ મંજૂર કરવામાં આવ્યા આ ૧૫ લાખ ના ખર્ચે તૈયાર થનાર પાણીની પાઈપ લાઈનના કામ નું ખાતમુહૂર્ત ગીર ગઢડા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ પ્રવીણભાઈ સાંખટના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગીર ગઢડા તાલુકા ભાજપ પ્રમુખ કાળુભાઈ રૂપાલા, ઉપપ્રમુખ દિનેશભાઈ જેઠવા, જિ.પ. સદસ્ય ધીરુભાઈ મકવાણા, તા. પ. કારોબારી ચેરમેન કાનજીભાઈ બાંભણિયા, પા.પુ.અધિકારી ઠાક્કર, ગામના સરપંચ દિનેશભાઈ ખોખર, ગ્રામ પંચાયતના સદસ્યો, અગ્રણી રમેશભાઈ રાદડીયા અને ગામ લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



## ભાણવડમાં વિદ્યાર્થીનીઓ માટે આત્મ રક્ષણ કાર્યક્રમ યોજાયો

**(મનિશ ઘેલાણી)** ભાણવડ તા.૧૧

દિકરીઓ કોઈપણ સમયે પોતાની જાતે જ આત્મરક્ષણ કરી શકે એ માટે ભાણવડ વિસ્તારની કુલ ૮૦૪ જેટલી વિદ્યાર્થીનીઓને તાલીમ આપી, માનસીક રીતે સજજ બનવા શીખ આપી હતી.

જીલ્લા શિક્ષણાધિકારીના સીધા જ માર્ગદર્શન તળે ગર્લ્સ એજયુકેશન શાખા અંતર્ગત રાણી લક્ષ્મીબાઈ આત્મનિર્ભર પ્રશિક્ષણ પ્રોજેકટ દ્વારા ભાણવડ તાલુકાના આંબલીયારા, ભેનેકવડ, ઢેબર, જારેરા, મોખાણા સહિત વીર શહીદ સ્વ. રમેશભાઈ જોગલના માદરે વતન મેવાસા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે આત્મ રક્ષણ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં ધોરણ છ, સાત, અને આઠ એમ કુલ આઠસો ચાર વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ તકે નિષ્ણાંત ટ્રેનર લક્ષ્મીબેન સોલંકીએ ખાસ હાજર રહી કરાટે, જૂડો, બોકસીંગ સહિતની રમતો બતાવી દીકરીઓને આબેહુબ તાલીમ આપી હતી, તેમજ મુશ્કેલીનાં સમયે પોતાની જાતનું કેવી રીતે રક્ષણ કરી, સામેનાને મ્હાત કરવા માટે જરૂરી માર્ગદર્શન સાથે બહાદુર બનવાની શીખ આપી હતી.

આમ મોટી સંખ્યામાં દિકરીઓએ આત્મરક્ષણ માટેની તાલીમ લેતા શૈક્ષણિક વર્તુળ સહીત વાલીઓમાં પણ આનંદની લાગણી છવાઈ હતી.





(તસ્વીર: આનંદ લાલ-સલાયા)

## સલાયા મરીન પોલીસ સ્ટેશનમાં પર્વ ઉજવણી અંગે લોકદરબાર યોજાયો

**(ભરત લાલ)** સલાયા તા.૧૧

રમજાન માસ તથા શિવરાત્રી બાબતે દેવભૂમિ દ્વારકાના એસપીએ સલાયા મરીન પોલીસ સ્ટેશનમાં હિન્દુ, મુસ્લીમ આગેવાનોનો લોક દરબાર તા.૮ના સવારે બોલાવેલ.

જેમાં બન્ને સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલા. એસપી નિતેશ પાંડેએ કાયદો અને વ્યવસ્થામાં સહકાર આપવા તથા જયારે જુનથી ઓગષ્ટ દરીયો ખેડવાની મનાઈ હોય ત્યારે સહકાર આપવા, હોન્ડા તથા મોટર સાયકલોમાં ચિત્ર વિચીત્ર અવાજો ન રાખવા, ટ્રાફીક નિયમોનું પાલન કરવા તેમજ કોઈપણ સંજોગોમાં પોલીસ નિયમ ભંગ ચલાવી લેશે નહીં તેવી સખત ચેતવણી આપેલ. લોકદરબાર પૂર્ણ થયા બાદ એસટીએ સલાયાના ૩૦૦ વર્ષ જુના પાળેશ્વર મંદિરે મુલાકાત લઈ પૂજા અર્ચના કરેલ તથા ત્યાં ચાલતા લઘુરૂદ્રમાં આહુતી આપેલ આ પ્રસંગે પુજારી પરીવાર તથા સમીતી દ્વારા એસપીનું સન્માન કરેલ હતું.



## તળાજામાં ત્રિલોકનાથ મંદિરે શિવકથા યોજાઇ

**(વિપુલ હિરાણી)** ભાવનગર, તા.૧૧

ભાવનગર જિલ્લાના તળાજા ત્રિલોકનાથ મંદિરે શિવ કથાકાર પૂ.ભારદ્વાજબાપુ ના વ્યાસાસ્થાને યોજાયેલ શિવ કથા ઐતિહાસિક રહી.શિવકથાના માધ્યમથી શ્રોતાગણ મા આરોગ્ય લક્ષી જાગૃતતા આવે તે માટે વૈદ્ય મહેન્દ્રસિંહ સરવૈયા ના વકતવ્ય બાદ સર.ટી.હોસ્પિટલ ના મનોચિકિત્સક ડો.માનશંગ ડોડીયા એ આત્મહત્યા પહેલાના લક્ષણો કેવા હોય છે,આત્મહત્યા રોકવા માટે સમજ આપી હતી.ટેંશન અને અન્ય રીતે માથુ દુ:ખતું હોય તેના પ્રકાર સમજાવ્યા હતા.ગર્ભમા રહેલ શિશુ અને માતા ને પોષણ મળી રહે.બાળક ત્રીજા મહિના થી માનસિક રીતે વિકાસ પામતું હોય તે વિશે સમજ આપી હતી.

તેઓએ વિશ્વમા મોઢાના સૌથીવધુ કેંન્સર ભાવનગર જિલ્લામા સામે આવી રહ્યા છે.આથી તમાકુ ગુટખાનું વ્યસન છોડવા માટે અપીલ કરી હતી.

તળાજા ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણે વ્યાસપીઠ પરથી જણાવ્યું હતુ કે ધર્મસતા ને રાજસત્તા કાયમ નમન કરે છે. લોકોને બચાવવા અને સારા-સાચા માર્ગે વાળવા માટે ધર્મસત્તા જરૂરી છે.આ યુગને આધ્યાત્મિક તરફ વેગ આપવો જરૂરી છે.

શિવકથા મા વિશ્વ હિન્દુ પરિષદ અને સિપાઈ, ખોજા, વ્હોરા, મેમણ સહિત સમસ્ત મુસ્લિમ સમાજના આગેવાનો આવ્યા હતા.સૌએ સાથે આરતી ઉતારી ને કોમી એકતાના દર્શન કરાવ્યા હતા. શિવકથા અને ભારદ્વાજબાપુ દ્વારા ચલાવાતા અન્નક્ષેત્ર મા નોંધપાત્ર આર્થિક સહયોગ આપ્યો હતો.

### પ્લાસ્ટિકની કોથળીઓ થી દરોજ પાંચ ગાય મરે છે

શિવકથા શ્રવણ કરવા આવેલ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ખાસ બહેનો ને અપીલ કરવામાં આવી હતી કે એંઠવાડ સહિત ની વસ્તુ પ્લાસ્ટિક ની કોથળી મા ફેંકવાથી એ કોથળીઓ ગાય ખાય છે. તળાજા તાલુકામા દરોજ ની પાંચ ગાય મરે છે.જેથી પ્લાસ્ટિક નો ઉપયોગ ન કરવા અપીલ કરી હતી.




(તસ્વીર: રીમલ બગરીયા)

## બોટાદ જીલ્લા મઝદુર સંઘ દ્વારા મહિલા દિનની ઉજવણી

બોટાદ,તા.૧૧

ભારતિય મઝદુર સંઘ સંલગ્ન બોટાદ જિલ્લા મઝદુર સંઘ દ્વારા આંતરરાષ્ટ્રિય મહીલા દિવસની ઉજવણીના ભાગરૂપે બોટાદ ખાતે આંગણવાડી વર્કર-હેલ્પર બહેનો, મધ્યાહન ભોજન યોજનાના બહેનો તથા આશાવર્કર બહેનોને મહિલાલક્ષી કાયદાઓની સમજણ/ માર્ગદર્શન આપવા અંગેનો કાર્યક્રમ તા.૦૭ના યોજવામાં આવેલ.આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે પોલીસ સ્ટેશન બેઈઝ સપોર્ટ સેન્ટર ડીસ્ટ્રીકટ કાઉન્સીલર માન.શ્રી રીનાબેન વ્યાસ તેઓની ટીમ સાથે ઉપસ્થિત રહેલ.તેમજ ભારતીય મજદુર સંઘ, ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ અને મધ્યાહન ભોજન યોજના સંઘના પ્રમુખ રાજેન્દ્રસિંહ ચુડાસમા,શ્રી સમીરભાઈ એચ.જોશી (ગુજરાત પ્રદેશ મંત્રી) રાજુભાઈ ડેરૈયા, બોટાદ જિલ્લા પ્રમુખ, દીલીપભાઈ ખાચર (ડી.વી)બોટાદ જિલ્લા આશા-આંગણવાડી પ્રભારી અલ્કેશભાઈ એન.જોશી-ઉપપ્રમુખ વીગરે હાજર રહેલ. અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દિપપ્રાગ્ટય તેમજ સમીરભાઈ જોશી દ્વારા બીએમએસની પ્રણાલી મુજબ શ્રમિકગીતથી કાર્યક્રમની શરૂઆત કરાવેલ કાર્યક્રમમાં રીનાબેન વ્યાસ દ્વારા મહિલાઓને લગતા અત્યાચારો ઘરેલું હિંસા, મહિલાઓને વિવિધ કાયદા હેઠળ મળતી સુરક્ષા વિસ્તૃત સમજણ આપેલ જયારે મહિલા પોલીસ સ્ટેશન (શી-ટીમ)ના કર્મચારી સુરપાલસિંહ ગોહીલ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનના ખુશ્બુબેન પટેલ, ડિસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના સાહીત્સ્તાબેન દ્વારા મહિલાલક્ષી જુદી-જુદી બાબતોની સેવાની જાણકારી તથા કાર્યપદ્ધતિની વિગતો જણાવેલ આ કાર્યક્રમમાં મધ્યાહન ભોજન, આંગણવાડી, તથા અન્યક્ષેત્રના કુલ-૧૨૫ જેટલા મહિલાઓ હાજર રહેલ. કાર્યક્રમને અનુલક્ષી જિલ્લા સહમંત્રી મહાવીરભાઈ ખાચર, જિલ્લા કારોબારી સદસ્ય પકભાઈ ડાભી, હિતેશભાઈ સીંગલ તથા અન્યોની જહેમતના ફળસ્વરૂપે ખુબ સરસ માહિતી સભર કાર્યક્રમ યોજાયેલ.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com



# GCAS પોર્ટલથી રાજયભરની કોલેજોમાં હવે એડમીશનની પ્રક્રિયા સરળ : મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા

















**રાજયના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા 'સાંજ સમાચાર' ની મુલાકાતે :** ગુજરાત રાજયના શિક્ષણ તથા સંસદીય બાબતોના મંત્રી, કામરેજ સુરતના ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા 'સાંજ સમાચાર'ની મુલાકાતે આવ્યા હતા. 'સાંજ સમાચાર'ના તંત્રી પ્રદીપભાઈ શાહ, યુવા એડિટર અંકુરભાઈ શાહ, કરણભાઈ શાહ, કિશોરભાઈ ત્રિવેદી સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષણ ક્ષેત્રે થઈ તેઓ દ્વારા કરવામાં આવેલા વિકાસ અંગે વાતચીત કરી હતી. પ્રફુલભાઈ ની મુલાકાત દરમ્યાન ધારાસભ્ય રમેશભાઈ ટિલારા પણ ખાસ ઉપસ્થિત હતા.

(તસવીર : પંકજ શિશાંગિયા, દેવેન અમરેલિયા)

## સૌરાષ્ટ્ર યુનિ. સહિત રાજયની ૧૪ વિશ્વ વિદ્યાલયોમાં કોઈપણ સ્થળેથી વિદ્યાર્થીઓ પોતાની મનપસંદ કોલેજોમાં ઓનલાઈન પ્રવેશ મેળવી શકશે : ધો.૧૨ની પરીક્ષા આપનાર છાત્રો પણ એપ્લાય કરી શકશે : બી.એડ. કોલેજોના એડમીશન માટે ખાસ પોર્ટલ એક-બે દિવસમાં જ ધમધમતુ કરાશે

## રક્ષા શકિત યુનિવર્સિટી હેઠળની ૧૦ કોલેજોમાં અભ્યાસ માટે છાત્રોને ખાસ પ્રોત્સાહન : વિદ્યાર્થી દીઠ ૭૫ હજારનો ખર્ચ રાજય સરકાર ઉઠાવી રહી છે : 'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસની શુભેચ્છા મુલાકાત રાજય કક્ષાના શિક્ષણ અને સંસદીય બાબતોના મંત્રી પાનશેરીયા

રાજકોટ, તા. ૧૧

રાજયભરની ૧૪ યુનિવર્સિટી સંલગ્ન સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં વિદ્યાર્થીઓના એડમીશનની પ્રવેશ પ્રક્રિયા હવે જીસીએએસ પોર્ટલ મારફતે સરળ બનાવી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓ આ પોર્ટલ મારફત રાજયના કોઇપણ સ્થળેથી પોતાની મનપસંદ કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન અરજી કરી શકશે. તેમ રાજયના રાજયકક્ષાના શિક્ષણ અને સંસદીય બાબતોના મંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ આજે 'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસની લીધેલી શુભેચ્છા મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું.

શિક્ષણ મંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ 'સાંજ સમાચાર'ના એકઝીકયુટીવ અંકુરભાઇ શાહ તથા કરણભાઇ શાહ સાથે રાજય સરકારના શિક્ષણના અભિગમ પર પ્રકાશ ફેંકી ચર્ચા કરી હતી. મંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ દેશભરમાં નવી એજયુકેશન પોલીસી અમલી બનાવી શિક્ષણને નવી દિશા આપી છે. દેશભરની સર્વશ્રેષ્ઠ ૧૦૦ યુનિવર્સિટીઓમાં ગુજરાતની ૨૯ વિશ્વ વિદ્યાલયોએ સ્થાન મેળવ્યું છે. તેઓએ જણાવ્યું હતું કે તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ વીર નર્મદ યુનિવર્સિટીને રૂા. ૧૦૦-૧૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

નવી એજયુકેશન પોલીસી અંતર્ગત રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જીસીએએસ પોર્ટલ લોન્ચ કરી તેને કાર્યરત કરી દેવામાં આવેલ છે. જેના થકી ધો.૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરી કોલેજોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓની સુવિધામાં વધારો થવા પામેલ છે. રાજયની સ્ટેટ ગર્વમેન્ટ ૧૪ યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટેડ, સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં વિદ્યાર્થીઓ આ પોર્ટલ મારફતે આસાનીથી એડમીશન મેળવી શકશે. જેમાં ધો.૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પણ એપ્લાય કરી શકશે. બી.એડ. કોલેજોના પ્રવેશ માટે અલગથી પોર્ટલ કાર્યરત કરવામાં આવનાર છે. આ પોર્ટલ આગામી એક-બે દિવસમાં શરૂ કરી દેવામાં આવશે.

મંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ જણાવ્યું હતું કે અત્યાર સુધી વિદ્યાર્થીઓને એક શહેરમાંથી બીજા શહેરની કોલેજોમાં એડમીશન મેળવવા માટે ત્યાં ધકકો ખાવો લાંબો પડતો હતો. પરંતુ આ પોર્ટસ મારફત વિદ્યાર્થીઓ હવે આસાનીથી કોલેજોમાં પ્રવેશ મેળવી શકશે. આ ઉપરાંત અત્યાર સુધી કોલેજો પોતાની જ રીતે પ્રવેશ પ્રક્રિયા લાંબી ચાલતી હતી. પરંતુ આ પોર્ટલ કાર્યરત થતા હવે એડમીશન પ્રક્રિયા ઝડપથી થશે. તેઓએ એમ પણ જણાવ્યું હતું કે આ વખતે ધો.૧૦ અને ધો.૧૨ના પરિણામો વહેલાસર જાહેર કરવામાં આવનાર છે આ માટે શિક્ષણ વિભાગ દ્વારા ખાસ આયોજન કરવામાં આવેલ છે.

રાજય સરકાર દ્વારા રક્ષા શકિત યુનિવર્સિટી હેઠળ ૧૦ જેટલી કોલેજો કાર્યરત કરવામાં આવી છે. જેમાં બે કોલેજો માત્ર વિદ્યાર્થીનીઓની છે. આ કોલેજોમાં ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ પ્રવેશ મેળવી સારૂ શિક્ષણ મેળવી શકે તે માટે રાજય સરકાર પ્રતિ વિદ્યાથી દીઠ રૂા. ૭૫ હજારનો ફીનો ખર્ચ ઉઠાવી રહી છે. આ ઉપરાંત રાજયમાં જ્ઞાન શકિત રેસીડેન્સીયલ શાળાઓ પણ શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૦ જેટલી શાળાઓનો પ્રારંભ કરાતા જ તેમાં ૧૫ હજાર વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આગામી પાંચ વર્ષ દરમ્યાન રાજયમાં આવી ૫૦ જેટલી જ્ઞાન શકિત રેસીડેન્સીયલ શાળાઓ રાજય સરકાર દ્વારા શરૂ કરાશે.

## નમો લક્ષ્મી અને નમો સરસ્વતી સાધના યોજના હેઠળ વિદ્યાર્થીઓને આર્થિક સહાય

### શિક્ષણ વિભાગ દ્વારા ૧૬૫૦ કરોડની બે યોજનાઓ : સરસ્વતી સાધના યોજનામાં ધો.૧૧-૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને બે વર્ષમાં રૂા. ૨૫ હજારની સહાય

રાજકોટ, તા. ૧૧

રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી સાધના યોજના હેઠળઓને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જેને ભારે પ્રતિસાદ રાજયભરમાંથી સાંપડી રહ્યો છે તેમ મંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ જણાવ્યું હતું.

આ યોજના થકી વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યેનો ઉત્સાહ બરકરાર રહેશે. અહીં એ ઉલ્લેખનીય છે કે આ યોજના હેઠળ ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ચાર વર્ષમાં રૂા.૫૦ હજાર તેમજ ધો.૧૧-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને બે વર્ષમાં રૂા. ૨૫ હજારની આર્થિક સહાય આપવાની જોગવાઇ કરવામાં આવી રહી છે.

નમો લક્ષ્મી યોજનામાં ધો.૯ અને ૧૦માં ૧૦ મહિના સુધી માસિક રૂા. ૫૦૦ પ્રતિ વર્ષ મળશે જયારે બાકીના ૧૦ હજાર ધો.૧૦ની બોર્ડની પરીક્ષા પાસ કર્યા પછી મળશે. ધો.૧૧ અને ૧૨માં ૧૦ મહિના સુધી રૂા. ૭૫૦ મળશે. બાકીના ૧૫ હજાર બોર્ડની પરીક્ષા પાસ કરવાથી મળશે. જયારે નમો સરસ્વતી યોજનામાં ધો.૧૧ અને ૧૨ સાયન્સમાં ૧૦ મહિના સુધી મહિને રૂા. ૧૦ હજાર અપાશે. બાકીના પાંચ હજાર બોર્ડની પરીક્ષા પાસ કર્યા પછી ચૂકવાશે. નમો લક્ષ્મી યોજના સાયન્સ, કોમર્સ અને આર્ટસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે છે. જયારે સરસ્વતી સાધના યોજના સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ પરિવારની આવક મર્યાદા ધ્યાને લીધા વગર મળશે.

## ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવા માટે સરકાર કટીબદ્ધ

### પરીક્ષા પદ્ધતિ, પેપર સેટીંગ, ઉત્તરવહી ચકાસણી માટે વિશેષ ધ્યાન

રાજકોટ, તા. ૧૧

રાજયની પ્રાથમિક માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવા માટે રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિશેષરૂપથી ખાસ પગલા લેવામાં આવી રહ્યા છે અને તેની ફળશ્રુતિ પણ સરકારને સાંપડી છે. તેમ રાજયના શિક્ષણમંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ જણાવ્યું હતું.

તેઓએ જણાવ્યું હતું કે આ માટે પરીક્ષા પધ્ધતિ, પેપર સેટીંગ અને ઉત્તરવહી ચકાસણી માટે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અગાઉ પ્રાથમિક માધ્યમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશીયોનું પ્રમાણ ઉંચુ હતું. શાળાઓમાં અનેક વિદ્યાર્થીઓ અધવચ્ચેથી જ અભ્યાસ છોડતા હતા. પરંતુ હવે રાજય સરકારના ખાસ પગલા થકી ડ્રોપ આઉટ રેશીયો ઘટાડો નોંધાયો છે. શાળાઓમાં પ્રવેશોત્સવ દરમ્યાન ૧૦૦ ટકા નામાંકન થઇ રહ્યા છે. વિદ્યાર્થીઓને ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તે માટે પણ રાજય સરકાર દ્વારા ખાસ પગલા લેવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રત્યે રૂચી રાખી શિક્ષણ લેવા પ્રેરાય તે માટે સરકાર દ્વારા નવી નવી યોજનાઓ અમલમાં મૂકી રહી છે.

## ડિજીટલ ઇ-વિધાનસભા કરવામાં પણ મહત્વનું યોગદાન

### તમામ કામગીરી બની પેપરલેસ

રાજકોટ, તા. ૧૧

ગુજરાત સરકારે દેશભરમાં પહેલ કરી ડિજીટલ ઇ-વિધાનસભા બનાવી છે. વિધાનસભા ગૃહની તમામ કામગીરી પેપરલેસ બની છે. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરી તેમજ સંસદીય બાબતોના મંત્રી પ્રફુલભાઇ પાનશેરીયા ઉપરાંત શિક્ષણ મંત્રી ઋષિકેશભાઇ પટેલ સહિતના મહાનુભાવોએ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ વિધાનસભા ગૃહને ડિજીટલ કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સમગ્ર દેશ અને દુનિયામાં કોમ્પ્યુટર, ઇ-મેઇલ, મોબાઇલનું ચલણ ઉત્તરોતર વધી રહ્યું છે. જેના થકી આધુનિક નવા યુગના મંડાણ થવા પામેલ છે. જેમાં ગુજરાત સરકારે પણ વિધાનસભાનો તમામ વહીવટ હવે ઓનલાઇન બનાવી દીધો છે. દેશભરમાં ગુજરાત વિધાનસભાએ ડિજીટલ ઇ-વિધાનસભા બની છે.

## શાળાઓમાં ૪૨ હજાર નવા સ્માર્ટ કલાસ થકી વિદ્યાર્થીઓને મળશે શિક્ષણ

### રાજયની પ્રાથમિક શાળાઓમાં છ હજાર ઓરડાઓનું નિર્માણ કરાશે

રાજકોટ, તા. ૧૧

રાજયની પ્રાથમિક શાળાઓમાં છ હજાર જેટલા નવા ઓરડાઓનું નિર્માણ કરવામાં આવશે તેમ રાજયના શિક્ષણ મંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ ઉમેર્યુ હતું કે વિદ્યાર્થીઓને શાળાઓમાં સ્માર્ટ કલાસ થકી આધુનિક શિક્ષણ મળે તે માટે ૪૨ હજાર નવા સ્માર્ટ કલાસ પણ શાળાઓમાં બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

ખાનગી શાળાઓની સાપેક્ષમાં સરકારી શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તેની સાથે જરૂરી સુવિધા પણ ઉપલબ્ધ બને તે માટે રાજય સરકાર ખાસ ખેવના કરી રહી છે. આ માટે રાજયની સરકારી શાળાઓમાં નવા છ હજાર જેટલા ઓરડાઓ (કલાસ રૂમો)નું નિર્માણ કરવામાં આવશે. તેમજ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવતાસભર અને પરિણામલક્ષી શિક્ષણ મળી રહી તે માટે નવા ૪૨ હજાર સ્માર્ટ કલાસ પણ આગામી એક વર્ષમાં તૈયાર કરવામાં આવશે.








પોરબંદર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મનસુખભાઈ માંડવીયાએ ગઈ કાલે મતવિસ્તારનો પ્રવાસ કર્યો હતો અને ધર્મસ્થળોએ દર્શન કર્યા હતા.ખોડલધામ, વીરપુર, ગોંડલ, જેતપુરના પ્રવાસમાં આશિર્વાદ મેળવ્યા હતાં.

### શિવરાત્રીના દિનથી લોકસભાની ચૂંટણી માટે પ્રવાસ શરૂ કરતા કેન્દ્રીય મંત્રીઃ પદયાત્રામાં સાંસદો, ધારાસભ્ય, સી.આર. પાટીલ જોડાયા

# વિરપુર-ખોડલધામના દર્શને માંડવીયાઃ પોરબંદર લોકસભા વિસ્તારમાં ધર્મમય પ્રવાસ

### જલારામ બાપા અને ખોડિયાર માતાજીના આશિર્વાદ લીધા:ગોંડલના મંદિરોમાં શીશ ઝુંકાવ્યુંઃ જેતપુર, ઉપલેટામાં હજારો લોકો-કાર્યકરોએ ફુલડે વધાવ્યા

રાજકોટ, તા.૯

ભારત સરકારના કેન્દ્રિયમંત્રી મનસુખભાઈ માંડવિયાજીએ પોરબંદર લોકસભા મતવિસ્તારના બીજા દિવસના પ્રવાસ દરમિયાન ગઈ કાલે સવારે સૌથી પહેલા વિરપૂર ધામ ખાતે જલારામ બાપાના દર્શન કર્યા અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ત્યારબાદ પોતાના હજારો સમર્થકો અને ઉત્સાહી નગરજનો સાથે પદયાત્રા કરી પાટીદાર સમાજના આત્મ ગૌરવ સમા ખોડલધામ મંદિર કાગવડ ખાતે આઈ ખોડિયારના ચરણોમાં શીશ ઝૂકાવી મા ખોડલના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

લોકસભાના ઉમેદવાર ઘોષિત થયાએ પછી કેન્દ્રીયમંત્રી

મનસુખભાઈ માંડવિયા પહેલીવાર ખોડલધામ ખાતે માના દર્શનેપધાર્યા ત્યારે તેમને વધાવવા ખમ્મૈયા કરવા હજારોની સંખ્યામાં માઈભક્તો ઊમટી પડ્યા હતા અને' ખમકારે ખોડલ સહાય છે !'ના જયઘોષ સાથે સમર્થકો અને શ્રધ્ધાળુઓ એ મનસુખભાઈને વધાવ્યા હતા. મા ખોડલમાં જેમની અપારશ્રધ્ધા છે અને પૂજ્ય મહાત્માગાંધીને પ્રેરણા માને છે એવા મનસુખભાઈએ પોતાના પ્રવાસની શરુઆત પોરબંદર ખાતે મહાત્મા ગાંધીજીના જન્મસ્થળની વંદનાથી પ્રારંભ કરેલો અને આ પ્રવાસ ખોડલધામ ખાતે માનાં આંગણિયેકાગવડ ખાતે ભાવપૂર્ણ પૂરો કર્યો હતો.

ગોંડલ ખાતે પણરમાનાથ મંદિર, દાસીજીવણ મંદિર, અક્ષરડેરી જેવા તીર્થસ્થાનોમાપણ આશીર્વાદ મેળવ્યા હતા. જેતપુર અને ગોંડલનગરની મુલાકાત દરમિયાન હજારો લોકો અને ભાજપના કાર્યકર્તાઓ એ ઠેર ઠેર ફૂલડે વધાવ્યા હતા. બે દિવસ દરમિયાન મનસુખભાઈએ સંત, શૂરા, જતિ અને સતિનીધરાની પરમવંદના કરી હતી.

આ દરમિયાન માનનીય મનસુખભાઈ માંડવિયાજી સાથે પોરબંદરના સાંસદ રમેશભાઈ ધડુક, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા,જેતપુરના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, ગોંડલના ધારાસભ્ય ગીતાબાજાડેજા અનેપૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, ધોરાજીના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલિયા, પૂર્વમંત્રી/ પ્રદેશભાજપા અધ્યક્ષ આર. સી. ફળદૂ, કિરીટસિંહરાણા, ભરતભાઈબોઘરા, રાજકોટ જિલ્લા ભાજપ, પોરબંદર જિલ્લા ભાજપ, જૂનાગઢ જિલ્લાભાજપના પ્રમુખઓ, મહામંત્રીઓ અને હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા અને સમગ્ર યાત્રા દીપી ઊઠી.

# ઓસ્કાર એવોર્ડમાં 'ઓપન હાઈમર' એ બાજી મારીઃ ૭ એવોર્ડ જીત્યા

### ચાર ઓસ્કાર એવોર્ડ મેળવી 'પુઅર થિંગ્ઝ' છવાઈઃ ભારતીય ડોકયુમેન્ટરી ફિચર ફિલ્મ 'ટુ કિલ એ ટાઈગર' એવોર્ડ મેળવવામાં નિષ્ફળ



લોસ એન્જલસ (અમેરિકા) તા.૧૧

અત્રે ડોલ્બી થિયેટરમાં વર્ષ ૨૦૨૪ના ૯૬માં ઓસ્કાર એવોર્ડ સમારોહમાં હોલીવુડના મહાન ફિલ્મ સર્જક ક્રિસ્ટોફર નોલનની ફિલ્મ 'ઓપન હાઈમર' એ બાજી મારી લીધી છે. આ ફિલ્મ ૧૩ જુદી જુદી કેટેગરીમાં નોમિનેટ થઈ હતી, જેમાં ૭ કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ જીત્યા છે. જયારે 'પુઅર થિંગ્સ'ને ચાર કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ મળ્યા છે. આ વર્ષે ઓસ્કાર એવોર્ડ મામલે ભારતને નિરાશા સાંપડી છે. નોમિનેટ થયેલ ભારતીય ડોકયુમેન્ટરી ફીચર ફિલ્મ 'ટુ કિલ એ ટાઈગર' ને એવોર્ડ નથી મળ્યો.

૯૬માં ઓસ્કાર એવોર્ડસ ૨૦૨૪માં ક્રિસ્ટોફર નોલનની ફિલ્મ 'ઓપન' હાઈપર' છવાઈ ગઈ હતી. ૧૩ કેટેગરીમાં આ ફિલ્મ નોમિનેટ થઈ હતી, જેમાં ૭ કેટેગરીમાં આ ફિલ્મને વિશ્વના ફિલ્મ જગતના સર્વોચ્ચ સન્માન ઓસ્કાર એવોર્ડથી સન્માનીત કરાઈ છે. આ એવોર્ડ સમારોહનો પ્રારંભ આજે ભારતીય સમય મુજબ વહેલી સવારે ૪.૩૦ વાગ્યે ડોલ્ટની થિયેટરમાં થયો હતો.

'ઓપન હાઈમર' બાદ 'પુઅર થિંગ્સ' ફિલ્મે પણ ઓસ્કાર એવોર્ડમાં બાજી મારી હતી. ૧૧ કેટેગરીમાં નોમિનેટેડ આ ફિલ્મે ૪ ઓસ્કાર એવોર્ડ જીત્યા છે. જો કે આ ઓસ્કાર એવોર્ડ સમારોહમાં ભારતીયોના ચહેરા પર નિરાશા જોવા મળી હતી. કારણ કે ઓસ્કાર એવોર્ડ માટે એક માત્ર ભારતીય ડોકયુમેન્ટરી ફિચર ફિલ્મ 'ટુ કિલ એ ટાઈગર' નોમિનેટ થઈ હતી પણ આ ફિલ્મને ઓસ્કાર એવોર્ડ નથી મળ્યો.

ગયા વખતે ઓસ્કાર એવોર્ડ સમારોહમાં બોલીવુડ સ્ટાર દીપિકા પદુકોણ પ્રેઝેન્ટર તરીકે સામેલ હતી પણ આ વખતે કોઈ ભારતીય સેલિબ્રિટીને તક નથી અપાઈ.

### ઓસ્કાર ૨૦૨૪ વિજેતા કેટેગરી ઓસ્કાર વિજેતાઓના નામ

| | |
|---|---|
| બેસ્ટ પિક્ચર | ઓપેનહેઇમર |
| શ્રેષ્ઠ અભિનેત્રી | એમ્મા સ્ટોન (પુઅર થિંગ્સ) |
| શ્રેષ્ઠ અભિનેતા | કિલિયન મર્ફી (ઓપેનહેઇમર) |
| શ્રેષ્ઠ દિગ્દર્શક | ક્રિસ્ટોફર નોલાન (ઓપેનહેઇમર) |
| શ્રેષ્ઠ ઓરીજનલ ગીત | વ્હાટ વોઝ આઇ મેડ ફોર (બાર્બી) |
| શ્રેષ્ઠ સહાયક અભિનેતા | રોબર્ટ ડાઉની જુનિયર (ઓપેનહેઇમર) |
| શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી | ડા'વાઈન જોય રેન્ડોલ્ફ (ધ હોલ્ડઓવર્સ) |
| શ્રેષ્ઠ ઓરીજનલ સ્કોર | લુડવિગ ગોરાન્સન (ઓપેનહેઇમર) |
| શ્રેષ્ઠ સાઉન્ડ | ધ જોન ઓફ ઇન્ટરેસ્ટ |
| બેસ્ટ લાઇવ એક્શન શોર્ટ ફિલ્મ | ધ વન્ડરફુલ સ્ટોરી ઓફ હેનરી સુગર |
| શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી | ઓપેનહેઇમર |
| શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી ફીચર ફિલ્મ | ૨૦ ડેઝ ઇન મેરીયુપોલ |
| શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મ | ધ લાસ્ટ રિપેર શોપ |
| શ્રેષ્ઠ ફિલ્મ એડિટિંગ | ઓપેનહાઇમર |
| શ્રેષ્ઠ વિઝ્યુઅલ ઈફેક્ટ્સ | godzilla માઈનસ વન |
| શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મ | ધ ઝોન ઓફ ઈન્ટરેસ્ટ |
| શ્રેષ્ઠ કોસ્ચ્યુમ ડિઝાઇન | પુઅર થિંગ્સ |
| શ્રેષ્ઠ પ્રોડક્શન ડિઝાઇન | પુઅર થિંગ્સ |
| શ્રેષ્ઠ મેકઅપ અને હેરસ્ટાઇલ | પુઅર થિંગ્સ |
| શ્રેષ્ઠ એડેપ્ટેડ સ્ક્રીનપ્લે | અમેરિકન ફીકસન |
| શ્રેષ્ઠ ઓરિજિનલ સ્ક્રીનપ્લે | એનાટોમી ઓફ ધ ફોલ |
| શ્રેષ્ઠ એનિમેટેડ ફીચર ફિલ્મ | ધ બોય એન્ડ ધ હેરોન |
| એનિમેટેડ શોર્ટ મૂવી | 'વોર ઈઝ ઓવર! ઈસ્પયાર બાય જહોન એન્ડ યોકો |

## ઓસ્કાર એવોર્ડ વિજેતા એમા સ્ટોન વોર્ડ રોબ માલ ફંકશનનો શિકારઃ ફાટેલો ડ્રેસ બતાવ્યો

### રેયાન ગોસલીંગ સાથે જોરદાર પર્ફોર્મિન્સ આપતી વખતે ડ્રેસ ફાટયાનો એમ્માનો ખુલાસો



લોસ એન્જલસ (અમેરિકા) તા.૧૧

હોલીવુડ એકટ્રેસ એમ્મા સ્ટોનને ફિલ્મ 'મુઅર થિંગ્સ' માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો, જેને લઈને તે ઘણી ભાવુક બની ગઈ હતી. આ દરમિયાન તે માલ ફંકશનનો શિકાર બની ગઈ હતી. કારણ કે તેનો ડ્રેસ ફાટી ગયો હતો. એમ્મા એ ફાટેલો ડ્રેસ બતાવ્યો હતો. જયારે બેસ્ટ એક્ટ્રેસ તરીકે ઓમ્માનું નામ જાહેર થયું ત્યારે તેની આંખો ભરાઈ ગઈ હતી અને સ્ટેજ પર આવીને એવોર્ડ લઈને સૌનો આભાર માન્યો હતો. એમ્માએ પોતાની સ્પીચ શરૂ કરતા પહેલા પોતાનો ફાટેલો ડ્રેસ જાહેરમાં લોકોને બતાવ્યો હતો અને કોન્ફીડેન્સથી કહ્યું હતું- ઓહ, મારો ડ્રેસ ફાટી ગયો. એમ્માએ પોતાનો ડ્રેસ ફાટી જવા માટે રયાન ગોસલીંગને જવાબ ઠેરવ્યા હતા. ખરેખર તો રયાને ઓસ્કારના મંચ પર શાનદાર પર્ફોર્મન્સ આવ્યું અને એમ્માએ પણ ડાન્સ કર્યો હતો, આ દરમિયાન તેનો ડ્રેસ પાછળથી ફાટી ગયો હતો.

# રાજકોટ જિલ્લા અને તાલુકા કક્ષાએ લોકઅદાલત યોજાઈઃ અકસ્માત કેસોમાં ૧૫ કરોડનું વળતર મંજુર

### લોક અદાલત મારફત પ્રિ-લિટીગેશન અને ઈ-મેમોના કેસોમાં ૨.૨૬ કરોડ જમા થયા, ચેક રિટર્નના ૨૦૩૫ કેસમાં ૨૦.૩૧ કરોડની રકમનું સમાધાનઃ કુલ ૧૮,૭૬૪ કેસોનો નિકાલ થતા કોર્ટના ભારણમાં મોટી રાહત

રાજકોટ તા.૧૧

રાજકોટ જિલ્લા કક્ષા અને જિલ્લાની તમામ તાલુકા કક્ષાની કોર્ટોમાં ગત શનિવારે લોક અદાલત યોજાઈ હતી. જેમાં અકસ્માત કેસોમાં ૧૫ કરોડનું વળતર મંજુર થયું હતું. લોક અદાલત મારફત પ્રિ-લિટીગેશન અને ઈ-મેમોના કેસોમાં ૨.૨૬ રોકડ જમા થયા હતા. ઉપરાંત ચેક રિટર્નના ૨૦૩૫ કેસમાં ૨૦.૩૧ કરોડની રકમનું સમાધાન થયું હતું. દિવસ દરમિયાન કુલ ૧૮,૯૪૫ કેસોનો નિકાલ થતા કોર્ટના ભારણમાં મોટી રાહત થઈ છે.

રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના જણાવ્યા મુજબ તા.૯/૩/૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય મેગા લોક અદાલતનું આયોજન રાષ્ટ્રીય કાનૂની સેવા સતા મંડળ, ન્યુ દિલ્હીના આદેશ મુજબ સમગ્ર રાષ્ટ્ર લેવલે કરવામાં આવેલ તેમજ તેના ભાગરૂપે ગુજરાત રાજય કાનૂની સેવા સતામંડળ, અમદાવાદના ઉપક્રમે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળના મેમ્બર સેક્રેટરી આર.એ. ત્રિવેદી તથા જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, રાજકોટના ચેરમેન અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ આર.ટી. વચ્છાણીના માર્ગદર્શન નથા સબળ નેતૃત્વ હેઠળ મેગા લોક અદાલતનું ઉદઘાટન આર.ટી. વચ્છાણી, રાજકોટ બારના પ્રમુખ અને બારના સભ્યોની ઉપસ્થિતિમાં વર્ગ-૪ના કર્મચારીઓ દ્વારા દીપ પ્રાગટય કરી કરવામાં આવેલ. જેમાં તમામ જયુડીશ્યલ ઓફીસર્સ, કોર્ટના સ્ટાફ, રાજકોટ બારના સિનિયર- જુનિયર વકીલો, વિમા કંપનીના અધિકારીઓ, બેંકના અધિકારીઓ, જીઈબીના અધિકારીઓ, લો-સ્ટુડન્ટો, પીએલવી વિગેરે હાજર રહેલ.

આ લોક અદાલતમાં વિવિધ પ્રકારના પેન્ડીંગ કેસો, પ્રિ-લીટીગેશન કેસો મળી કુલ ૨૫૦૦૦ કેસોનો સમાધાન રાહે નિકાલ થયેલ છે. જેમાં રૂા.૧૫,૦૭,૫૬,૧૬૪ જેટલી રકમનું સમાધાન થયેલ તેમજ ચેક રીટર્નના કુલ ૨૦૩૫ કેસોનો સમાધાન રાહે નિકાલ થયેલ. જેમાં રૂા.૨૦,૩૧,૮૪,૭૫૧ જેટલી રકમનું સમાધાન થયેલ તેમજ લગ્ન વિષયક તકરાર અંગેના ૨૪૦ કેસોમાં સમાધાન રાહે નિકાલ થયેલ. પ્રિલીટીગેશન તથા ઈ-મેમો સાથેના કેસો કુલ ૧૧૩૧૨ કેસોનો પ્રિ-લીટીગેશનમાં નિકાલ થયેલ, જેમાં કુલ રૂા.૨,૨૬,૮૯,૨૧૯ જેટલી રકમનું સમાધાન થયેલ. તમામ કેસો મળી ૭૪૫૨ પેન્ડીંગ કેસો તથા પ્રિ લીટીગેશનના ૧૧,૩૧૨ કેસોનો નિકાલ થયેલ છે.

વધુમાં સ્પેશીયલ સીટીંગમાં ૩,૭૦૮ કેસો, ફેમીલી કોર્ટના કુલ ૧૮૧ કેસોનો નિકાલ થયેલ છે. આમ આજરોજ લોક અદાલતમાં કુલ ૧૮૯૪૫ કેસોનો નિકાલ થયેલ છે. તેમ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ-રાજકોટના સેક્રેટરી એન.એચ. નંદાણીયાની યાદીમાં જણાવાયું છે.

## પતિ - પત્ની વચ્ચે ઝગડો થતાં યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ, તા.૧૧

લોધિકાના દેવળા ગામે રહી ખેત મજુરી કરતા પરપ્રાંતિય પરિવારમાં પતિ - પત્ની વચ્ચે ઝગડો થતાં યુવકે ઝેરી દવા પી લીધી હતી. તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

બનાવની વિગત મુજબ લોધિકાના દેવળા ગામે રહી ખેત મજૂરી કરતો મૂળ મધ્યપ્રદેશનો નાનકો નથુભાઈ ભીલ (ઉ.વ.૧૮) ગઈ કાલ રાત્રે દેવળા ગામની વાડીએ ઝેરી દવા પી લેતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પતિ - પત્ની વચ્ચે કોઈ બાબતે જગડો થતાં આ પગલું ભર્યાનું પરીવારજનોએ જણાવ્યું હતું. તેઓને એક પુત્ર છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે લોધિકા પોલીસને જાણ કરી હતી.




**શ્રદ્ધાંજલિ ધોરાજી**

તમે એક પળમાં જીંદગીનું
સંભારણું છોડીને ચાલ્યા ગયા,
જીંદગી હતી ટુંકી છતાં
લાગણી ઘણી મુકી ચાલ્યા ગયા,
જીવ્યા થોડુંક પણ જીતી ગયા,
ઘણું હસીને હસાવનાર અમોને
રડાવી ચાલ્યા ગયા પ્રભુ તમારા
દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ પ્રાર્થના.

**સ્વ.રાજેશભાઈ**
(ભાવેશભાઈ) રણછોડભાઈ વૈષ્ણવ
સ્વ.તા.૧૦/૩/૨૦૨૪,
ધોરાજી, (ઉ.વ.૪૮)

લી.

**શ્રી ધોરાજી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી.**
પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા કમીટી સભ્યોશ્રીઓ
ચિન્ટુભાઈ આર. કોયાણી (પ્રમુખશ્રી)
પ્રતીકભાઈ કપુપરા (મંત્રીશ્રી)


# ગોંડલ પંથકમાં દારૂના બે દરોડાઃ ૨૦૪૦ બોટલ સાથે એક ઝડપાયો, એક ફરાર

### વોરાકોટડા ગામની સીમમાં આવેલ ગોડાઉનમાંથી દારૂની ૧૨૯૬ બોટલ સાથે વલ્લભ કાપડીયાને ગોંડલ તાલુકા પોલીસે દબોચી રૂ.૧.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

### હડમતાળાની સીમમાં આવેલ ખરાબામાંથી શરાબની ૭૪૪ બોટલ મળી રૂ.૧.૫૨ લાખનો મુદ્દામાલ કોટડાસાંગાણી પોલીસે પકડી પાડ્યોઃ બુટલેગર દિવ્યરાજસિંહની શોધખોળ

(સલીમ પતાણી, કોટડાસાંગાણી)

રાજકોટ. તા.૧૧

ગોંડલ પંથકનો વિસ્તાર દારૂના ધંધાર્થીઓ બુટલેગરો માટે સ્વર્ગ સમાન બન્યું હોય તેમ અવિરત દારૂ પકડાઈ રહ્યો છે. ગોંડલ પંથકમાં પોલીસે દારૂના બે દરોડા પાડી દારૂની ૨૦૪૦ બોટલ પકડી પાડી હતી. જેમાં ગોંડલ તાલુકા પોલીસે વોરાકોટડા ગામની સીમમાં આવેલ ગોડાઉનમાંથી દારૂની ૧૨૯૬ બોટલ સાથે વલ્લભ કાપડીયાને રૂ.૧.૨૯ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો. જ્યારે કોટડાસંગાણી પોલીસે હડમતાળાની સીમમાં આવેલ ખરાબામાંથી શરાબની ૭૪૪ બોટલ મળી રૂ.૧.૫૨ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જ્યારે બુટલેગર દિવ્યરાજસિંહ નાસી છૂટતાં તેની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ રાજકોટ એસપી જયપાલસિંહ રાઠોડે રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં દારૂની બદી દૂર કરવાની આપેલ સૂચનાથી ગોંડલ તાલુકા પોલીસ મથકના પીએસઆઇ જે.એમ.ઝાલા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે હેડ કોન્સ્ટેબલ કીશનભાઈ ચાવડા, કોન્સ્ટેબલ રવિરાજસિંહ વાળા, સંજય મકવાણા, રાજેશ બાંભવા, રણજીત ધાધલ સહિતનો સ્ટાફને વોરાકોટડા ગામની સીમમાં પથ્થરના ભરડીયા પાસે આવેલ વલ્લભ કાપડીયાની



પડતર વાડીમાં આવેલ ગોડાઉનમાં ઇંગ્લીસ દારૂનો મોટો જથ્થો રાખેલ હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે વાડીમાં દરોડો પાડતાં વાડીમાં કોઈપણ હાજર ન હતુ અને એક ગોડાઉન હોય જેના શટરમાં તાળુ મારેલ હતું. જે બાદ વાડી માલિક વલ્લભને વાડીએ બોલાવી તેનું નામ પૂછતાં વલ્લભ બાવા કાપડીયા (ઉ.વ.૫૬) (રહે.હાલ ગોંડલ ગુંદાળા ફાટક પાસે, મુળ રહે.હડમતાળા,ગોંડલ) હોવાનું જણાવ્યું હતું. બાદમાં ગોડાઉનનું તાળુ ખોલી ચેક કરતાં અંદર ઇંગ્લીસ દારૂની પેટીઓ પડેલી હોય જે તપાસ કરતાં કુલ ૨૭ દારૂની પેટી મળી કુલ ૧૨૯૬ બોટલ મળી આવતાં કુલ રૂ.૧,૨૯,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વાડી માલિક વલ્લભ કાપડીયાની ધરપકડ કરી દારૂ ક્યાંથી લાવ્યો અને ક્યાં સપ્લાય કરવાનો હતો તે અંગે વિશેષ પૂછપરછ હાથ ધરી હતી.બીજા દરોડામાં કોટડાસાંગાણી પોલીસ મથકના પીએસઆઇ આઈ.ડી.જાડેજા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ અરવિંદ દુમાદીયા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ વાઘેલા સ્ટાફને હડમતાળાનો દિવ્યરાજસિંહ ધનશ્યામસિંહ જાડેજા તેની વાડી સામે ખરાબાની જગ્યામા, ઇંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દિવ્યરાજસિંહની વાડીની બાજુમાં આવેલ ખરાબાની જગ્યામા દરોડો પાડી જમીનમા થોડો ખાડો હોય અને ઉપર સુકાય ગયેલ ખડથી ઢાંકેલ ખડ હટાવી તપાસ કરતાં ત્યાંથી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. દારૂની ગણતરી કરતાં કુલ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૭૪૪ બોટલ રૂ.૧.૫૨ લાખનો મુદ્દામાલ મળી આવતાં કબ્જે કરી દારૂનો જથ્થો રાખનાર દિવ્યરાજસિંહ જાડેજાની પોલીસે શોધખોળ આદરી હતી.












**કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયા 'સાંજ સમાચાર' ની મુલાકાતે :** શનિવારે સાંજે કેન્દ્રીય આરોગ્ય મંત્રી, પોરબંદર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી મનસુખભાઈ માંડવીયા ''સાંજ સમાચાર'' પરિવારના મહેમાન બન્યા હતા. તેઓએ કોર્પોરેટ ઓફિસ તથા નિવાસસ્થાને મુલાકાત લીધી હતી. સાંજ સમાચાર ના તંત્રી શ્રી પ્રદીપભાઈ શાહ, યુવા એડિટર અંકુરભાઈ શાહ, કરણભાઈ શાહ, કે.આર.ત્રિવેદી સાથે મનસુખભાઈએ વિવિધ મુદ્દાઓ પર વાતચીત કરી હતી. મનસુખભાઈએ સાંજ સમાચાર કાર્યાલય, મશીન રૂમ સહિતના વિભાગોની મુલાકાત કરી અને માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમ્યાન ધારાસભ્ય રમેશભાઈ ટિલાળા, ભાજપ પ્રવક્તા રાજુભાઈ ધ્રુવ, અનિલ રાદડીયા, જયેન્દ્રભાઈ ગોસલિયા ખાસ ઉપસ્થિત હતા. **(તસવીર : દેવેન અમરેલીયા, ભાવિન રાજગોર)**

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિતના રાજયોમાં ડબલ એન્જીનની સરકારે જે વિકાસ કર્યો છે તે અકલ્પનીય છે : કેન્દ્રીય મંત્રી

# પોરબંદર ક્ષેત્રમાં વિકાસની અનેક તકો : વિશાળ સમુદ્ર કિનારાને ઈકોનોમી હબ બનાવશું : ડો. મનસુખ માંડવીયા

### પોરબંદર લોકસભા માટે ભાજપના ઉમેદવાર અને યુવા સૌરાષ્ટ્રીયન તરીકે જાણીતા બનેલા ડો.મનસુખભાઈ માંડવીયા 'સાંજ સમાચાર'ની શુભેચ્છા મુલાકાતે : પારિવારીક મિલન જેવો માહોલ : એક મત ક્ષેત્રનો વિકાસ સમગ્ર રાજયને નવી દિશા આપી શકે છે : પોરબંદર તે તક ઝડપી લેવા તૈયાર

### કોરોના કાળ સમયે મને દેશના આરોગ્ય મંત્રી તરીકે કામ કરવાની જે તક મળી તે માટે હું નરેન્દ્રભાઈનો આભારી છું : પ્રથમ ઉદ્‌ગાર : કોરોનાનો પડકાર ઉપાડવામાં ભારતે જે ક્ષમતા દર્શાવી તેનાથી વિશ્વ અચંબામાં મુકાઈ ગયું હતું : વેકસીન ઉત્પાદન એ ભારત કરી શકે તેવી કોઈને કલ્પના ન હતી પરંતુ નરેન્દ્રભાઈએ તે કરી બતાવ્યું

રાજકોટ, તા. ૧૧

આગામી લોકસભા ચૂંટણી માટે પોરબંદર સંસદીય મત ક્ષેત્રના ભાજપના ઉમેદવાર તરીકે પસંદ થયા બાદ પ્રથમ વખત રાજકોટની મુલાકાતે આવેલા કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખભાઇ માંડવીયાએ 'સાંજ સમાચાર'ની શુભેચ્છા મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે એક મત વિસ્તારનો વિકાસ એ સમગ્ર રાજયને દિશા આપી શકે છે અને પોરબંદરમાં હું તે જોઇ શકું છું. ઉમેદવાર તરીકે પસંદ થયેલા બાદ પોરબંદરથી ગોંડલ સુધીના તેમના મત વિસ્તારનો પ્રથમ વિજળીક પ્રવાસ પુરો

### સૌરાષ્ટ્રને એઈમ્સ મળી તેનાથી આરોગ્ય ક્ષેત્રે એક નવી અને શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ બનશે : પોરબંદર સહિતના વિસ્તારોમાં નવા ઉદ્યોગો માટે અનેક તકને અમે વાસ્તવિકતા બનાવશું : રાજકોટ અને અમદાવાદ સાથેનું સીધુ રોડ તેમજ હવાઈ અને દરિયાઈ કનેકશન વધારવા માટે પણ કાર્યરત : ફીશીંગ હાર્બર બનાવી સાગરખેડૂની સમૃધ્ધિ વધારશું

કર્યા બાદ ડો.માંડવીયા રાજકોટ પહોંચ્યા હતા અને તેઓએ પોતાના અનુભવો દર્શાવતા કહ્યું હતું કે દેશભરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની લહેર છે તે હું મારા મત ક્ષેત્રમાં જોઇ રહ્યો છું અને આગામી સમયમાં પોરબંદરના વિકાસ માટે મારી પાસે બ્લુ પ્રિન્ટ છે અને એક વખત ચૂંટાયા પછી હું તેના અમલ માટે કામ કરીશ. શ્રી માંડવીયાએ કહ્યું કે ગુજરાત અને સૌરાષ્ટ્રને જે લાંબો દરિયો કિનારો મળ્યો છે તે રાજયનું અને દેશનું ઇકોનોમી હબ બની શકે છે જેમ જામનગર જિલ્લાને રીફાઇનરી સહિતના ઉદ્યોગોથી એક નવી ઓળખ મળી છે તે જ પોરબંદર અને આસપાસના તેમજ ઘેડ સહિતના વિસ્તારોમાં હું જોઇ રહ્યો છું. એક તરફ વિશાળ દરિયા કિનારો અને છેક રાજકોટના આંતરરાષ્ટ્રીય વિમાની મથક સાથેની કનેકટીવી એ મારા મત ક્ષેત્ર માટે લાભદાયી બની જશે અને તેના આધારે પોરબંદર જ નહીં સમગ્ર મત વિસ્તારનો વિકાસ થશે અને તેનો લાભ આસપાસના તમામ ક્ષેત્રને મળશે તે નિશ્ચિત કરવા હું આગળ વધીશ. માંડવીયાએ કહ્યું કે સૌરાષ્ટ્રને એઇમ્સની સુવિધા મળી છે અને તેથી જ આરોગ્ય ક્ષેત્રે એક સૌથી મોટી ઉપલબ્ધિ બનશે. તેમણે કહ્યું કે પોરબંદર સહિતના મત ક્ષેત્ર એ પાકિસ્તાન સાથે પણ દરિયાઇ સરહદ ધરાવે છે અને તેથી સુરક્ષાની દ્રષ્ટિએ વધુ પગલા લેવાશે. ફિશીંગ સહિતના હાર્બર પોરબંદર અને તેના સાથે જોડાયેલા દરિયાઇ ક્ષેત્રને મળે તે પણ નિશ્ચિત કરીશ. એક વખત ચૂંટણી પૂરી થયા બાદ હું તમામ ક્ષેત્રના અગ્રણીઓ સાથે બેસીને આ અંગે આગળ વધીશ.

'સાંજ સમાચાર'ના તંત્રી પ્રદીપભાઇ શાહ, એકઝીકયુટીવ ડીરેકટર અંકુરભાઇ શાહ અને એકઝીકયુટીવ એડીટર કરણભાઇ શાહ સાથેની વાતચીતમાં તેઓએ પોતાના કોરોના કાળ સમયની કામગીરીનો પણ વ્યાપક માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે વેકસીન બનાવવાનો જે પડકાર ભારતે ઉપાડયો તે દુનિયામાં એક અનોખો છે.

૨૦૨૦-૨૧ એ સમય આ સદીમાં ફકત ભારત નહીં વિશ્વ માટે સૌથી મોટો પડકાર હતો અને કોરોના એ જે રીતે અચાનક જ એક સંક્રમણ કર્યુ તેમાં વિશ્વની ક્ષમતા પણ પુરવાર થઇ પરંતુ આ કોરોના કાળે ભારતને વિશ્વના વૈજ્ઞાનિક અને ટેકનોલોજી તેમજ જ્ઞાનના નકશામાં ઉપરના સ્થાને મુકવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો.મનસુખભાઇ માંડવીયાએ 'સાંજ સમાચાર'ની શુભેચ્છા મુલાકાત દરમ્યાન આ શબ્દો કહેતા ઉમેર્યુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતે જે આધુનિકતામાં ફાર્મા ક્ષેત્રે કોરોના કાળ સમયે દુનિયાની સાથે સ્પર્ધા કરીને વેકસીન ક્ષેત્રે સંશોધન જ નહીં તેનું ઉત્પાદન અને વિતરણ તેમજ દેશના દરેક અપેક્ષીત લોકોને કોરોનાના ડબલ ડોઝ લાગી જાય તે જોયું તે એક સૌથી એક ઉપલબ્ધિ બની રહી છે.

તેઓએ ઉમેર્યુ કે, વિશ્વમાં જયારે ૨૦ ડિસેમ્બર ૨૦૨૦ના પ્રથમ વેકસીન લોન્ચ થઇ તેનાથી એક મહિનાથી ઓછા ગાળામાં એટલે કે ૧૬ જાન્યુઆરી ૨૦૨૧ના ભારતમાં વેકસીન લોન્ચ કરાઇ અને તેનું રાઉન્ડ ધ કલોક ઉત્પાદન શરૂ કરાયું પરંતુ ફકત વેકસીનના ઉત્પાદનથી જ પ્રશ્ન પૂરો થતો ન હતો. દેશભરમાં તેનું વિતરણ અને તે પણ નિયમિત તથા અત્યંત ઓછા સમયે થાય તે જોવાનું હતું. વેકસીન ઉત્પાદન કેન્દ્રથી એરપોર્ટ સુધી અને ત્યાંથી રીજીયોન મથક અને ત્યાંથી જીલ્લા અને ત્યાંથી દરેક ગામ સુધી વેકસીન પહોંચે તેનું શેડયુલ બનાવાયું. સતત ડીજીટલ મોનીટરીંગ થયું. વેકસીન ઉત્પાદન ફેકટરીઓથી લઇ છેક કેન્દ્ર સુધી વેકસીન પહોંચે તેનું મારી ઓફિસમાંથી રોજ મોનેટરીંગ થતું હતું. આ માટે રેફ્રીજરેટરેડ વાન, સીરીંઝ સહિતની વ્યવસ્થા પણ થઇ અને દેશના લોકોને કોરોના સામે સૌથી શ્રેષ્ઠ રક્ષણ એ વેકસીનના ડોઝ અપાયા અને આજે ગર્વથી કહી શકીએ કે ભારત એ દુનિયામાં કોઇ ક્ષેત્રમાં પાછળ રહી શકે તેમ નથી.

માંડવીયાએ આ ઉપરાંત અન્ય દેશો સાથેના તેમના સંપર્કો અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જે રીતે વિશ્વના નેતાઓ સાથે તેમના ખાસ સંબંધોનો ઉપયોગ કરીને વેકસીન માટે જરૂરી રો-મટીરીયલથી લઇ સીરીંઝ અને અન્ય આવશ્યકતા ઉપલબ્ધ બનાવી તે મહત્વનું બની રહ્યું. આ મુલાકાત દરમ્યાન તેઓએ અનેક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી હતી.

### વેકસીનને મોદી વેકસીન ગણાવી ગભરાટ ફેલાવવા પ્રયત્ન થયો હતો : ડો.માંડવીયા

શ્રી મનસુખભાઇ માંડવીયાએ કહ્યું દેશમાં વેકસીન ઉત્પાદન થયું પછી પણ પ્રાથમિકતા અંગે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ એકશન પ્લાન બનાવ્યો. સૌપ્રથમ કોરોના સામે લડતા જેને કોરોના વોરિયર્સ તરીકે ઓળખાયા તેઓને દર્દીની સારવાર દરમ્યાન સંક્રમણ ન લાગે તે માટે કોરોના વોરિયર્સને પહેલા વેકસીન અપાઇ ત્યારબાદ ૭૦ વર્ષ કે તેથી વધુના વયના સિનિયર સીટીઝનોને વેકસીન અપાઇ અને ત્યારબાદ ૬૦ વર્ષ કે તેથી વધુના લોકોને ઉપરાંત કે જેઓ કોમોર્બીડીટી એટલે કે અન્ય રોગ ધરાવતા હતા તેઓને વેકસીન અપાઇ અને ત્યારબાદ યુવા સહિતના તમામને અપાઇ . શ્રી માંડવીયાએ કહ્યું કે વેકસીન સામે પણ વિપક્ષોએ કાગારોળ મચાવીને આ પ્રકારના પડકાર સમયે પણ દેશને ગુમરાહ કરવા પ્રયત્ન કર્યો હતો. વિપક્ષોએ તેને મોદી વેકસીન ગણાવી અને પ્રશ્ન કર્યો કે જો વેકસીન પ્રત્યે વિશ્વાસ હોય તો શા માટે વડાપ્રધાન પોતે વેકસીન લેતા નથી. પરંતુ વડાપ્રધાન મોદીએ નિશ્ચિત કર્યુ હતું કે ક્રમ સરકારે નકકી કર્યો છે તે મુજબ જ વેકસીન તેઓ પણ લેશે અને જયારે ૬૦ વર્ષના ઉપરના લોકોને વેકસીનનો ક્રમ આવ્યો અને વડાપ્રધાને લીધી તો એવો પ્રશ્ન ઉભો થયો કે દેશના લોકોને વેકસીન વગર રાખીને ખુદ વડાપ્રધાન વેકસીન લઇ રહ્યા છે.

### ગરીબ રાષ્ટ્રોને વેકસીન આપી, જર્મની સહિતના દેશોએ ભારત પાસેથી મેડીસીન પણ મેળવી

આરોગ્ય મંત્રી ડો. મનસુખ માંડવીયાએ કહ્યું કે ભારતે વેકસીનનું ઉત્પાદન કર્યુ તેમાં વિશ્વને કુટુંબ તરીકે જોયુ અને આફ્રિકા ખંડ સહિતના અનેક દેશો કે જેઓ વેકસીન તો શું કોરોના સામે સામાન્ય મેડીસીન પણ મેળવવામાં અસક્ષમ હતા તેઓને ભારતે વેકસીન પહોંચાડી તો પોતાનો અનુભવ કહેતા કહ્યું કે એક રાત્રે મને જર્મનીના આરોગ્ય મંત્રીનો ફોન આવ્યો અને તેઓએ કોરોના સામે મેડીસીનની જરૂર હોવાનું જણાવીને ભારતને તે પૂરી પાડવા વિનંતી કરી અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ તુર્ત જ તેમાં એકશન લઇને મેડીસીન પહોંચાડી હતી.

### ડેલ્ટા સૌથી ખતરનાક હતો હવે કોરોના સામાન્ય ઈન્ફેકશન

આરોગ્ય મંત્રી મનસુખભાઇ માંડવીયાએ કહ્યું કે કોરોનામાં ડેલ્ટાનું જે વેરીએન્ટ આવ્યું તે સૌથી ખતરનાક હતું અને તે સમયે સૌથી વધુ લોકો કમનસીબ રીતે મૃત્યુને ભેંટયા પરંતુ હવે કોરોના એ સામાન્ય ઇન્ફેકશન જેવું બની ગયું છે. હાલમાં જ એક નેતાએ મને ફોન કરીને તેમને કોરોના થયો હોવાનું જણાવતા કહ્યું કે ચિંતા કરોમાં હવે કોરોના કોઇ રીતે મુશ્કેલી સર્જી શકે તેમ નથી. દેશના લોકો વેકસીનથી સુરક્ષીત છે અને એન્ટીબોડી પણ બની ગઇ છે. સામાન્ય સારવાર લઇને પણ તમે કોરોનામાંથી મુકત થઇ શકો છો.

# જુનાગઢમાં મધરાતે મસ્જીદનું ડિમોલીશનઃ મંદિર-સર્કલનું દબાણ પણ દૂર કરાયું

## વિવાદીત મસ્જીદને હટાવવા લોખંડી બંદોબસ્ત ગોઠવાયોઃ રાતે સાબલપુર ચોકડીથી મધુરમ બાયપાસ સુધી પ્રવેશબંધી ફરમાવી ઓપરેશન પાર પાડયું; દબાણનો કાટમાળ હટાવી જગ્યા પેવર કરી દેવામાં આવી

જુનાગઢ તા.૧૧

જુનાગઢમાં જાહેર માર્ગ ઉપર નડતરરૂપ મંદિર, મસ્જિદ અને સર્કલને તંત્રએ રાતોરાત ડિમોલીશન કરી કાટમાળ હટાવી દબાણ સ્થળે પેવર પાથરી દેતા મનપાના ઈતિહાસમાં પ્રથમ વખત મેટ્રોસીટી જેવી ઝડપે કામગીરી થઈ હતી. આ પગલાને ધ્યાને લઈ શહેરમાં લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

અહીંના મજેવડી દરવાજા બહાર માર્ગ વચ્ચે આવેલ મસ્જિદની કાયદેસરતા માટે મનપા તંત્રએ સાતેક માસ પહેલા નોટીસ ચોટાડતા જ કેટલાક લોકોએ મસ્જિદ તોડી પાડવા માટે લઘુમતી સમાજને ગુમરાહ કરતા મોટું ટોળું એકત્ર થઈ પોલીસ ઉપર હુમલો, સરકારી મિલ્કતને નૂકશાન કરાયું હતું.

આ બનાવના ઘેરા પડઘા પડયા હતા. પોલીસ તંત્રનું મોરલ તોડવાના પ્રયાસ પછી તંત્ર મકકમ બન્યું હતું. અને મસ્જિદના આધાર-પુરાવા મનપામાં રજૂ કરાયા હતા અને સરકારી નહીં બોર્ડના હતા તેથી આ માર્ગ ઉપરની મસ્જિદને દૂર કરવા તંત્રએ નિર્ણય કરી લીધો હતો. માત્ર યોગ્ય સમયની રાહ જોવાતી હતી.

દરમ્યાનમાં શિવરાત્રી મેળામાં એસઆરપી સહિત ત્રણ હજાર જવાનોને બંદોબસ્તમાં ઉતારાયા હતા. જેળો પૂર્ણ થયા બાદ બંદોબસ્તમાં રહેલા જવાનોને છૂટ્ટા કરવાના હોય છે પણ કરાયા ન હતા. તે પાછળ માર્ગો ઉપરના મંદિર, મસ્જિદ અને સર્કલ દુર કરવાનું આયોજન ઘડાયું હતું.

આ ડિમોલીશન યોજના ગુપ્ત રાહે ઘડાઈ હતી. ગત મધરાતે પોલીસે સાબલપુર ચોકડી તથા મધુરમ બાયપાસથી શહેરમાં વાહન પ્રવેશબંધી કર્યા બાદ રાત્રીના દોઢેક વાગ્યે બે જેસીબી ડમ્પર, માણસો, અધિકારીઓ મજેવડી દરવાજે એકત્ર થઈ મસ્જિદને દૂર કરવાનું શરૂ કર્યુ હતું.





આ અંગેની મજેવડી દરવાજા વિસ્તારના લોકોને જાણ થતા ઉંઘમાંથી ઉઠી નજારો જોવા નીકળતા પોલીસના ધાડા જોઈ સમસમી બેસી ગયા હતા. આ કામગીરી વહેલી સવાર સુધીમાં આટોપી લઈ કાટમાળ પણ હટાવી લેવાયો હતો.

ત્યારબાદ મસ્જિદ સ્થળે પેવરથી ભરી દેવાયો હતો. સવાર થતા એસઆરપી સહિતનો લોખંડી બંદોબસ્ત ઉપરાંત પોલીસ પેટ્રોલીંગ વધારી દેવાયું હતું. પણ આ મુદ્દે કોઈ બહાર ડોકાયું ન હતું. આ સાથે રેલવે સ્ટેશન રોડ ઉપર રામદેવપીરની ડેરીને તોડી પાડવામાં આવી હતી.

રાતોરાત આરંભાયેલા ડિમોલીશનમાં તળાવ દરવાજા પાસે જલારામ સર્કલ બનાવાયું હતું. તે માર્ગમાં પેશકદમી હોવાથી તંત્રએ તેને પણ દુર કર્યુ હતું. જીલ્લા વહીવટી તંત્ર તથા મનપા તંત્રએ સંયુકત રીતે હિન્દુ-મુસ્લિમોના ધાર્મિક સ્થળો નડતરરૂપ હોવાથી દુર કરાયા હતા. તંત્રના આ પગલાનો શહેરમાં કયાંય વિરોધ જણાયો નથી. કારણ કે બન્ને કોમોના ધાર્મિક સ્થળો હોય કોઈ રાગદ્વેષનો પ્રશ્ન રહ્યો ન હતો અને આ પગલાને શહેરીજનો આવકારી રહ્યા છે. આ દબાણો હટાવાતા પ્રજાજનોની સુવિધા વધશે.

# ગોંડલમાં પોરબંદર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ડો.માંડવીયાનું ભવ્ય સ્વાગતઃ વિશાળ બાઈકરેલી યોજાઈ

## જયરાજસિંહ જાડેજાએ માફીયા તત્વોને માથુ ઉંચકતા બંધ કરાવ્યા છેઃ ડો.માંડવીયા






ગોંડલ,તા.૧૧

પોરબંદર લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ડો.મનસુખભાઇ માંડવીયા બપોરે વિરપુર થી ગોંડલ પંહોચ્યા ત્યારે જામવાડી ખાતે તેમનું ભવ્ય સન્માન કરાયું હતુ.જામવાડી થી યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજા,ભાજપ પ્રમુખ ઉપેન્દ્રસિંહ ચુડાસમાની આગેવાની હેઠળ વિશાળ બાઇક રેલી ડો.માંડવીયા સાથે જોડાઇ હતી.જે રમાનાથધામ તથા રામજીમંદિર થઈ ધારાસભ્ય ગીતાબા જાડેજાનાં નિવાસસ્થાને પંહોચી હતી.

અહી પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજાએ ડો.માંડવીયાનુ સ્વાગત કર્યું હતુ.આ વેળા ઉપસ્થિત જનમેદનીને સંબોધતા ડો.મનસુખભાઇ માંડવીયાએ કહ્યુ કે પોરબંદર થી ગોંડલ સુધી મેં કાર્યકર્તાઓ નો ઉત્સાહ અને મોદી પ્રત્યે નો વિશ્વાસ જોયોછે.વિજય નરેન્દ્ર મોદીનો છે.ભાજપ નાં કાર્યકર્તા સમર્પણ ભાવ થી લોકોની અપેક્ષાઓ પુર્ણ કરવા મહેનત કરેછે.આ ભાજપ ની ખુબી છે.ડો.મનસુખભાઇ માંડવીયાએ કહ્યુ કે જયરાજસિહ જાડેજા અને તેમનો પરીવાર જે રીતે લોકોની સેવા કરી રહ્યા છે તે તેમનાં સંસ્કાર છે.તેમણે સુચિત વિધાન કર્યુ કે ૧૯૯૫ માં ગોંડલ ની પરિસ્થિતિ વિપરિત હતી.જનતામાં સુરક્ષાની માંગ હતી.તે સમયે કેશુભાઈ પટેલે જયરાજસિહ ની પસંદગી કરી અહી મુક્યા.જયરાજસિહ જાડેજાએ લોકોની સેવા અને સુરક્ષા આજસુધી જાળવી રાખીછે.માફીયા તત્વોને માથું ઉચકતા બંધ કરાવ્યા છે.

ડો.મનસુખભાઇ માંડવીયાએ અક્ષર મંદિરે દર્શન કરી બપોર નાં માર્કેટ યાર્ડ ખાતે પાટીદાર આગેવાનો સાથે બંધ બારણે ગુફતગુ કરી હતી.ગોંડલ માં ડો.માંડવીયા સાથે ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા,લીંબડીનાં ધારાસભ્ય કિરીટસિંહ રાણા, આર.સી.ફળદુ, ભાજપ મોવડી જયરાજસિહ જાડેજા,જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા,અશોકભાઈ પીપળીયા,પ્રફુલભાઈ ટોળીયા સહિત આગેવાનો જોડાયા હતા.

# ઉનાનાં નવાબંદર ગામે સિંહણનાં રહેણાંકી વિસ્તારમાં આંટા ફેરાઃ ભયનો માહોલ

ઊના, તા.૧૧

ઊનાનાં નવાબંદર ગામે દરીયાઇ સીમા નજીક આવેલાં રહેણાંકી વિસ્તારમાં રાત્રિના સમયે સિંહણ અને સિંહ નાં અવારનવાર આંટા ફેરા મારતાં રાત્રીનાં સમયે બંદર પર જતાં આવતાં માછીમારો માટે ભય નું વાતાવરણ ફેલાઈ રહ્યું છે.

નવાબંદર નજીક નાદણ અને જાખરવાડા વિસ્તારમાં આવેલા વન્ય અભયારણ્ય વિસ્તારમાં સિંહ પરીવારનો વસવાટ કરતા હોવાથી રાત્રીનાં સમયે શિકારની શોધમાં નવાબંદર નાં ઈદગાહ વિસ્તાર મફતિયા પરા અને નજીક નાં ગામ વચ્ચે આવેલાં રહેણાંકી વિસ્તારમાંની ગલી મોહલ્લા માં આવી જતાં હોય અને શ્વાન દ્વારા આ સિંહ પરીવાર ને ભગાડી મુકતાં હોવાનાં દ્રષ્ય સામે આવી રહ્યા છે માનવ વસ્તીમાં આ સિંહ પરીવાર રેઢીયાળ ઢોર નો શિકાર મળી રહેતો હોવાનાં કારણે જાખરવાડા,નવાબંદર,રામપરા,નાદણ, નાલીયા માંડવી, વાસોજ સુધી રોડ પર ગીર નાં સાવજો નાં આંટાફેરા એ આ વિસ્તારમાં રાત્રીના સમયે વાહનો પર જતાં આવતાં લોકો માટે ભય ઉભો કર્યો છે



પરંતુ આ વિસ્તારમાં વન્ય પ્રાણી પ્રેમી જનતા હોવાનાં કારણે વન્ય જનાવરો ની અવર જવર હોવાં છતાં પણ કોઈ પ્રકાર ની હેરાનગતિ નહીં કરતાં હોવાનાં કારણે સિંહ પરીવાર સુરક્ષીત સલામતિ ભર્યા રહેતાં હોય છે આ વિસ્તારમાં લોકો ને દરરોજ સિંહ નાં દર્શન જોવા મળી રહ્યા છે.

ક્યારેક સિંહ પરીવાર સાથે દેલવાડા દીવ રોડ પર આવી ચડતાં હોવાનાં કારણે દિવ થી આવતાં જતાં વાહનો નો ભોગ સિંહ ન બને તેવાં હેતુસર વન્ય વિભાગ દ્વારા નિયમિત પેટ્રોલીંગ શરૂ કરવું જોઈએ તેવી વન્ય પ્રેમી જનતા માં માંગ ઉઠી રહી છે.

# ઉપલેટા તાલુકાના નિલાખા ગામે રીક્ષા ડ્રાઈવર પર બે શખ્સોનો હુમલો

(કૃષ્ણકાંત ચોટાઇ દ્વારા) ઉપલેટા, તા.૧૧



ઉપલેટા તાલુકામાંથી મોજ નદી અને ભાદર નદી પસાર થાય છે આ નદીમાં પુષ્કળ પ્રમાણમાં રહેતી હોય ખનીજ માફિયાઓ દ્વારા રેતીનું ખુલ્લેઆમ ચોરી કરવામાં આવે છે જે જગ્યાએ લીઝ નથી ત્યાંથી પણ ગેરકાયદેસર રેતી કાઢી કાઢવામાં આવી રહી છે. ગઈકાલે ઉપલેટા તાલુકાના ગામે નિલાખા ગામેથીથી રિક્ષા લઈને જતા કાનાભાઈ પુંજાભાઈ કાનગઢ (ઉંમર વર્ષ ૫૦) ને પોરબંદર રોડ ઉપર કાળા કલરના સ્કોર્પીઓમાં આવી બે શખ્સોએ લોખંડના પાઇપથી માર મારી હાથ પગમાં ફેક્ચર કર્યા નો બનાવ બનેલ છે . આ બનાવની વિગત એવા પ્રકારની છે કેઉપલેટા તાલુકાના ગામમાંથી રહેતી ગેરકાયદેસર કાઢતા કેટલાક લોકો ડમ્પર ભરીને જતા હતા ત્યારે ગામના લોકો સાથે કાનાભાઈ પુંજાભાઈ કાનગડે રેતીનું ડમ્પર રોકાવેલું હતું આ બનાવનો ખાર રાખીને કાના પૂજા ગઈકાલે પોતાની રીક્ષા લઇ ઉપલેટા સિમેન્ટ ભરવા આવી રહ્યા હતા. ત્યારે પોરબંદર રોડ પાસે કાળા કલરના તભજ્ઞશિજ્ઞ માં વિશાલ ડાંગર તથાદેવાભાઈ વાવડી વાળા રિક્ષા રોકીને નીચે ઉતારી લોખંડના હુમલો કરતા તેમના હાથ અને પગમાં ફેક્ચર કરી ભાગી છુટ્યા હતા બાદમાં કાનાભાઈએ ઉપલેટ દવાખાને દાખલ થઈ અને પોલીસમાં પોતાની ફરિયાદ નોંધાવી હતી.

# બોટાદમાં જિલ્લા કક્ષાની કરાટે ચેમ્પિયનશીપ સ્પર્ધા યોજાઇ

(રીમલ બગડીયા) બોટાદ, તા.૧૧

જ્ઞાનમંદિર સ્કૂલમાં સ્પોર્ટ્સ કરાટે એસોસિયન બોટાદ દ્વારા બોટાદ જિલ્લા લેવલ કરાટે સ્પર્ધા યોજાઈ. જેમાં બહોળી સંખ્યામાં બાળકો એ ખૂબ ઉત્સાહ થી ભાગ લીધો હતો. સ્પોર્ટ્સ કરાટે એસોસીએશન બોટાદ ના પ્રમુખ અને ત્રણ ડિગ્રી બ્લેક બેલ્ટ સેનસાઈ રાઠોડ લાલજીભાઇ સાહેબ એ જણાવ્યા મુજબ એક દિવસમાં બે સ્પર્ધા સ્પર્ધા યોજાઇ. કાતા અને કુમિતે (ફાઇટ).

જેમાં અલગ અલગ વજન અને ઉંમર શ્રેણીમાં બેઉ રમત ના વિજેતા ખેલાડી ને મેડલ આપી સન્માનિત કર્યા. એની ઉપરાંત બેસ્ટ ગર્લ પ્લેયર અને બેસ્ટ બોય પ્લેયર ને ટ્રોફી એવોર્ડ આપી જે બંને રમતમાં પ્રથમ નંબરે આવ્યા ડબલ ગોલ્ડ મેડલ મેળવ્યા. અંડર ૯ ભાઈઓ માં ત્રિવેદી પ્રસન્ન એ અંડઅ ૧૪ ભાઈઓ વોરા પ્રાંશુ રાકેશભાઈ, અંડર ૧૭ માં વોરા ધાર્મી રાજેશભાઈ ઓપનમાં બેઢીયા અલીશા પંકજ ભાઈ, ટ્રોફી એવોર્ડ આપી અને સન્માનિત કર્યા. જીતેલા બાળકો પ્રથમ દ્વિતીય નંબરે આવેલા આગામી દિવસોમાં જિલ્લા લેવલની સ્પર્ધા રમવા જશે. તમામ બાળકોએ સ્કૂલ પરિવાર, ટ્રસ્ટીગણ, ઘર પરિવાર અને કરાટે કોચ



તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા

# સિંહ

(છેલ્લા પાનાનું ચાલું)

વાય.વી.માલમના કહેવા પ્રમાણે આફ્રિકા કરતાં ગુજરાતમાં સિંહોનું રક્ષણ-સંવર્ધન વધુ સારી રીતે થાય છે.સિંહ-માનવીનુ ઘર્ષણ પણ આફ્રિકામાં વધુ છે. સૌરાષ્ટ્રમાં બન્ને સાથે રહેતા શીખી જાય છે.

૭૦૦ વર્ષ અગાઉ યુરોપમાં પણ સાવજો હતા. આફ્રિકાથી વિભાજીત થઈ મધ્ય ભારત ગુજરાત સુધી પહોંચ્યા હતા. ૧૯૬૦ ના દાયકામાં ઈરાન સાથે ચિતાના બદલામાં સિંહ આવ્યાના કરાર થયા હતા. ઈરાન સિંહની વસ્તી ધરાવવાની ઈચ્છા ધરાવતુ હોવાનું સાબિત થયુ હતું.

વન વિભાગનાં અધિકારીએ કહ્યું કે સૌરાષ્ટ્રમાં ઝેરી મારણથી સિંહના શિકાર કયારેય થયા નથી. સિંહો ખેડૂતોનાં ગાય-બળદનાં શિકાર કરે તો પણ કિસાનો સહન કરી લે છે વિપરીતપણે સિંહોને કારણે નીલ ગાય જેવા પ્રાણીથી ખેતરોને રક્ષણ મળે છે.

# અપહરણ

(છેલ્લા પાનાનું ચાલું)

વિશાલે આરોપી પ્રભાત પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. જેમાં જયદીપ જામીન હતો. વિશાલ દારૂના કેસમાં પકડાતા આરોપીઓ જયદીપ પાસે ઉઘરાણી કરતા હતા.

ફરિયાદી જયદીપ ઉર્ફે દીપો તેજાભાઈ ઝાપડીયા (ઉ.વ.૨૫) એ જણાવ્યું કે, હું જસદણ તાલુકાના શિવરાજપુર ગામે સત્યજીતનગરમાં મારા પરીવાર સાથે રહું છું અને સેન્ટીંગનું મજુરી કામ કરું છું. મારે સંતાનામાં બે દીકરા છે. આજથી દશેક મહીના પહેલા ભીમ અગીયારસ ઉપર કાળસર ગામે રહેતા મારા મિત્ર વિશાલ શામજી વાસાણીએ મને કહ્યું હતું કે, તેને પૈસાની જરૂર છે. જસદણનો પ્રભાત બહાદુર જળુ કે જે વ્યાજનો ધંધો કરે છે, જેથી વિશાલને વ્યાજે પૈસાની જરૂર હોય મને વચ્ચે રહેવાનું કહેતા મેં હા પાડેલ હતી. આ પ્રભાત પાસેથી રૂ.૧ લાખ દરોરોજનું રૂ.૧ હજાર વ્યાજ લેખે વિશાલને અપાવેલ. ત્યારે પ્રભાતે મને કહેલ હતુ કે, તું આ વ્યાજમાં જામીન છો, જો મને રેગ્યુલર વ્યાજ નહી મળે તો તારી પાસે વ્યાજ લઇશ. તારી ખેતીની જમીન પડાવી લઇશ. તેમ મને કહેલ હતું. જેથી વિશાલએ કહેલ કે હું રેગ્યુલર વ્યાજ ભરીશ. ચીતલીયા રોડ ઉપર પ્રભાતની ઓફીસે રૂ.૧ લાખ આપેલ હતા. પછી વિશાલ પ્રભાતને રેગ્યુલર વ્યાજ ભરતો હતો. વિશાલ એક મહીના પહેલા ઇંગ્લીશ દારૂના ગુનામાં પકડાયેલ હતો જેથી વ્યાજના પૈસા આપી શકેલ નહીં. પછી પ્રભાત હું જામીન હોય જેથી મને ફોન કરીને મારી નાખવાની ધમકી આપતો. વ્યાજ તથા મુળ રકમની માંગણી કરી, મારા ઘર પાસે આવીને મને બહાર બોલાવીને ધમકી આપતો. મને કહેતો કે, તું વ્યાજ તથા મુળ રકમ આપ નહિતર તારી જમીનનું લખાણ કરી આપ. ઉપરાંત પ્રભાત તથા તેની સાથે જસદણનો વિરાજ કિશોર ચાવડા ધમકી આપતા કે, તને ઉપાડી જઈશુ, દાટી દેશુ, ખબર પણ નહી પડે.

વધુમાં જયદીપે જણાવ્યું કે, તા.૧૦/૨/૨૦૨૪ ના રાતે આઠેક વાગ્યે હું ઘરે હતો, ત્યારે આ પ્રભાતનો ફોન આવેલ અને મને ગામના પાદરે બોલાવેલ. પાદરે થાર ગાડીમાં આ પ્રભાત જળુ તથા વિરાજ ચાવડા બંને આવેલા. મને અપશબ્દો કહીં બળજબરીથી થાર ગાડીમાં બેસાડી દીધેલ. મેં મારી ઘરવાળીને ફોન કરી કહ્યું કદ, પ્રભાત મને ગાડીમાં ઉપાડી જાય છે કયા લઈ જાય છે તે ખબર નથી. પછી આ લોકો મને થારમાં ગોખલાણા ચોકડીથી આગળ પેટ્રોલપંપ પછી ધરતી હાઇટસ ફ્લેટ હોય ત્યાં લઇ ગયેલ. રસ્તામાં અપશબ્દો કહેતા હતા. જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. ખેતીની જમીન મારા પપ્પાના નામે હોય તેનું લખાણ કરી દેવા ધમકી આપતા હતા. ફ્લેટમાં મને એક રૂમમાં પુરી દીધેલ. મારી પત્નીએ પોલીસમાં જાણ કરેલ હોય, જેથી પોલીસ ફ્લેટ પર આવી જતા અમને જસદણ પોલીસ સ્ટેશને લઈ આવેલ અને પોલીસે હિંમત આપતા ફરિયાદ નોંધાવી હતી. એ આ ફરીયાદ મોડી કરવાનું કારણ એ છે કે આ પ્રભાતનો ખુબ જ ઝનુની સ્વભાવ હોય, અને આ પ્રભાત વિરુદ્ધ ફરીયાદ કરું તો મને મારશે તેવી બીક હોવાથી જે તે સમયે ફરીયાદ કરી નહોતી.

પીઆઈ તપન જાનીના માર્ગદર્શન હેઠળ, જસદણ પોલીસના સ્ટાફે વ્યાજખોરી અને અપહરણ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી આરોપીઓને સકંજામાં લીધા છે.

# અવસાન નોંધ

**મોરબી :** ભાવસાર મનહરલાલ માધવજીભાઈ (પીપળીયા) (સૌરાષ્ટ્ર લોજ વાળા) તે અશોકભાઈ, હિતેન્દ્રભાઇ, હીરેનભાઈના કાકા તથા ભાવનાબેન, અંજનાબેન, પાયલબેન ,પુનમબેન , તૃપ્તિબેનના પિતાનું તા.૧૦ને રવિવારના રોજ અવસાન થયેલ છે. જેમની પ્રાર્થના સભા તા.૧૨ને મંગળવારના રોજ શ્રી દશાશ્રી માળી વણીક જ્ઞાતીની વાડી, જુના બસ સ્ટેન્ડ પાસે, બેંક ઓફ બરોડા સામે, મોરબી ખાતે સવારે ૯.૩૦ થી ૧૧ કલાકે રાખેલ છે.

# વાંકાનેરમાં ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા જનજાગૃતિ સેમિનાર યોજાયો

(લિતેશ ચંદારાણા) વાંકાનેર તા.૧૧

આગામી તા.૧૫ માર્ચના રોજ 'વિશ્વ ગ્રાહક દિન'ની ઉજવણીના ભાગરૂપે વાંકાનેર શહેર/તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા અત્રેની એસ.એમ.દોશી એન્ડ આર.એન.દોશી કોલેજ ખાતે જનજાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો તથા દોશી કોલેજના પ્રિન્સીપાલ ચુડાસમા દ્વારા દીપ પ્રાગટય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ તકે મોરબી શહેર ગ્રાહક સુરક્ષા મંડળના ઉપપ્રમુખ હિતેષભાઈ મહેતાએ માણસ આજીવન ગ્રાહક હોવાનાં વિભાવના સુંદર રીતે સમજાવી હતી. આ તકે મંડળના બળવંતભાઈ વીંછીએ પ્રવચન આપ્યુ હતું. જયારે વાંકાનેર મામલતદાર કચેરીનાં નાયબ પુરવઠા અધિકારી ગઢવીએ ગ્રાહક તરીકે બાળકોની ફરજો વિશેની જાણકારી આપી હતી. વિશેષમાં પ્રિન્સીપાલ ચુડાસમા પોતાના પ્રતિભાવમાં ખરીદી કે સેવા લેવામાં થતા અન્યાયના સંજોગોમાં ગ્રાહક સુરક્ષા મંડળ ન્યાય મેળવવાનું ઉતમ હથિયાર ગણાવ્યુ હતું.

આ ઉપરાંત મંડળના મંત્રી યુ.એ.કડીવારે વસ્તુ ખરદી વેળાએ શું તકેદારી રાખવી તે વિશે જરૂરી જાણકારી આપી હતી. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન પ્રમુખ ગોસ્વામીએ કર્યુ હતું તેમજ આભારવિધિ ઉપપ્રમુખ ગફારભાઈ રાઠોડે કરી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન બીપીનભાઈ દોશી (દોશી બ્રધર્સ) કર્યુ હતું. આ તકે મંડળના સભ્યો મનીષભાઈ ગોહેલ, લલિતભાઈ ભીંડોરા, ૠષિભાઈ જોબનપુત્રા તથા મહમદભાઈ કડીવારે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# હૃદય

(છેલ્લા પાનાનું ચાલું)

તેની ઝપટમાં આવવાથી હૃદયમાં રકતને પંપ કરવાની પ્રક્રિયાને અસર થાય છે. આથી બ્લડ કલ્કોટ, હાર્ટએટેક, ડિમેંશિયા વગેરેનો ખતરો વધી જાય છે. દુનિયામાં લગભગ ચાર કરોડ લોકો આની ઝપટમાં છે.

**સંશોધકોની સલાહઃ** સંશોધનમાં નિરાકરણ પણ શોધવામાં આવ્યું છે કે એ સપ્તાહના સમયગાળામાં લગભગ ૧૧૮ મિલીલીટર ખાંડ વિનાનું જયુસ પીવાથી એટ્રિયલ ફિબ્રિલેશનનો ખતરો ૮ ટકા ઘટી જાય છે.

### જામખંભાળિયાના ક્રાઇમ સમાચાર

# દ્વારકા નજીક રીક્ષા અકસ્માતમાં મહિલાનું મોત

(કુંજન રાડીયા) જામ ખંભાળિયા, તા.૧૧

દ્વારકા તાલુકાના સુરજકરાડી વિસ્તારમાં રહેતા રમેશભાઈ રામજીભાઈ મારુ નામના ૫૧ વર્ષના આધેડના ધર્મપત્ની હંસાબેન તેમની પુત્રી કુંજલને સાથે લઈ અને એક રિક્ષામાં બેસીને વરવાળા ગામે જવા માટે નીકળ્યા હતા. ત્યારે દ્વારકાથી આશરે ૯ કિલોમીટર દૂર મકનપુર ગામના પાટીયા નજીક એક મંદિર પાસે પહોંચતા પૂરઝડપે અને ગફલતભરી રીતે જઈ રહેલી આ રીક્ષાના ચાલક કાના ગઢવી દ્વારા આડેધડ રીક્ષા ચલાવતા આ રીક્ષામાં જઈ રહેલા હંસાબેન તથા તેમની પુત્રી કુંજલ નીચે પટકાઈ પડ્યા હતા. જેના કારણે ગંભીર રીતે ઘવાયેલા હંસાબેનનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે કુંજલને નાની-મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

આ બનાવ અંગે દ્વારકા પોલીસે રમેશભાઈ મારુની ફરિયાદ પરથી રીક્ષા ચાલક કાના ગઢવી સામે કલમ ૩૭૯, ૩૦૪ (એ), ૩૩૭ તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**દ્વારકા નજીક પ્રવાસી બસના અકસ્માત અંગે ચાલક સામે ગુનો**

દ્વારકા નજીક શનિવારે ચઢતા પહોરે થયેલી એક ખાનગી બસના અકસ્માતમાં એક યાત્રાળુનું મૃત્યુ થતાં આ પ્રકરણમાં દ્વારકા પોલીસે બસના ચાલક સામે ગુનો નોંધ્યો છે.

આ બનાવ અંગે ભરૂચ તાબેના બંબાખાના વિસ્તારમાં રહેતા હર્ષભાઈ મદનભાઈ મોરે નામના ૨૧ વર્ષના યુવાન દ્વારા દ્વારકા પોલીસ મથકમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ફરિયાદી હર્ષભાઈ તથા તેમના મિત્રો સોમનાથથી દ્વારકા જવા માટે જી.જે. ૧૧ ટી.ટી. ૮૮૮૨ નંબરની ખાનગી ટ્રાવેલ્સની બસમાં નીકળ્યા હતા. ત્યારે દ્વારકા પહોંચે તે પહેલા ૯ કિલોમીટર દૂર હાઈવે પર ઉપરોક્ત બસના ચાલકે તેની બસ પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને કાવો મારતા ચાલકે બસના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેના કારણે બસ પલટી ખાઈને રોડની એક તરફ ઉતરી ગઈ હતી.

આ બનાવ અંગે દ્વારકા પોલીસે જી.જે. ૧૧ ટીટી ૮૮૮૨ નંબરની ખાનગી બસના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (અ), ૩૩૭ તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ દ્વારકાના પી.એસ.આઈ. આર.વી. જોશી દ્વારા હાથ ધરવામાં આવી છે.

**કલ્યાણપુરમાં બીમારી સબબ જામનગરના આધેડનું મૃત્યુ**

જામનગરના મચ્છીનગર વિસ્તારમાં રહેતા દશરથસિંહ જસુભા જાડેજા નામના ૫૨ વર્ષના આધેડને છેલ્લા ઘણા સમયથી લીવરની બીમારી હોય, જેના કારણે ગત તારીખ ૨ માર્ચના રોજ કલ્યાણપુર તાલુકાના ખીજદડ ગામે તેમને દુખાવો ઉપાડતા તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હોવાની જાણ મૃતકના પુત્ર હર્ષદીપસિંહ જાડેજાએ કલ્યાણપુર પોલીસને કરી છે.

**દ્વારકાધીશ મંદિર નજીક ડ્રોન ઉડાડતા તાપીના શખ્સ સામે ગુનો**

તાપી જિલ્લાના વ્યારા તાલુકાના સુરજભાઈ પ્રતાપભાઈ ચીમનભાઈ ચૌધરી નામના ૨૪ વર્ષના શખ્સ દ્વારા દ્વારકાધીશ મંદિર નજીક આવેલા ગોમતીઘાટ પાસે ડ્રોન ઉડાવતા આ અંગેની જાણ સ્થાનિક પોલીસને થવા પામી હતી. જેને અનુલક્ષીને પોલીસે આ અંગેના ફૂટેજ ચેક કરી, જરૂરી માહિતી મેળવ્યા બાદ આરોપી સુરજ ચૌધરી સામે જાહેરનામા ભંગની કલમ ૧૮૮ મુજબ ગુનો નોંધી, ધોરણસર કાર્યવાહી કરી હતી.

**ભીમરાણામાં વીજ કર્મચારીની ફરજમાં રૂકાવટ અંગે ફરિયાદ**

દેવભૂમિ દ્વારકાના ઓખા પીજીવીસીએલ સબ ડિવિઝનમાં ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવી રહેલા નરેન્દ્રસિંહ ધીરુભા વાઢેર નામના ૩૫ વર્ષના અધિકારી તેમની ફરજ પર હતા, ત્યારે દ્વારકા તાબેના ભીમરાણા ગામે રહેતા નરેશ માણેક નામના શખ્સ દ્વારા લાઈટ બિલ નહીં ભરવા બાબતે નરેન્દ્રસિંહ વાઢેર સાથે બોલાચાલી કરી, ઢીકાપાટુનો માર મારી, ઇજાઓ કર્યાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ મીઠાપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે આરોપી નરેશ માણેક સામે આઈ.પી.સી. કલમ ૩૩૨, ૧૮૬ તથા ૫૦૬ (૨) મુજબ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિંછીયાના નાના માત્રામાં ખેડૂત પર સેઢા પાડોશીનો ધારીયા અને કુહાડીથી હિંચકારો હુમલો

## આજે તો ઝઘડો કરવો જ છે તું અહીંયા આવ કહેતાં જ વાડીએ ગયેલ ખેડૂત વિનાભાઈ પર ચાર શખ્સો તૂટી પડ્યાઃ ઇજાગ્રસ્તને સારવારમાં રાજકોય ખસેડાયાઃ વિંછીયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૧૧

વિંછીયાના નાના માત્રામાં ખેડૂત પર સેઢા પાડોશી ચાર શખ્સોએ ધારીયા અને કુહાડીથી હિંચકારો હુમલો કરતાં ગંભીર રીતે ઘવાયેલા ખેડૂતને સારવારમાં રાજકોટ ખસેડાયા હતાં. બનાવ અંગે

વિંછીયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે વિંછીયાના નાના માત્રામાં રહેતાં વિનાભાઈ ધનજીભાઈ ગાંભડીયા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મહેશ ભુપત ગરાભડીયા, સવજી મનસુખ ગરાભડીયા, ભગા મનસુખ ગરાભડીયા અને ઘના ભુપત ગરાભડીયા (રહે. નાના માત્રા, વિંછીયા) નું નામ આપતાં વિંછીયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતુ કે, તેઓ ખેતીકામ કરે છે. ગઈ તા.૦૯ ના રાત્રીના તેમનો પુત્ર દેવરાજ વાડીએ ગયેલ હતો અને રાત્રીના સાડા નવેક વાગ્યાની આસપાસ મહેશનો ફોન આવેલ કે, દેવરાજ અમારી સાથે માથાકુટ કરે છે તમો અહિ નદીમાં વાડી પાસે આવો તેમ કહેતાં તેઓ વાડીએથી તેમના દિકરાને સાથે લઈ ભાદરના કાંઠે બોરવીલ હોય તે બાજુ ગયેલ તો ત્યા મહેશ, સવજી, ભગો અને ધનો મિટીંગ કરી બેઠા હતા. પિતા-પુત્ર ત્યા જતા ચારેય શખ્સો ગાળો આપવા લાગતાં બંને ત્યાંથી પરત આવતાં રહેલ હતાં.

બાદમાં ગઈકાલે સવારના તેઓની સામે જ રહેતો આરોપી સવજી ઘરે આવેલ અને કહેલ કે, અમે બંગડીઓ પહેરેલ નથી તમારે જેમ રહેવુ હોય તેમ રહેજો તમારી સાથે બાજવાનુ છે તેમ કહિ જતો રહેલ ત્યાર બાદ ફરિયાદી તેના પત્ની સાથે વાડીએ ગયેલ અને બોરવેલની મોટર ચાલુ કરવા જતા હતાં ત્યાં ચારેય શખ્સો ઘસી આવેલ અને ગાળો બોલી પથરના છુટા ઘા કરી હુમલો કર્યો હતો. બાદમાં તેઓ વાડીએ દોડી ગયેલ અને બંને પુત્ર સાથે બેઠાં હતાં ત્યારે આરોપી ભગાનો ફોન આવેલ અને કહેલ કે, આવી જાવ આજ ઝઘડો કરવો જ છે કહેતાં તેઓ તેના બંને પુત્ર સાથે આરોપીની વાડીએ જતાં ત્યાં ચારેય શખ્સો હાથમાં ધારીયા અને કુહાડી સાથે ઊભાં હતાં અને તેઓ ત્યાં જતાં જ હુમલો કરી દેતાં ફરિયાદીને માથાના ભાગે ઈજા પહોંચતા લોહીલુહાણ થઈ ગયાં હતાં.

બાદમાં ઇજાગ્રસ્તને લોહીલુહાણ હાલતમાં સારવારમાં રાજકોટ ખસેડવામાં આવ્યાં હતાં. બનાવ અંગે વિંછીયા પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી તેઓની શોધખોળ હાથ ધરી હતી.

# સુત્રાપાડાનાં હરણાસા ગામના યુવાન સાથે લગ્ન કરી રૂા.૧.૨૪ લાખ ખંખેરી લેનાર લુંટેરી દુલ્હન ગેંગ ઝડપાઈ

## લગ્નના ૧૨ દિવસમાં દુલ્હન અડધી રાત્રે રોકડ-મોબાઈલ સાથે ફરારઃ ગેંગનો મુખ્ય સુત્રધાર રાજકોટનો રિયાઝ પણ પકડાયોઃ હજુ બે ફરાર

વેરાવળ,તા.૧૧

ગીર સોમનાથ જીલ્લા ક્રાઈમ બ્રાન્ચે લૂંટેરી દુલ્હન ગેંગના કારસ્તાનનો પર્દાફાશ કરી ગેંગની ત્રણ મહિલા સહિત ચાર આરોપીઓ ધરપકડ કરી લીધી છે જયારે રાજકોટના મુખ્ય સુત્રધાર રિયાઝને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. સુત્રાપાડા તાલુકાના હરણાસા ગામના યુવકને શિકાર બનાવી રૂા.૧.૨૪ લાખ પડાવી લીધા હતા અને લગ્નના ૧૨ દિવસમાં જ દુલ્હન કપડાં, મોબાઈલ અને રોકડ લઈ અડધી રાત્રે ફરાર થઈ જતા યુવકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.



એ.એસ.પી. જીતેન્દ્ર અગ્રવાલે પ્રેસ કોન્ફોર્ન્સ કરી માહિતી આપતા જણાવ્યું હતું કે, સુત્રાપાડા તાલુકાના હરણાસા ગામના અજય સોલંકી નામનો યુવક અપરણિત હોય અને લગ્ન કરવા છોકરીની શોધમાં હતો તે દરમ્યાન તેનો પરિચય દલાલીનું કામ કરતા સુત્રાપાડાના કોળી નરસિંગ વાજા સાથે થયેલ બાદમાં જુનાગઢના શમીમબેન ઉર્ફે સીમાબેન ખેમરાજ જોશી અને દીપકભાઈ હીરાલાલ નાગદેવનો થયેલ ત્યારબાદ આ ત્રણેય દલાલોએ રાજકોટના રીયાજ કરીમભાઈ મીરજા અને કોમલ ઉર્ફે મુસ્કાન રીયાજભાઈ મીરજાનો સંપર્ક કરાવેલ હતો. આ તમામ લોકોએ કાવતરૂ કરી ફરીયાદી અજય પાસે થી કુલ રૂા.૧.૨૪ લાખ લઈ દલાલ રીયાજે પોતાની સાથે આવેલ કૌશરબાનું વા./ઓ. અશરફ યુસુફ કાન્સીનું રીન્કલ અનીલભાઈ પંડયા નામનુ ખોટુ આધારકાર્ડ તથા લીવીંગ સર્ટી બનાવી ખોટો દસ્તાવેજ ઉભો કરી નોટરી મારફત અમરેલી જીલ્લાના બાંટવા દેવળી ગ્રામ પંચાયત ખાતે લગ્ન નોંધણી કરાવી જેમાં ઉપરોકત તમામ દલાલોએ સાક્ષી તરીકેની પોતાની સહી કરી આપેલ ત્યારબાદ આ કૌશરબાનું ફરીયાદીના હરણાસા ગામે ઘરે ૧૦ દિવસ રોકાયા બાદ ફરાર થઈ ગયેલ જે બાબતે ફરીયાદીએ આ દલાલોનો સંપર્ક કરતા તેઓ દ્વારા ખોટા ગુન્હામાં સંડોવી દેવાની ધમકી આપેલ અને પોતે આપેલ પૈસા બાબતે કોઈ જવાબ નહીં આપતા અંતે આ ઘટના અંગે ભોગ બનનાર યુવકે પોલીસને ફરિયાદ અરજી આપેલ હતી જેમાં ગીર સોમનાથ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પો.ઈન્સ. એ.બી.જાડેજા તથા પો.સબ.ઈન્સ. એ.બી.વોરા અને સ્ટાફ ફરાર થયેલ યુવતિ કૌશરબાનુ ઉર્ફે રીન્કલ અનીલભાઈ પંડયા રહે.વિરમગામ જી.અમદાવાદ વાળીને નવસારી ખાતેથી શોધી કાઢી આ છેતરપીંડીમાં મદદગારી કરનાર અન્ય દલાલ કોમલ ઉર્ફે મુસ્કાન રીયાજ મીરજાને આણંદ ખાતેથી તથા શમીમબેન ઉર્ફે સીમાબેનને જુનાગઢ ખાતેથી તથા નરસીંગભાઈ વાજાને સુત્રાપાડા ખાતેથી શોધી કાઢી આ ગુન્હાના કામે ધરપકડ કરેલ છે.

વધુમાં એ.એસ.પી. અગ્રવાલે જણાવ્યું હતું કે, આખી ઘટનામાં મહત્વની વાત એ છે કે અજયભાઈ સાથે લગ્ન કરનાર કૌશરબાનુ અશરફભાઈના પત્ની હોય અને તે બે સંતાનોની માતા હોય તેમજ કૌશરબાનું ખોટા દસ્તાવેજો ઊભા કરી કૌશરબાનુ માંથી તેમને રીંકલ અનિલભાઈ પંડ્યા નામના બોગસ આધાર કાર્ડ બનાવી અને અજયભાઈ સાથે તેમના લગ્ન કરાવ્યા હતા. લગ્ન થયા બાદ આ કૌશરબાનૂ ઉર્ફે રીંકલ દસ દિવસ સુત્રાપાડા ખાતે રહેલ ત્યારબાદતે નાસી છૂટી હતી. અને ત્યારબાદ અજય ને ધમકી આપવા લાગેલ અને તમારા પર અમે કેસ કરીશું તેવું જણાવતા અજય સોલંકી પોલીસ સમક્ષ આખી ફરિયાદ આપી હતી. આમ આ આખા લૂંટેરી દુલ્હન બનાવમાં હાલ પોલીસે ચાર આરોપી જેમાં (૧) શમીમબેન અને (૨) કોમલ ઉર્ફે મુસ્કાન અને (૩) કૌશરબાનુ (૪) રીયાઝ મીરજા ની ધરપકડ કરી છે જયારે નર્સિંગ વાજા દીપક નાગદેવ સહિત બે આરોપીને હજુ ઝડપવાના બાકી છે ત્યારે લગ્ન કરવાની લાલચે હાલ આ ગેંગ પરથી જાણવા મળ્યું છે કે આ ગેંગ યુવતીઓને લગ્ન કૌભાંડમાં સામેલ કરવા માટે બીજા ધર્મના અનેક ખોટા દસ્તાવેજો ઊભા કરી અને છેતરી રહી છે ત્યારે આ બનાવમાં પોલીસે કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૦૬-૨ અને ૧૨૦ બી મુજબ ગુનો દાખલ કરી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માંગરોળ મુરલીધર વાડી ખાતે હૃદયરોગ અને જનરલ નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો



માંગરોળ,તા.૧૧

માંગરોળ તાલુકા નોકરિયાત શરાફી સહકારી મંડળી લી.અને પ્લેક્ષસ મેડ કેર સુપર સ્પે શીયાલીટી હોસ્પીટલ રાજકોટના સંયુક્ત ઉપક્રમે હ્દય રોગ તથા જનરલ ફ્રી નિદાન કેમ્પ યોજાયો હતો જેમાં સૌરાષ્ટ્રના પ્રથમ યુરોલોજીસ્ટ ડો. સુશીલ કારીયા સાહેબ, ડો. હેમંત વરશનેય ડો. નિકુંજ કોટેચા, ડો. કુશલ ઝાલા એ ફ્રી સેવા ઓ આપી, કેમ્પ માં ૪૦૦ થી વધુ જરૂરિયાત મંદ દર્દી ઓ એ લાભ લીધો હતો,કેમ્પ માં ડોકટર દ્વારા લખી આપવા માં આવેલ દવા ઓ ફ્રી માં આપવા માં આવેલ તેમજ હાડકા ના ડોકટર દ્વારા ચેકઅપ બાદ એક્સ- રે પણ વિના મૂલ્યે કઢાવી આપવાની

### ૪૦૦ થી વધુ દર્દીઓએ લીધો લાભ

વ્યવસ્થા કરી આપવામાં આવેલ આ કેમ્પમાં સૌ પ્રથમ સંસ્થા ના ચેરમેન જેઠાભાઈ નંદાણિયા દ્વારા શબ્દો થી સર્વોને આવકાર આપવામાં આવ્યા હતા, બાદ માંગરોળના ડોકટર મિત્રો અને આમંત્રિતો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવેલ તેમજ તમામ ડોકટરરોનુ પુષ્પગુચ્છ થી સ્વાગત-સન્માન કરવા માં આવ્યુ આ કેમ્પ માં ચેતનભાઈ કગરાણા, રવિભાઈ નંદાણિયા, હરદાસભાઈ બારડ, ચાહવાલા, વિશ્વ હિન્દુપરિષદના વિનુ ભાઈ મેસવાણિયા પ્રકાશભાઈ લાલવાણી, સંજીવની નેચરના નરેશ બાપુ, રિટાયર્ડ પી. એસ.આઈ પાંડે, સામાજિક આગેવાન નાથાભાઈ નંદાણીયા,ભીમભાઈ નંદાણિયા, દિવ્યેશભાઈ વાળા, વેપારી અગ્રણી રામદેભાઈ ઓડેદરા તેમજ માંગરોળના ડોકટર મિત્રો, પત્રકાર મિત્રો વિગેરે આગેવાનો, હોદેદારોએ હાજરી આપી હતી, કેમ્પમાં સુંદર આયોજન માટે પંકજભાઈ રાજપરાની વિશેષ ઉપસ્થિત રહેલ, કાર્યક્રમ નું સંચાલન જગમાલભાઈ કામળીયા દ્વારા કરવામાં આવેલ આ કેમ્પને સફળ બનાવવામાં સંસ્થાના મેનેજર મહેન્દ્રભાઈ નંદાણિયા તેમજ સ્ટાફ ગણ કૂણાલ ભરડા, ફૈઝાન શેખ સહિતનાઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી આભાર વિધિ મેનેજર મહેન્દ્રભાઈ નંદાણિયા દ્વારા કરવામાં આવી હતી.

# સાવરકુંડલાના અર્બન હેલ્થ સેન્ટરનું મહેશ કસવાલાના હસ્તે લોકાર્પણ

સાવરકુંડલા,તા.૧૧

સાવરકુંડલા શહેરને પ્રાથમિક સુવિધા વધુ મળી રહે તેવા ઉમદા હેતુથી કુંડલા વિભાગમાં અર્બન હેલ્થ સેન્ટર-૨નું લોકાર્પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા હસ્તે કરવામાં આવ્યું.



આ અર્બન હેલ્થ સેન્ટર -૨માં વિનામુલ્યે મેડિસિન લેબોરેટરી આયુષ્માન કાર્ડ આભા કાર્ડ કેન્સર સહાય ટીબી સહાય જેવી સુવિધાઓ મળી રહેશેઆ સમગ્ર લોકાર્પણ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, નગરપાલિકા ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, શહેર ભાજપ મહામંત્રી વિજયસિંહ વાઘેલા, રાજુભાઈ નાગ્રેચા, તાલુકા ભાજપ મહામંત્રી નીતિનભાઈ નગદીયા તથા ચેતનભાઈ માલાણી તથા નગરપાલિકાના ચેરમેનઓ, સદસ્યોઓ, શહેર ભાજપના હોદ્દેદારો આર.કે.એસ સમિતિના સદસ્યો, મેડિકલ ટીમ ,તાલુકા ભાજપ તેમજ શહેર ભાજપના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# માંગરોળ એકતા ફાઉન્ડેશન દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો



(વિનુભાઈ મેસવાણિયા)

માંગરોળ, તા. ૧૧

માંગરોળ શહેરના હાશમી હોલ ખાતે એકતા ફાઉન્ડેશન અને ધવલ ઈન્ટરનેશનલ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે ધોરણ ૧૦ અને ૧૨ના વિધાર્થીઓ માટે પરીક્ષાલક્ષી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરીક્ષામાં જુદા જુદા વિષયોમાં તજજ્ઞો દ્વારા સારા માર્કસ મેળવવા અંગે માર્ગદર્શન આપાવમાં આવ્યું હતું.પરીક્ષા નામથી વિદ્યાર્થીઓ ભયભીત થતા હોય છે અને તેમાં પણ ખાસ કરીને બોર્ડની પરીક્ષા માટે વિદ્યાર્થીઓ હંમેશા ચિંતા હોય છે તેથી આ વિદ્યાર્થીઓનો ભય દૂર થાય તેવા હેતુથી માંગરોળ એકતા ફાઉન્ડેશન દ્વારા પરીક્ષા માર્ગદર્શન સેમીનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. .

# માણાવદર તાલુકાના કોઠારીયા ગ્રામપંચાયત કચેરીનું ઉદ્ઘાટન



માણાવદર,તા.૧૧

દિનેશભાઈની આગેવાનોને ટકોર પ્રજાહિતના કામો કરજો માણાવદર તાલુકાના કોઠારિયા ગ્રામપંચાયત કચેરીનું સાવજ ડેરી ચેરમેન અને ભાજપ વિધાનસભા ઈન્ચાર્જ દિનેશભાઈ કટારિયા હસ્તે ઉદ્ઘાટન કરાયું હતું.આઝાદી પછી નવી કચેરી મળી હતી આ પ્રસંગે દિનેશભાઈએ આગેવાનોને ટકોર કરી હતી. આ કચેરી રૂપિયા ૧૪ લાખમાં ખર્ચે નવનિર્મિત થયેલ છે આ પ્રસંગે સરપંચ, ઉપ સરપંચ સહિત ગ્રામજનો હાજર રહ્યાં હતાં.

# સોમનાથ જીલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખપદે ફારૂક બુઢીયાની વરણી

વેરાવળ,તા.૧૧

ગીર સોમનાથ જીલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે ફારૂકભાઈ બુઢીયાની નિમણુંક કરવામાં આવેલ છે.વેરાવળ નગરપાલિકામાં વિરોધપક્ષના નેતા તરીકે રહી ચુકેલા ફારૂકભાઈ બુઢીયા કોંગ્રેસમાં રહી પ્રજાકીય કામગીરી કરી રહેલ છે. ત્યારે હાલમાં જ ગીર સોમનાથ જીલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે ફારૂકભાઈ બુઢીયાની જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કરશનભાઈ બારડ દ્વારા પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહેલની સુચનાથી નિમણુંક કરવામાં આવતા કોંગ્રેસના નગરસેવકો, પદાધિકારીઓ દ્વારા આવકારવામાં આવી રહેલ છે.



# સુત્રાપાડાના ગાંગેચા ગામે દીપડો પાંજરે પુરાયો

પ્રભાસ પાટણ,તા.૧૧

પરિવાર ઘરના સુત્રાપાડાના ગાંગેચા ગામને સીમાડે રહેતા વિનોદભાઈ વિરભાણભાઈ મકવાણાના રહેણાંક મકાનમાં ગત મોડી સાંજે દીપડો ઘુસી ગયો હતો. સદનસીબે બાળકો સહિત પરિવાર ફળિયામાં હોવાને જાનહાની થઈ ન હતી.આ અંગે રાઉન્ડ ફોરેસ્ટરે ખરાઈ કરી વેરાવળ રેન્જ ફોરેસ્ટ ઓફિસર કે.ડી. પંપાણીયા સહિત દોડી આવ્યા હતા અને દીપડાને ટ્રાન્સકયુલાઈઝ ઈન્જેકશનથી બેભાન કરી સફળ રેસ્કયુ ઓપરેશન રીતે દીપડાને અમરાપુર એનીમલ કેર સેન્ટર ખાતે મોકલી અપાયો હતો. દીપડો નર ઉ.વ. અંદાજે ૩થી ૫ વર્ષનો છે. દીપડો જયારે મકાનમાં ઘુસ્યો કે તુરંત મકાનનો દરવાજો બહારથી પરિવારે બંધ કરી દીધો હતો.



(તસ્વીરઃ દેવાભાઈ રાઠોડ-પ્રભાસ પાટણ)

# સોમનાથ મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રી નિમિત્તે નિદાન સારવાર કેમ્પ યોજાયો

(દેવાભાઈ રાઠોડ)

પ્રભાસ પાટણ તા.૧૧

સોમનાથ મહાદેવ મંદિર મહા શિવરાત્રી ના પર્વ પર જીલ્લા આરોગ્ય અધીકારી સાહેબ તેમજ જીલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન મુછાળ શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજય સિંહ ચાવડા ના સાથ સહકાર થી સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર ટ્રસ્ટ દ્વારા યોજાયેલ સર્વ રોગ નિદાન કેમ્પ ૩૯૩ દર્દી ઓને સારવાર દવા પણ નિ શુલ્ક આપવા મા આવી આ અવસર પર આમંત્રિત મહેમાન વેરાવળ પાટણ સનાતન હિન્દુ સેવા સમાજના પ્રમુખ અને સમસ્ત ખારવા સમાજના પટેલ જીતુભાઈ મોહન ભાઈ કુહાડા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ચેરમેન કીરીટ ઉનડકર અનિષ રાચ્છ સહીત ભાવનગરના જુનીયર અમિતાભ બચ્ચન પિનાકીન ગોહીલ ને સન્માનિત કરેલ.



આ કાર્યક્રમ અંતર્ગત જીલ્લા એન સી ડી સેલ ટીમ તાલુકા હેલ્થ ટીમ ડો ડીકે બારડ હોસ્પીટલના એમ,ડી દ્વારા નિદાન કરેલ આ સમગ્ર આયોજનમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજય સિંહ ચાવડા, વેરાવળ પાટણ સનાતન હિન્દુ સેવા સમાજ ના.પ્રમુખ અને સમસ્ત ખારવા સમાજ પટેલ જીતુભાઈ મોહન ભાઈ કુહાડા, પિયુષ ભાઈ નુકાણી, અભય જોટવા, નગર સેવક ઉદય ભાઈ શાહ સહીત સામાજીક કાર્યકર અનિષ રાચ્છ નગર પાલીકા ભુતપુર્વ પ્રમુખ મંજુલાબેન સુયાણી મુકેશ ભાઈ ચોલેરા નો મળેલ સહયોગ મળેલ થીસ્વ હીરાબેન સતીકુંવર ટ્રસ્ટના અધ્યક્ષ યોગેશ સતીકુંવર દ્વારા સુંદર આયોજન કરેલ. **(તસ્વીર : દેવાભાઈ રાઠોડ)**

# ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓ માટે ગીર સોમનાથ વહીવટી તંત્ર સજ્જ

વેરાવળ,તા.૧૧

ગીર સોમનાથ જિલ્લામાં આજ થી શરૂ થતી બોર્ડની પરીક્ષાઓ સંદર્ભે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. જિલ્લા પરીક્ષા સમિતિના અધ્યક્ષ અને જિલ્લા કલેકટર ડી.ડી.જાડેજા દ્વારા પરીક્ષા સંદર્ભે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે અને તમામ પરીક્ષાર્થીઓ શાંતીપૂર્વક પરીક્ષાઓ આપી શકે તેવી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

પરીક્ષાલક્ષી તૈયારીઓમાં જિલ્લાનો કંટ્રોલરૂમ કાર્યરત કરાયો છે તેમજ તમામ તાલીમો અને મિટીંગો પૂર્ણ થઈ છે. આરોગ્ય વિભાગ દ્વારા પરીક્ષા કેન્દ્રો ઉપર જરૂર પડયે પેરામેડીકલ સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવી છે.

પરીક્ષાના પ્રશ્નપત્રો અને ઉત્તરવહીઓને પરીક્ષા કેન્દ્રો પરથી લાવવા-લઈ જવા માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

પરીક્ષા સમયે પરીક્ષાર્થીઓને પરીક્ષાસ્થળ ઉપર પહોંચવા માટે કોઈ મુશ્કેલીઓ જણાય તો ૧૦૦ નંબર ઉપર ડાયલ કરવાથી પરીક્ષાર્થીને તેના કેન્દ્ર સુધી પહોંચાડવામાં પોલીસ તંત્રની મદદ મળી રહેશે. એસ.ટી. વિભાગ દ્વારા તમામ કેન્દ્રોના પરીક્ષાર્થીઓ માટે ૨૪ વધારાના રૂટો શરૂ કરવામાં આવ્યા છે. તેમજ પરીક્ષા દરમિયાન રસ્તા ઉપર કોઈ પણ પરીક્ષાર્થીનું વાહન બગડે કે કોઈપણ મુશ્કેલીમાં જોવા મળે તો પરીક્ષાર્થીને તેના પરીક્ષાસ્થળ સુધી પહોંચાડવા જરૂરી મદદ કરવા જાહેર જનતાને ખાસ અપીલ કરવામાં આવી છે.

# વેરાવળની મહિલાનું ફેસબુક ઉપર બોગસ આઈ.ડી. બનાવનાર શખ્સ ઝડપાયોઃ ધરપકડ

વેરાવળ, તા.૧૧

સોશીયલ મીડિયા ફેસબુક પર ઓળખ છુપાવી ફેક આઈ.ડી. બનાવનાર વેરાવળ તાલુકાના ઉબા ગામના શખ્સને ટેકનીકલ સર્વેલન્સના આધારે સાયબર ક્રાઈમ પોલીસે પકડી પાડી ગુન્હો ડિટેક્ટ કરેલ છે.

ગીર સોમનાથ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. વી.એન.મોરવાડિયા, એ.એસ.આઈ એમ.પી.ઝાલા, પો.કોન્સ. રાહુલસિંહ નકુમ, જયેશભાઈ ગોહેલ, જયોતિબેન વાજા, સ્ટાફ દ્વારા ફરીયાદીના નામનું ફેસબુક સોશીયલ મીડીયા ઉપર Pandit Bharat વાળી ખોટી આઈ.ડી. બનાવી તે આઈ.ડી. માં ફરીયાદીના પત્નીના અન્ય વ્યકિત સાથેનો ફોટા બનાવી અપલોડ કરી ફરીયાદી તથા તેની પત્નીને હેરાન પરેશાન કરવા અને સમાજમાં બદનામી થાય તેવુ કૃત્ય કરી પોતાની ઓળખ છુપાવી ગુન્હો કરેલ હોય જે બાબતે ફરીયાદી દ્વારા સાયબર ક્રાઈમ પોલીસમાં અરજી આપેલ હોય જે અનુસંધાને સાયબર ક્રાઈમ દ્વારા ટેકનીકલ સર્વેલન્સના આધારે માહિતી એકઠી કરી ફરીયાદી નામનું આઇ.ડી. બનાવનાર આરોપી રમેશ ભગવાનભાઈ જોરા ઉ.વ.૨૩ રહે.ઊંબા તા.વેરાવળ વાળાને પકડી પાડી સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાયેલ ગુન્હો ડિટેકટ કરેલ છે.



# ગીર સોમનાથ જિલ્લા લઘુમતી મોરચાની બેઠક મળી




વેરાવળ, તા. ૧૧

વેરાવળ મુકામે હાજી એલ કે હોલ ખાતે ગીર સોમનાથ જિલ્લા ભાજપ લઘુમતી મોરચા તથા સૂફી સવાંદ ગુજરાત પ્રદેશ ની લોકસભા બેઠકની ચૂંટણી અંતર્ગત બેઠક જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા ની અધ્યક્ષત્માં મળેલ જેમાં લઘુમતી મોરચાના બુથમાં આગામી કાર્યક્રમો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

મુસ્લિમ સમાજના લાભાર્થીઓને સંપર્ક કરી ને ભારતીય જનતા પાર્ટીની ગુજરાતઅને ભારત સરકારની કામગીરીની માહિતી પહોંચાડવાની દરેક હોદ્દેદારોને સૂચના આપવામાં આવી હતી. જીસાનભાઈ નકવી પ્રદેશ મોરચા ઉપાદયક્ષ અને જિલ્લા લઘુમતિ મોરચાના પ્રમુખ મહમદભાઈ તવાણી દ્વારા લઘુમતિ સમાજના બુથો માં ભાજપ પાર્ટીના વધુમાં વધુ મતો કરવામાં આવે તે માટે તમામ હોદ્દેદારોને કામે લાગી જવા સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં મહામંત્રી દિલીપ ભાઈ બારડ, લઘુમતી મોરચાના મહામંત્રી ફારૂક ભાઈ આકાણી, સાજીદભાઈ કાજી, સહ પ્રભારી સૂફી સવાંદ ગુજરાત પ્રદેશ હાજી એલ કે એલ, કારોબારી સભ્યો, જિલ્લા હોદ્દેદારો, જિલ્લા કારોબારી સભ્યો, તાલુકા - શહેરના પ્રમુખ, મહામંત્રીઓ, નગર/ તાલુકા પંચાયતના સભ્યો વિગેરે હાજર હોવાનું જીલ્લા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ મહમદભાઈ તવાણી ની યાદી માં જણાવ્યું છે.

# વેરાવળમાં લાભાર્થી સંપર્ક અભિયાન અંતર્ગત મતદારોનો આગેવાનોએ સંપર્ક કર્યો



વેરાવળમાં લાભાર્થી સંપર્ક અભિયાન અંતર્ગત ૯૦ વિધાનસભાના વોર્ડ ૧૧ માં બુથ ૧૧૫ ના સોમનાથ ટોકીઝ અજમેરી કોલોની, અલ-હરમ કોલોની, મદીના પાર્ક, મિસ્કીન કોલોની, કોશર કોલોની, દીવાનીયા, જલારામ નગર, અલીભાઈ કોલોની સહીતના વિસ્તારોના બુથના લાભાર્થીઓ, અગ્રણીઓનો લોકસંપર્ક કરેલ.

જે અભિયાનમાં સંયોજક અરવિંદભાઈ રાણીંગા, સુફી સવાંદ મહાઅભ્યાન ગુજરાત પ્રદેશ સહ પ્રભારી હાજીભાઈ એલકેએલ, શહેર મહામંત્રી રીઝવાન એ મલિક, અસગરબાપુ કાદરી, ઈકબાલભાઈ સુમરા, નુરૂભાઈ સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહી સંપર્ક અભિયાનને સફળ બનાવેલ તે તસ્વીરમાં નજરે પડે છે.

**(તસ્વીર : મીલન ઠકરાર - વેરાવળ)**

# વિસાવદર કોર્ટમાં યોજાઈ નેશનલ લોક અદાલતઃ ઐતિહાસિક ૩૦૯ કેસોનો ન્યાયિક નિકાલ

## ન્યાયાધીશ એસ.એસ. ત્રિવેદી દ્વારા લોક અદાલત અને સમાધાનનું મહત્ત્વ સમજાવતું ઉદ્બોધન

વિસાવદર, તા.૧૧

વિસાવદરમાં ગત તા.૯ ના રોજ નાલ્સાની ગાઈડ લાઈન મુજબ વિસાવદર કોર્ટ બિલ્ડીંગ ખાતે કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેન એસ.એસ. ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ અને અધિક જિલ્લા ન્યાયાધીશ જે.એલ. શ્રીમાળીની ઉપસ્થિતીમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હતું.



જેમાં લીટીગેશન અને પ્રિલિટીગેશન સહિતના કુલ રૂપિયા બે કરોડ ત્રાણુ લાખ બેતાલીશ હજાર આઠસો ઓગણ સિત્તેર રૂપિયા પુરાના ૩૦૯ કેસોમાં પક્ષકારો હાજર રહેલા હતા અને ૩૦૯ કેસોનો સુખદ નિકાલ થતાં લોક અદાલતનું ૧૦૦% પરિણામ પ્રાપ્ત થયુ હતું. જેમાં સ્પેશિયલ સિટિંગમાં કુલ-૬૪ કેસમાં રૂપિયા ૧૨,૮૦૦/-નો દંડ વસુલ લેવામાં આવેલ હતો. જેમાં ચાલુ ૨૪૮ કેસોનો નિકાલ કરવામાં આવેલ તથા ૬૧ પ્રિલિટીગેશન કેસો મળી કુલ ૩૦૯ કેસોનો ઐતિહાસિક ન્યાયિક નિકાલ કરતા વિસાવદર કોર્ટમાં લોક અદાલતનું ઐતિહાસિક રેકોર્ડબ્રેક પરિણામ આવ્યું હતું.

આ લોક અદાલતમાં વિસાવદર બાર એસોસિએશનના પ્રમુખ રમેશ ધાધલ, સીરાજભાઈ માડકીયા, વિજય જેઠવા, સિનિયર ધારાશાસ્ત્રી દિનેશભાઈ શાહ, નયનભાઈ જોશી, અશ્વિનભાઈ દુધરેજીયા, સમીરભાઈ પટેલ, કમલેશભાઈજોશી, યુ.બી. દાહીમાં, એચ.કે. સાવલિયા તથા સ્ટેટ બેન્ક, યુનિયન બેન્ક, બેન્ક ઓફ બરોડા તથા પી.જી.વી.સી.એલની જુદી જુદી કચેરીઓના અધિકારીઓ તથા સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મુખ્ય ન્યાયાધીશ એસ.એસ. ત્રિવેદીને આ પ્રસંગે લોક અદાલતનું અને સમાધાનનું સમાજમાં મહત્વ સમજાવતું ઉદ્બોધન કરેલ હતું.

## મોદી સરકારના આગમન પછી ટ્રીલીયન ડોલર ઈકોનોમી શબ્દ હવે વિકાસનો એક જુસ્સો બની ગયો છે

# ૧ ટ્રીલીયન ડોલર ઈકોનોમી કર્ણાટક અને ગુજરાત વચ્ચે સ્પર્ધા

**ભારત હાલ ૩.૪ ટ્રીલીયન ડોલર ઈકોનોમી છે અને વર્ષના અંત સુધીમાં તે ૪ ટ્રીલીયન ડોલર બની જશે. મોદી સરકારે પાંચ ટ્રીલીયન ડોલરને પ્રથમ લક્ષ્ય રાખ્યો છે જયારે ૨૦૪૭ સુધીમાં વિશ્વના વિકસીત દેશોમાં સ્થાન મેળવવાનો સંકલ્પ રાખ્યો છે પણ તેનું ઇંધણ રાજયોમાંથી જ મળશે અને આ પ્રકારે દેશનું એક પણ રાજય હજુ ૧ ટ્રીલીયન ડોલર ઈકોનોમી બન્યું નથી છતાં સ્પર્ધા રસપ્રદ છે**




**દેશના ઈકોનોમીક પાવરહાઉસ મહારાષ્ટ્રની જીડીપી ૪૩૯ બીલીયન ડોલર સાથે પ્રથમ ક્રમે છે. કર્ણાટક અને ગુજરાત એ અનુક્રમે ૨૭૯ અને ૨૭૭ બીલીયન ડોલર ઈકોનોમી સાથે ચોથા અને પાંચમા સ્થાને છે**

**મહત્વનો વિકાસ દર છે જયાં આ બંને રાજયો પ્રથમ ક્રમમાં છે જોકે રૂપિયાનું એકસચેંજ મૂલ્ય એક ફેકટર છે પરંતુ જો અર્થતંત્ર મજબુત થતું જાય તો ડોલર સામે રૂપિયો મજબુત થતો જશે જેનો લાભ પણ રાજયોને મળશે**

**સ્પોટ-લાઈટ**
કે.આર.
krisht555@gmail.com

રસપ્રદ રીતે એક સમય એવો હતો કે જયારે ટીવી ડિબેટમાં ટ્રીલીયન ડોલર ઇકોનોમીકની વાત કરી રહેલા ભાજપના પ્રવકતાને જયારે કોંગ્રેસના પ્રવકતાએ પૂછયું કે એક ટ્રીલીયનમાં કેટલા મીંડા આવે તો તેની પાસે જવાબ ન હતો. આજે દરેક શિક્ષિત ભારતીય આ ટ્રીલીયનનો અર્થ સમજવા લાગ્યા છે અને આ જુસ્સો દેશને પાંચ ટ્રીલીયન ડોલર ઇકોનોમીક સુધી લઇ જશે.

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારના આગમન પછી ટ્રીલીયન ડોલર ઇકોનોમી શબ્દ અત્યંત પ્રચલિત બની ગયો છે અને ભારત આજે જયારે આઝાદીના અમૃત કાળમાં આગળ વધી રહ્યું છે ત્યારે દેશ દુનિયાના સૌથી ઝડપથી આગળ વધતા અર્થતંત્ર તરીકે સ્થાન મેળવ્યું છે અને વર્તમાન સરકાર ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસીત દેશો એટલે કે જેઓ પૂર્ણ રીતે તમામ ક્ષેત્રોમાં આગળ વધી ગયા છે તે યાદીમાં સામેલ કરવા માંગે છે ભારતની ઇકોનોમી હાલ જે ૩.૭ ટ્રીલીયન ડોલર છે તે ૨૦૨૭-૨૮ કે તે પૂર્વે પણ તે પાંચ ટ્રીલીયન ડોલર સુધી પહોંચી શકે છે અને આ અમૃત કાળની સૌથી મોટી સિધ્ધિ હશે કે જયારે ભારતનું અર્થતંત્ર ૫૦૦૦ અબજ ડોલરની સિધ્ધિ મેળવી લેશે સૌથી મહત્વનું એ છે કે દેશના રૂપિયાની મજબુતી તેમાં ઘણો મહત્વનો ભાગ ભજવશે અને લાંબા સમયથી રૂપિયો જે રીતે સ્થિર રહેવા લાગ્યો છે તેનાથી ભવિષ્યમાં ભારતને માટે આ સિધ્ધિ સૌથી સરળતાથી હાંસલ કરી લેશે જો આ ટ્રીલીયન ડોલરનું ગણિત સમજવું હોય તો એકડાની પાછળ ૧૨ મીંડા લગાવો તો તે એક ટ્રીલીયન બની જશે અથવા તો તમે ૧૦૦૦ બીલીયન એટલે કે ૧૦૦૦ અબજને ટ્રીલીયન ડોલર કહી શકો છો.

બીજી તરફ હવે એ પ્રશ્ન પૂછાઇ રહ્યો છે કે ફાઇવ ટ્રીલીયન ડોલરની ભારતની દોટમાં રાજયોની ભૂમિકા શું હશે કારણ કે જયાં સુધી રાજયો ખુદ વિકાસ ન કરે તો દેશનો વિકાસ શકય નથી અને તેથી જ કદાચ વડાપ્રધાન ડબલ એન્જીન સરકારની વાત કરતા હશે કે જે આ સ્પર્ધામાં રાજયોને સૌથી આગળ લઇ જઇ શકશે. એક સમય એવો હતો કે ભારતને વન ટ્રીલીયન ઇકોનોમી બનતા પણ ૬૦ વર્ષ લાગ્યા હતા અને ૩.૭ ટ્રીલીયન ડોલર ઇકોનોમી બનવામાં જે ઝડપ કરી છે તેમાં રાજયોનો સૌથી મોટો ફાળો છે. હાલ આ વર્ષના અંત સુધી ભારત ૪ ટ્રીલીયન ઇકોનોમી બની શકે છે જે હાલ ૩.૪ ટ્રીલીયન ડોલર છે અને તેમાં દેશનું એવું કયું રાજય છે કે જે એક ટ્રીલીયન ડોલર ઇકોનોમી બની જશે. જોકે તેના માટે રૂપિયાનું એકસચેંજ મુલ્ય એટલે કે ખાસ કરીને ડોલર સામે રૂપિયો કેવો મજબુત રહેશે તેના પર નિર્ભર કરે છે તેમાં બહારી ફેકટરો સૌથી મહત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ જો હાલની સ્થિતિ જોઇએ તો રૂપિયાનો ડોલર સામે જે રૂપિયા ૮૦.૩ પ્રતિ એક ડોલરનું એકસચેંજ મૂલ્ય ગણીએ તો મહારાષ્ટ્રની ઇકોનોમી ૪૩૯ બીલીયન ડોલરનું મૂલ્ય એટલે કે જીડીપી ધરાવે છે અને ૫૦૦ બીલીયન એ પોતે એટલે તે સૌથી પ્રથમ નંબરે પહોંચી શકે છે. જયારે તેના પછી તામિલનાડુ ૨૯૪ બીલીયન ડોલર, ઉતરપ્રદેશ ૨૮૧ બીલીયન ડોલર, કર્ણાટક અને ગુજરાત એ અનુક્રમે ૨૭૯ અને ૨૭૭ બીલીયન ડોલરનું અર્થતંત્ર ધરાવે છે આમ આ પ્રથમ રાજય એવા છે કે જે ૧ ટ્રીલીયન ડોલર ઇકોનોમી બનવા માટે સૌથી ફેવરીટ છે.

પરંતુ ફકત આ આંકડો જ મહત્વનો નથી તે કક્ષાએ પહોંચ્યા પછી રાજયો કેટલી ગતિએ તેનો વિકાસ દર જાળવી રાખે છે તે સૌથી મહત્વનું છે તે બહુ ઝડપથી આ સ્પર્ધામાં પાછળ લઇ જઇ શકે છે અને જયાં સુધી વિકાસનો પ્રશ્ન છે તો કર્ણાટક તેમાં નંબર-૧ છે. જે ૬.૨ ટકાનો વિકાસ દર ધરાવે છે પરંતુ ગુજરાત જે રીતે ડબલ એન્જીનથી આગળ વધી રહ્યું છે તેનો વિકાસ દર ૬.૧ ટકા છે એટલે કે કર્ણાટકને પાછળ રાખવામાં ગુજરાતને થોડી સ્પીડ વધારવી પડે તો તે દેશનું પ્રથમ ટ્રીલીયન ડોલર ઇકોનોમી બની શકે છે. તામિલનાડુ ૫.૩ ટકાનો, ઉતરપ્રદેશ ૪.૭ ટકાનો અને અત્યારે સુધીનું સૌથી મોટી ઇકોનોમી ધરાવતું મહારાષ્ટ્રનો વિકાસ દર ૩.૮ ટકા રહ્યો છે અને જો આ વિકાસ દર ગુજરાત અને કર્ણાટક જાળવી રાખે તો તે ૨૨ વર્ષનો ૧ ટ્રીલીયન ડોલર બની શકે. વાસ્તવમાં ફકત અર્થતંત્રના કારણો જ નહીં પોલીટીકલ કારણો પણ અર્થતંત્રના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. મહારાષ્ટ્રએ પહેલેથી જ દેશનું વ્યાપારી પાટનગર રહ્યું છે અને મુંબઇ એ દેશનું ઇકોનોમી પાવરહાઉસ ગણાય છે. પરંતુ બીગ ઇઝ નોટ બ્યુટીફુલ તેવું મહારાષ્ટ્ર સાથે થઇ રહ્યું છે. રાજકીય અસ્થિરતા અને સુનિયોજીત વિકાસ માટેના આયોજનનો અભાવ એ આ રાજયને પાછળ રાખી રહ્યું છે. કર્ણાટકના વિકાસમાં આઇટી અને ટેકનોલોજી તથા વિજ્ઞાનનો સૌથી મોટો ફાળો છે.

પરંતુ પ્રશ્ન એ ઉઠે છે કે શું દેશ કે રાજયની જીડીપી બીગ સાઇઝ થઇ જાય તો તેનાથી લોકોને કેટલો લાભ અંતે તો દેશની જનતાનો વિકાસ સૌથી મહત્વનો છે. તેની સમૃધ્ધિ એ રાષ્ટ્રીય સમૃધ્ધિ વધારશે તે નિશ્ચિત છે. જીડીપીના આંકડા ગમે તેટલા મોટા હોય પણ જે તે રાજયનો સામાન્ય માથાદીઠ આવક દર નીચો હોય તો વિકાસ અસંતુલીત છે તે નિશ્ચિત થઇ જાય છે અને તેથી જ જો રાજયોની પ્રતિ વ્યકિત આવક એટલે કે જેને માથાદીઠ આવક કહીએ છીએ તેમાં નાનકડુ ગોવા રાજય ૫.૮ લાખ પ્રતિ વ્યકિત આય સાથે નંબર-૧ છે. નાના રાજયો વધુ સારી પ્રગતિ કરે છે અથવા તો વિકાસના ફળો તેને વધુ ઝડપથી મળે છે તે ગોવા ઉપરાંત સિકકીમ અને દિલ્હી સાબિત કરે છે જે બંને રાજયોની માથાદીઠ આવક ૪ લાખથી વધુ છે. જયારે ઇકોનોમીમાં સૌથી આગળ રહેલા મહારાષ્ટ્રમાં વ્યકિતગત માથાદીઠ આવક ૬૦ લાખ છે અને ગુજરાતની ૨.૭૦ લાખ પ્રતિ વ્યકિત આય છે. કર્ણાટકની રૂા. ૩ લાખની તેલંગણાની ૩.૧ લાખ પ્રતિ વ્યકિત આય છે ઉતરપ્રદેશ દેશનું સૌથી મોટુ રાજય છે ત્યાં પ્રતિ વ્યકિત આય ફકત ૮૦ હજાર છે. બિહાર સૌથી કંગાળ રાજય ગણાય છે ત્યાં પ્રતિ વ્યકિત આય ૫૪ હજાર છે. આ બંને રાજયોમાં રાજકીય મહત્વ ગમે તેટલું હોય ઇકોનોમીને મહત્વ મળ્યું નથી તે નિશ્ચિત થાય છે.

**ટ્રીલીયન ડોલર એટલે કે એકડા પાછળ ૧૨ મીંડા આ સામાન્ય માનવીનું ગણિત નથી તેને તો રોટલા સાથે કામ છે, તે સમયે ઇકોનોમી ગમે તેટલી આગળ વધે પણ જો અસંતુલીત વિકાસ હશે તો લોકોને તેનો લાભ મળતા દસકાઓ લાગી જશે અને તેથી જ માથાદીઠ આવક એ સૌથી મહત્વની છે જેમાં દેશના નાના રાજયો ગોવા, સિકકીમ, દિલ્હી એ ત્રણ જ પ્રતિ વ્યકિત ૪ લાખ કે તેથી વધુની માથાદીઠ આવક ધરાવે છે, ગુજરાત આ ક્રમમાં આઠમા ક્રમે છે, જયારે બિહાર અને ઉતરપ્રદેશ સૌથી છેલ્લા ક્રમે છે**

---

## ભારતની ચાર યુરોપીય દેશો વચ્ચે મુકત વ્યાપાર સમજુતી

# હવે સસ્તી મળશે સ્વિસ ઘડિયાળ, ચોકલેટ, બિસ્કીટ

**મુક્ત વ્યાપાર સમજુતીથી ૧૦ લાખ નોકરીઓ પેદા થવાની સાથે સાથે અનેક ક્ષેત્રોમાં રોકાણને ગતિ મળશેઃ પીએમ મોદીએ સમજુતીને ઐતિહાસિક ગણાવી**



નવી દિલ્હી તા.૧૧

ભારત અને ચાર દેશોના યુરોપીય સમુહ યુરોપીય મુક્ત વ્યાપાર સંઘ (ઈએફટીએ) વચ્ચે થયેલ મુક્ત વ્યાપાર સમજુતી અને દ્રષ્ટિએ લાભકારી થશે, આથી ૧૦ લાખ નોકરીઓ પેદા થશે સાથે સાથે અનેક ક્ષેત્રોમાં રોકાણને ગતિ મળશે એટલું જ નહી સ્વીસ ઘડિયાળો, ચોકલેટ, બિસ્કીટ, વોલ કલોક જેવા ઉચ્ચ ગુણવતાવાળા સ્વીસ ઉત્પાદનો પર કસ્ટમ ડ્યુટી સમાપ્ત થતા અથવા તો સાવ ઘટી જતા ભારતમાં સસ્તા થઈ જશે.

આ સમજુતી અંતર્ગત બન્ને ભાગીદારો વચ્ચે ટ્રેડમાં સામેલ વસ્તુઓની અધિકતમ સંખ્યા પર કસ્ટમ ડ્યુટીને ઘણી ઘટાડીને કે ઓછી કરવામાં આવે છે.

સમજુતીમાં ઈએફટીએ બ્લોક આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૧૦૦ બિલિયન અમેરિકી ડોલરનું રોકાણ કરશે. યુરોપીય મુક્ત વ્યાપારસંઘ (ઈએફટીએ)ના સભ્ય દેશોમાં આઈસલેન્ડ, લીશટેંસ્ટીન, નોર્વે અને સ્વીટઝર્લેન્ડ સામેલ છે.

**ઐતિહાસિક સમજુતીઃ પીએમ મોદી**: વડાપ્રધાન મોદીએ આ સમજુતીને ઐતિહાસિક બતાવી હતી. તેમણે જણાવ્યું હતું કે આ એક મુકત, નિષ્પક્ષ અને સમાનતાવાળા વેપાર માટે અમારી સંયુકત જવાબદારી છે. જયારે ઈએફટીએના સભ્યોનું કહેવું છે કે આ ડીલથી તેને એક મુખ્ય બજાર સુધી પહોંચવાની તક મળી છે. ભારતને વધુ રોકાણ મળશે, જેથી નોકરીઓમાં વધારો થશે.

આ ડીલથી અનેક ક્ષેત્રોમાં રોકાણને ગતિ મળશે. ફાર્મા-મેડીકલ ચીકીત્સાના સાધનો, ફુડ પ્રોસેસીંગ અને સેવા ક્ષેત્રોમાં રોકાણ વધશે.

**શું છે મુક્ત વ્યાપાર સમજુતી?:** આ બે કે તેથી વધુ દેશો વચ્ચે એક એવી વ્યવસ્થા છે, જયાં તેઓ ભાગીદાર દેશો સાથે વ્યાપાર કરવામાં આવતી વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી ખતમ કરી દે છે અથવા ઘટાડી નાંખે છે.

---

# આવકવેરા રિટર્ન-ટેકસ પેમેન્ટમાં ગરબડઃ હજારો કરદાતાઓને 'એલર્ટ' મેસેજ

**શુક્રવાર સુધીમાં એડવાન્સ ટેકસ ચુકવવા કે ખુલાસો કરવા તાકીદ અન્યથા ડીમાંડ નોટીસ ફટકારાશે**




નવી દિલ્હી તા.૧૧

નાણાંકીય વર્ષ પૂર્ણ થવાને આરે માંડ ત્રણેક અઠવાડીયા બાકી છે ત્યારે આવકવેરા વિભાગ દ્વારા આવક અને ટેકસ પેમેન્ટમાં મેળ ન દેખાતો હોય તેમ કરદાતાઓને ઈ-મેલ તથા એસએમએસ મોકલવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. આ માટે ખાસ ઈ-મેલ, અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસ દ્વારા એમ કહેવામાં આવ્યું છે કે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરદાતાએ ચુકવેલા ટેકસ નામે તેના નાણાંકીય વ્યવહારોનો મેળ બેસતો ન હોય તેવા સેંકડો કરદાતા-કંપનીઓની ઓળખ થઈ છે અને તેઓને આ ગરબડ વિશે ઈ-મેઈલ તથા એમએસએસથી સંદેશા પાઠવવામાં આવી રહ્યા છે. આ અભિયાનનો ઉદ્દેશ એડવાન્સ ટેકસની યોગ્ય ગણતરી કરીને વાસ્તવિક આયકર રીટર્ન ભરવા તથા બાકી નિકળતો એડવાન્સ ટેકસ ભરવા માટે કરદાતાઓને એલર્ટ કરવાનો છે. એડવાન્સ ટેકસ ચુકવવાની અંતિમ તારીખ ૧૫ મી માર્ચની છે. કોઈપણ કરદાતા પર ટેકસ જવાબદારી બનતી હોય તો વ્યાજ સહીત બાકીનો ટેકસ ચુકવીને રીટર્ન અપડેટ કરી શકે છે.

કરવેરા બોર્ડ દ્વારા એમ કહેવામાં આવ્યુ છે કે છેલ્લા દિવસોમાં ૨૨૦૦૦ થી વધુ કરદાતાઓને આવી સંદેશા નોટીસ પાઠવવામાં આવી છે.આ કરદાતાઓના આવકવેરા રીટર્નમાં કરદાતાના દાવાના ફોર્મ ૧૬ અથવા વાર્ષિક ઈન્ફોર્મેશન રીપોર્ટ કે તંત્ર પાસેના આંકડાઓ સાથે મેળ પડતો નથી.

સુત્રોએ કહ્યું કે કરદાતાઓ દ્વારા કોઈ ખુલાસો કરવામાં નહી આવે તો તેઓને ડીમાંડ નોટીસ ફટકારવામાં આવશે.

---

## જયારે રશિયન યુવતીએ શાકભાજી વેચ્યા




નવી દિલ્હી : જો કોઈ વિદેશી છોકરી શાકભાજીના સ્ટોલ પર આવે અને 'ડુંગળી લો, ડુંગળી લો' બૂમો પાડવા લાગે, તો એકવાર તમને ચોક્કસપણે આશ્ચર્ય થશે. આવું જ કંઇક એક રશિયન યુવતી સાથે થયું જેનો વીડિયો ઇન્ટરનેટ પર વાયરલ થયો છે. આ વીડિયોમાં એક રશિયન છોકરી શાકભાજી વેચતી જોવા મળી રહી છે. આ છોકરી એક સોશિયલ મીડિયા ઈંફ્લૂઅસે છે, જે તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર વિવિધ પ્રકારના વીડિયો શેર કરતી રહે છે. ભારતમાં પણ લોકો તેને ખૂબ પસંદ કરી રહ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે યુવતી શાકભાજી વેચનાર પાસે જાય છે અને તેને શાકભાજી કેવી રીતે વેચવી તે શીખવવાનું કહે છે. આ પછી તે વ્યક્તિ રશિયન છોકરીને હિન્દીમાં થોડી લાઇન બોલતા શીખવે છે. આ વીડિયોને ઈન્સ્ટા પર ળફશિયભવીલ નામના એકાઉન્ટ પર શેર કરવામાં આવ્યો છે, જેને ૧૦ લાખ લોકોએ લાઈક કર્યો છે.

---

## ૭૦ વર્ષની ઉંમરે બર્ગર ખાવાનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો



ન્યુયોર્ક : સૌથી વધુ બર્ગર ખાવાનો રેકોર્ડ ડોનાલ્ડ ગોસ્કનના નામે છે. ડોનાલ્ડે લગભગ ૫૨ વર્ષ પહેલા ૧૭ મે, ૧૯૭૨ના રોજ બર્ગર ખાવાની તેની સફર શરૂ કરી હતી. ડોનાલ્ડ ગોસર્કે મે ૧૯૭૨થી બર્ગર ખાવાનો રેકોર્ડ બનાવી રહ્યા છે. હવે તેના બિગ મેક બર્ગર ખાવાની સંખ્યા ૩૪,૧૨૮ પર પહોંચી ગઈ છે. ડોનાલ્ડ ગોસર્કે કહે છે કે હું કદાચ મારા બાકીના જીવન માટે આ ખાતો રહીશ.

**કોણ છે ડોનાલ્ડ ગોસ્કે**

અમેરિકાના વિસ્કોન્સિનના રહેવાસી ડોનાલ્ડ ગોસર્કે નિવૃત્ત જેલ અધિકારી છે. ડોનાલ્ડે વર્ષ ૧૯૯૯માં પોતાનો પ્રથમ વિશ્વ રેકોર્ડ બનાવ્યો હતો. ડોનાલ્ડ ગોસ્કેને તેમના જીવનકાળમાં સૌથી વધુ બિગ મેક બર્ગર ખાનારા વ્યક્તિ તરીકે 'ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ'માં પોતાનું નામ નોંધાવ્યું છે.

**રેકોર્ડ રાખવાનું શરૂ કર્યું**

ડોનાલ્ડ ગોસ્કને લગભગ ૫૨ વર્ષ પહેલા ૧૭ મે ૧૯૭૨ના રોજ આ રેકોર્ડ બનાવવાની શરૂઆત કરી હતી. તે દિવસથી ડોનાલ્ડે પોતાના બનાવેલા દરેક બર્ગર પર નજર રાખવાનું શરૂ કર્યું. તે તેનું બોક્સ પોતાની કારમાં રાખતો હતો અને પહેલા દિવસથી જ તેની ગણતરી કરવા લાગ્યો હતો. શરૂઆતમાં ડોનાલ્ડ દરરોજ ૯ બર્ગર ખાતા હતા, બાદમાં તેણે આ સંખ્યા ઘટાડીને ૨ કરી દીધી. ડોનાલ્ડ એકને લંચમાં અને બીજું ડિનરમાં ખાતા હતા.

---

## ૧૪ કલાકથી વધુ કામ કરતા કેબ ડ્રાઈવર-ડિલીવરી પર્સનનું થતું શોષણ

# કંપનીઓની ૧૦ મિનિટમાં ડિલીવરીની પોલીસીના કારણે કેબ ડ્રાઈવરોમાં વધ્યો અકસ્માતનો ખતરો

**ગિગ વર્કર અર્થાત ઓનલાઈન પ્લેટફોર્મ પર કોન્ટ્રાકટથી કામ કરતા ડ્રાઈવરો-ડિલીવરીમેનના બારામાં પીએઆઈજીએએમના રિપોર્ટમાં સનસનીખેજ ખુલાસો**



નવી દિલ્હી તા.૧૧

૧૦ મીનીટમાં ડિલીવરીવાળી પોલીસીના કારણે એકસીડેન્ટનો ખતરો વધ્યો છે. ગિગ વર્કર્સ અર્થાત ઓનલાઈન પ્લેટફોર્મ અને કોન્ટ્રાકટ પર કામ કરતા કર્મચારીઓની હાલત પર પીપલ્સ એસોસીએશન ઈન ગ્રાસરૂટ એકશન એન્ડ મુવમેન્ટ (પીએઆઈજીએએમ) નેટવર્ક અને આઈએફએટીએ એક સર્વે કર્યો છે. દિલ્હી, મુંબઈ, લખનૌ, હૈદ્રાબાદ, બેંગ્લુરુ, કોલકતા, જયપુર અને ઈન્દોરમાં ૫૩૦૨ કેબ ડ્રાઈવરો અને ૫૦૨૮ ડિલીવરી પર્સન્સ વચ્ચે થયેલા આ સર્વે બાદ 'પ્રિઝનર્સ ઓન વ્હીલ' નામથી જાહેર રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં એપ બેઝ્ડ કેબ ડ્રાઈવરોમાંથી ૮૩ ટકાથી વધુ રોજના ૧૦ કલાકથી વધુ કામ કરી રહ્યા છે, તેમ છતાં તેમની કમાણી ઘણી ઓછી છે. કઠોર કામના કારણે આ ડ્રાઈવર માત્ર શારીરિક રીતે થાકી જ નથી જતા, બલ્કે માર્ગ અકસ્માતનો પણ સામનો કરે છે. આ ખતરો ૧૦ મીનીટમાં ડિલીવરીવાળી પોલીસીના કારણે વધી ગયો છે. સર્વેમાં ૮૬ ટકા ડિલીવરી પર્સન્સે આ પોલીસીને પુરી રીતે અસ્વીકાર્ય બનાવી છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટ મુજબ ગિગ ઈકોનોમીના રિપોર્ટના મામલામાં ભારત દુનિયામાં બીજા નંબરે છે અને એશિયા-પ્રશાંત ક્ષેત્રના બધા ગિગ વર્કર્સમાંથી ૫૬ ટકા ભારતમાં કામ કરે છે, આ સ્થિતિમાં ગિગ વર્કસમાં જાગૃતિ વધારવાના ઉદ્દેશથી આ સર્વે કરવામાં આવ્યો છે.

સર્વે રિપોર્ટ મુજબ રોજના ૧૪ કલાકથી વધુ કામ કરવા છતાં ૪૩ ટકા કેબ ડ્રાઈવરોનું કહેવું છે કે ભોજન, ઈંધણ વ્હીકલ મેન્ટેનન્સ, ઈએમઆઈ વગેરે કાપ્યા બાદ તેઓ મહિનામાં સરેરાશ ૧૫ હજાર રૂપિયાથી ઓછું કમાય છે. એપ બેઝ્ડ ડિલીવરી કરનારા ૩૪ ટકા લોકો પણ દર મહિને ૧૦ હજાર રૂપિયાથી ઓછા કમાઈ રહ્યા છે. ૭૨ ટકા કેબ ડ્રાઈવરો અને ૭૬ ટકા ડિલીવરી પર્સને કહ્યું હતું કે તેમને ખર્ચ મેનેજ કરવામાં તકલીફ પડે છે.

એગ્રિગેટર કંપનીઓ પર આરોપ: રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગિગ વર્કરની ઓછી કમાણી પાછળ એગ્રીગેટર કંપનીઓના મનસ્વી ભાડા, કમીશન રેટ અને કપાત છે.

ગ્રાહકો ખરાબ વહેવાર કરે છે: રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મોટાભાગના કેબ ડ્રાઈવરોએ આઈડી ડિસેબલ કરવા અને ગ્રાહક દ્વારા દુર્વ્યવહારની ફરિયાદ કરી છે.

---

## આલિયાએ હોલિવુડમાં પોતાની એન્ટ્રીની ક્રેડીટ ઐશ્વર્યા, પ્રિયંકા, દીપિકાને આપી

**હોલિવુડની ફિલ્મ 'હાર્ટ ઓફ સ્ટોન'માં આલિયાની એકશન દર્શકોને પસંદ આવી**



મુંબઇ : આલિયા ભટ્ટે કેટલાક દિવસો પહેલા ફિલ્મ 'હાર્ટ ઓફ સ્ટોન'થી બોલીવુડમાં ડેબ્યુ (શરૂઆત) કર્યુ હતું. આ ફિલ્મમાં તે હોલિવુડ સ્ટાર ગેલ ગેડોટ સાથે એકશન કરતી નજરે પડી હતી અને તેના રોલને દર્શકોએ ઘણો પસંદ પણ કર્યો હતો.

આલિયાએ તાજેતરમાં એક કાર્યક્ષમમાં હોલિવુડમાં કામ કરવા માટે ઐશ્વર્યા રાય બચ્ચન, પ્રિયંકા ચોપરા અને દીપિકા પાદુકોણ જેવી અભિનેત્રીઓને પોતાની પ્રેરણા બતાવી હતી. સાથે સાથે આલિયાએ આ એકટ્રેસીસના ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં પ્રદાનની પણ પ્રસંશા કરી હતી.

આલિયાની ફિલ્મોની વાત કરીએ તો તેણે કેટલાક સમય પહેલા જ ફિલ્મ 'જિગરા'નું શુટીંગ પુરૂ કર્યુ છે. ખબરો મુજબ તે આ ફિલ્મમાં પણ એકશન કરતી જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે વિદ્યાબાલન પણ જોવા મળશે. આ સિવાય તેની પાસે આદિત્ય ચોપરાની સ્પાય યુનિવર્સની ફિલ્મ પણ છે. જેમાં તે મહિલા જાસુસના રોલમાં જોવા મળશે. આ સિવાય તેણે સંજય લીલા ભણશાળીની 'લવ એન્ડ વોર' પણ સાઇન કરી છે. જેમાં રણબીર કપુર અને વિકી કૌશલ કામ કરે છે.

### અશાંતધારાના કેસમાં ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો

# ‘અધિકારીઓ અદાલત નથીઃ’ મકાન ખાલી કરાવવાના આદેશ પર ‘સ્ટે’

## અશાંતધારા વિસ્તારમાં સરકારની પૂર્વ મંજુરી વિના ખરીદ કરેલા મકાનમાંથી પરિવારને હાંકી કાઢવાનાં ડેપ્યુટી કલેકટરના આદેશ સામે મનાઈહુકમ

અમદાવાદ તા.૧૧

રાજકોટ સહીત રાજયનાં અનેક શહેરોનાં ચોકકસ વિસ્તારોમાં લાગુ કરાયેલા અશાંત ધારા કાયદાને વ્યાપક અસર થઈ શકે તેમ હોય તેમ ગુજરાત હાઈકોર્ટે સુરતનાં એક કિસ્સામાં અધિકારીઓ અદાલત ન હોવાની ટીપ્પણી કરીને મિલકત ખાલી કરાવવાનાં આદેશ પર મનાઈ હુકમ આપ્યો છે.

અશાંત ધારા કાયદા હેઠળ ફરજીયાત પૂર્વ મંજુરી મેળવ્યા વિના મકાન ખરીદ કરનારને મકાન ખાલી કરવાનાં મહેસુલ વિભાગનાં આદેશ પર હાઈકોર્ટે સ્ટે આપ્યો હતો. ગુજરાત હાઈકોર્ટનાં જસ્ટીસ વી.ડી.નાણાંવટીએ સુરતના ડેપ્યુટી કલેકટરનાં ૭ નવેમ્બર ૨૦૨૩ ના મકાન ખાલી કરવાના આદેશ પર રોક લગાવી હતી અને ઓથોરીટી સીવીલ કોર્ટની ભૂમિકા ન નિભાવી શકે તેવી ટીપ્પણી સાથે પરિવારને ઘરમાંથી બહાર નહી કાઢવાનો ચુકાદો આપ્યો હતો.

આ કેસ સુરતનાં લિંબાયતનો છે. આ વિસ્તારમાં અશાંત ધારા કાયદો ૧૯૯૧ લાગુ છે જેમાં સ્થાવર મિલકતોના બારોબાર ખરીદ-વેંચાણ પર પ્રતિબંધ છે.સરકારની પૂર્વ મંજુરી વિના કોઈપણ સ્થાવર મિલકતની ખરીદી કે વેંચાણ થઈ શકતુ નથી અને બે અલગ કોમ વચ્ચે આવા વ્યવહારો હોય તો વધુ ઉંડાણપૂર્વક ચકાસણી થાય છે. આ કેસમાં રૂસ્તમ ગ્રુપ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીમાં મકાન ધરાવતા પુરૂષોતમ



ઉમરેડકર પોતાનું મકાન રજીવા ખાતિકને વેચવા માંગતા હતા. અને અશાંત ધારા કાયદા અંતર્ગત તેઓએ ઓગસ્ટ ૨૦૨૨ માં કલેકટર તંત્રમાં અરજી કરી હતી.

કલેકટર તંત્ર દ્વારા કોઈ જવાબ અપાયો ન હતો. ત્યારે ઓગસ્ટ ૨૦૨૩ માં તેઓએ હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યા હતા. વડી અદાલતે આઠ સપ્તાહમાં ફેંસલો કરવા કલેકટર તંત્રને આદેશ કર્યો હતો.

ડેપ્યુટી કલેકટર દ્વારા ૭ નવેમ્બર ૨૦૨૩ ના રોજ વેચાણ અરજી ફગાવી દેતો આદેશ કરવામાં આવ્યો હતો. આ માટે પાડોશીઓને વાંધો હોવાનું કારણ દર્શાવવામાં આવ્યું હતું. કાયદા હેઠળ મંજુરી મેળવ્યા વિના રજીયા ખાતિક પરિવારે વસવાટ શરૂ કરી દીધો છે અને તે બાબતને ગંભીર ગણાવીને મકાન ખાલી કરવાની પણ સુચના આપી છે.

ડેપ્યુટી કલેકટરના આ આદેશ સામે પુરૂષોતમ ઉમરેડકરે ફરી હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યા હતા અને એવી દલીલ કરી હતી કે પત્નીની તબીબી સારવાર માટે નાણાંની જરૂર હતી અને એટલે મકાન મુસ્લીમ પરિવારને વેંચી નાખ્યુ હતું. કલેકટર તંત્રમાં અરજી કરવા છતાં નિર્ણય લેવાયો ન હતો. નિર્ણય લેવાયો ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનો ભંગ થયો હતો. પાડોશીઓનાં વાંધાને આગળ ધરીને અરજી નકારવામાં આવી હતી. તે હાઈકોર્ટે ધ્યાને લીધી ન હતી અને મકાન ખાલી કરાવવાનાં આદેશ પર મનાઈ હુકમ ફરમાવ્યો હતો.

# બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભઃ કેન્દ્રો પર પરીક્ષાર્થીઓનું કુમકુમ તિલકથી સ્વાગત

રાજકોટ તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ થયેલ છે જેના પગલે રાજયભરમાં પરીક્ષા ફીવર છવાઈ જવા પામેલ છે. પરીક્ષાના આજે પ્રથમ દિવસે તમામ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓનું કુમકુમ તિલક કરી મોં મીઠા કરાવી સ્વાગત કરવામાં આવેલ હતું.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં તમામ જિલ્લા મથકો પર કલેક્ટર, પોલીસ કમિશ્નર, જીલ્લા વિકાસ અધિકારી શિક્ષણાધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓએ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓને મોં મીઠા કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં રાજકોટમાં જિલ્લા કલેકટર પ્રભવ જોષી અને શિક્ષણાધિકારી રાણીપાએ રૈયારોડ પરની ન્યુએરા સ્કુલના પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓને મોં મીઠા કરાવી વેલકમ કર્યું હતું.

રાજકોટ શહેર-જિલ્લામાં ૮૦૫૧૦ સહિત રાજયના ૧૫.૩૮ લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં નોંધાયા છે. જેમાં સૌરાષ્ટ્રના ૩.૬૭ લાખ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ધો.૧૦ના ૯.૧૭ લાખ, ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧.૩૨ લાખ અને સામાન્ય પ્રવાહના ૪.૮૯ લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી રહ્યા છે.

### કેન્દ્ર સંચાલકો-ઉચ્ચ અધિકારીઓ દ્વારા મોં મીઠા કરાવી શુભેચ્છા અપાઈઃ સવારના સેશનમાં ધો.૧૦માં ગુજરાતી અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સહકાર પંચાયતનું પેપરઃ બપોરે વિજ્ઞાનપ્રવાહમાં ભૌતિકવિજ્ઞાન તથા કોમર્સમાં નામાના મૂળતત્વોની પરીક્ષાઃ ચોરી-ગેરરીતિના બનાવો ડામવા કડક પ્રબંધોઃ રાજયમાં છવાયો પરીક્ષા ફીવર

રાજયમાં ૫૩૭૮ બિલ્ડીંગો અને ૫૪૨૯૪ બ્લોકમાં આ પરીક્ષા લેવામાં આવી રહી છે. રાજકોટની મધ્યસ્થ જેલના કેન્દ્ર પરથી ધો.૧૦ના ૧૬ અને ધો.૧૨ના ૭ કેદી પરીક્ષા આપી રહ્યા છે જયારે રાજયની અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એમ કુલ આ ચાર જેલના કેન્દ્ર પરથી ધો.૧૦ના ૭૩ અને ધો.૧૨ના ૫૭ કેદી પરીક્ષા આપી રહ્યા છે.

પરીક્ષાના આજે પ્રથમ દિવસે સવારના સેશનમાં ધો.૧૦નું ગુજરાતી અને ધો.૧૨ સામાન્ય પ્રવાહનું સહકાર પંચાયતનું પેપર લેવામાં આવી રહ્યું છે. જયારે બપોરના સેશનમાં ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં નામાના મૂળતત્વો વિષયનું પેપર પરીક્ષા કેન્દ્રો પરથી લેવામાં આવનાર છે. બોર્ડની આ પરીક્ષાનો પ્રારંભ થતાની સાથે જ પરીક્ષા કેન્દ્રો વિસ્તારમાં ૧૪૪મી કલમ લાગુ કરી જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો પર વિશેષ જાપ્તો રાખવામાં આવેલ છે.

બોર્ડની પરીક્ષા સંદર્ભે ગઈકાલથી રાજકોટની કરણસિંહજી હાઈસ્કુલ સહિત રાજયના તમામ જિલ્લા મથકો પર કન્ટ્રોલરૂમ ધમધમતા કરી દેવામાં આવેલ છે. બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થતાની સાથે જ ફ્લાઈંગ સ્કવોર્ડોએ એકશન મોડમાં આવી પરીક્ષા કેન્દ્રોની રાઉન્ડ ધ કલોક તપાસણી શરૂ કરી દીધી છે.

આ વખતે લોકસભાની ચુંટણીને લઈને ધો.૧૦ અને ધો.૧૨ની આ પરીક્ષાનું આ પરિણામ પણ વહેલાસર એટલે કે સંભવત આગામી એપ્રિલ માસમાં જ જાહેર કરવા માટે શિક્ષણબોર્ડ દ્વારા તખ્તો તૈયાર કરી દેવામાં આવેલ છે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે શિક્ષણબોર્ડ દ્વારા બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ આચરનારા પરીક્ષાર્થી ઉમેદવારો માટે શિક્ષાનું કોષ્ટક અગાઉથી જ જાહેર કરી દેવામાં આવેલ હતું. જે અંતર્ગત પરીક્ષામાં ડીઝીટલ ઘડીયાળ, હથિયાર સાથે રાખનાર કે ઉતરવહીમાં ચલણીનોટ મૂકનારા ઉતરવહીમાં નિશાની કરે કે અન્ય કલરની પેનનો ઉપયોગ કરે તો આવા પરીક્ષાર્થીઓના પરિણામ રદ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. બોર્ડની આ પરીક્ષામાં ચોરી અને ગેરરીતિને ડામવા માટે ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે.

### ૨૦૦૮ માં એશિયાઈ સિહોને ‘જોખમી’ની શ્રેણીમાં મુકનાર સંગઠને જ વ્યાખ્યા બદલી

# ગુજરાત માટે ગૌરવઃ ગીરના સિંહો ‘જોખમ’ની શ્રેણીમાંથી બહાર

### આફ્રિકા કરતાં સૌરાષ્ટ્રમાં સિંહ વધુ સુરક્ષિતઃ ‘ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર’નો રીપોર્ટ

અમદાવાદ તા.૧૧

એશયાઈ સિંહોનો વસવાટ ધરાવતાં એકમાત્ર રાજય ગુજરાતના ગૌરવમાં વધુ ઉમેરો થયો હોય તેમ ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઈસીયુએન) દ્વારા એશીયાઈ સાવજોને જોખમની શ્રેણીમાંથી બહાર મુકવામાં આવ્યા છે. સંગઠને જ ૨૦૦૮ માં સિંહોને જોખમી ચૂંટણીમાં મુકયા હતા અને હવે વ્યાખ્યા બદલાવીને તે શ્રેણીમાંથી મુકત કર્યા છે.

સંગઠન દ્વારા જારી કરાયેલા પ્રથમ વૈશ્વીક રીપોર્ટમાં આફ્રિકન તથા એશીયાઈ સિંહો પરના જોખમની સરખામણી પણ કરી છે. આફ્રિકામાં મોટા પ્રમાણમાં શિકાર થતો હોવાના કારણોસર ત્યાંના સિંહોની વસતીમાં ૩૩ ટકાનો ઘટાડો થવાની સંભાવના એશીયાઈ સિંહો કરતા ૧૯ ગણી વધુ હોવાનું દર્શાવ્યું છે.

એશીયાઈ સિંહોની વસતી સમગ્ર વિશ્વમાં એકમાત્ર ગુજરાતમાં છે અને સંગઠનના રીપોર્ટને જ આધાર ગણવામાં આવે તો સૌરાષ્ટ્રની ભૂમિમાં તે ઘણા સુરક્ષિત છે. સંગઠનના રીપોર્ટમાં એમ કહેવામાં આવ્યુ છે કે ભુતકાળ, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણ જનરેશનની ગણતરી કરવામાં આવે તો આફ્રિકામાં સિંહોની વસતીમાં ૩૩



ટકાનો ઘટાડો થવાની સંભાવના ૪૧ ટકા છે જયારે સૌરાષ્ટ્રમાં વિહરતા એશીયાઈ સિંહો માટે આ પ્રકારનું જોખમ માત્ર બે ટકાનું છે.

સંગઠનના અંદાજ પ્રમાણે દુનિયાનાં જંગલોમાં સિંહોની વસતી ૨૩૦૦૦ છે તેમાંથી ૬૬૪ ગુજરાતમાં છે.

આફ્રિકાનાં જંગલોમાં સિંહોની વસતીને જોખમ વિશેનાં વિસ્તૃત રીપોર્ટમાં સંગઠને કહ્યું કે સંવર્ધનની સુરક્ષીત જગ્યા તથા વારસાઈ નુકશાન મુખ્ય છે. પરિણામે અનેક પેટા વસતી નાની અને છુટીછવાઈ થઈ રહી છે. આ સિવાયના જોખમોમાં મોટા પ્રમાણમાં શિકાર મુખ્ય છે. માનવ વસતી તથા ખેતરોને બચાવવા માટે સાવજોનો શિકાર થઈ રહ્યો છે. આ સિવાય સિંહોના અંગો મેળવવા માટે શિકારનો વધેલો ટ્રેન્ડ ચિંતાજનક છે. ખાસ કરીને પૂર્વીય આફ્રિકા ક્ષેત્રમાં સિંહોને કારણે મોટો આર્થિક નુકશાન થતુ હોય છે. સિંહો ખેતર જેવા વિસ્તારોમાં વિહરતા હોય છે અને ઝનુની વર્તણુંકને કારણે ઝેરી મારણનો પણ ભોગ બની જાય છે.

વન્યજીવ નિષ્ણાંત (અનુસંધાન ૮ મા પાને)

# સોડા કે ડાયેટ ડ્રીંકના વધુ પડતા સેવનથી હૃદયના રોગોનું જોખમઃ અદ્યયનમાં દાવો

### હૃદયના ધબકારા અસામાન્ય થવા, હૃદય રોગનો હુમલો અને ડિમેન્શિયાની ઝપટમાં આવવાની આશંકા

બીજીંગ (ચીન) તા.૧૧

ઠંડા પીણા કે સોડા જેવા ડાયેટ ડ્રીંકના શોખીનોએ પોતાના હૃદય પ્રત્યે સતર્ક રહેવું પડશે. ચીનના શાંઘાઈમાં થયેલા એક અધ્યયનમાં દાવો કરાયો છે કે એક સપ્તાહના સમયગાળામાં બે લિટરથી વધુ ડાયેટ ડ્રીંક કે કૃત્રિમ રૂપે બનાવવામાં આવેલ પેયનું સેવન કરનારા લોકો પર હૃદયરોગની ઝપટમાં આવવાનું જોખમ ૨૦ ટકા વધુ રહે છે. અધ્યયનમાં સોફ્ટ ડ્રીંકનું સેવન નહીં કરનારા લોકો સાથે તુલના કરવામાં આવી છે, જેમાં જાણવા મળ્યું કે જેમ તે આ આદત નથી તેમને આ પ્રકારનું જોખમ નથી હોતું.

**હૃદયના ધબકારા અસામાન્યઃ** શાંઘાઈમાં થયેલા આ અધ્યયનમાં જાણવા મળ્યું કે જે લોકો આવા પીણાનું



સેવન કરે છે તેમને એટ્રિયલ ફિબ્રિલેશન અર્થાત હૃદયના ધબકારા અસામાન્ય થવાનું વધુ જોખમ છે.


**પાચન ક્રિયા પર પણ અસરઃ** ડાયેટ સોડા પીવાથી હૃદયની સાથે પાચન ક્રિયાને પણ અસર થાય છે. આ સિવાય માથામાં દુઃખાવો, સ્થૂળતા, હાઈ બ્લડ પ્રેસર, ડાયાબીટીસનું જોખમ પણ વધે છે.

**શું છે એટ્રિયલ ફિબ્રિલેશનઃ** એટ્રિયલ ફિબ્રિલેશન એ પ્રકારનો હૃદય રોગ છે. (અનુસંધાન ૮ મા પાને)

### શાપરમાં કિશાન ગેઈટ પાસે હાઈવે પર ગોઝારો અકસ્માત

# રોંગ સાઈડમાં આવતી બોલેરોની ઠોકરે બાઈક સવાર બે સગા ભાઈના કમકમાટીભર્યા મોત

### વાવડીમાં રહેતાં મૂળ યુપીના ચંદ્રપ્રકાશ અને તેનો ભાઈ વિરબહાદુર વર્મા સાંજના સમયે શાપરથી ઘરે પરત આવતાં ’તા ત્યારે કાળમુખી બોલેરો સાથે અથડાતાં ગંભીર રીતે ઘવાયેલા બંને ભાઈઓએ ટૂંકી સારવારમાં દમ તોડ્યો





રાજકોટ-ગોંડલ હાઈ-વે પર શાપર નજીક થયેલ ગોઝારા અકસ્માત મોતને ભેંટેલા બે સગા ભાઈઓના મુતદેહ અને ફાઈલ ફોટો તસ્વીરમાં દ્રશ્યમાન થાય છે.

### બંને ભાઈઓના ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતાં શ્રમિક પરિવારમાં કલ્પાંતઃ પોલીસે અજાણ્યાં બોલેરો ચાલક સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી

રાજકોટ. તા.૧૧

નેશનલ હાઈવે પર અકસ્માતોના બનાવમાં એકદમ ઉછાળા સાથે વધારો થતો જઈ રહ્યો છે અને જીવલેણ પણ બની રહ્યાં છે. ત્યારે ગઈકાલે સાંજે શાપરમાં કિશાન ગેઈટ પાસે હાઈવે પર ગોઝારો અકસ્માતનો બનાવ બનવા પામ્યો હતો. કારખાનામાં મજૂરી કામ કરી ઘરે પરત ફરી રહેલાં બે પરપ્રાંતીય સગા ભાઈઓની બાઈક કાળમુખી બોલેરો સાથે અથડાતાં બંને સગા ભાઈઓના ટૂંકી સારવારમાં કમકમાટીભર્યા મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં શાપર પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને અજાણ્યાં બોલેરો ચાલક સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, ગોંડલ રોડ પર ક્રિષ્ના પાર્ક હોટલ પાછળ વાવડીમાં રહેતાં વિરબહાદુર દિનદયાલ વર્મા (ઉ.વ.૩૫) અને તેનો નાનો ભાઈ ચંદ્રપ્રકાશ (ઉ.વ.૩૨) ગઈકાલે સવારે શાપરમાં આવેલ પ્રીશા નામના કારખાનામાં કામ માટે ગયાં હતાં. ત્યાંથી તેઓ પોતાની બાઇકમાં બંને ભાઈઓ ઘરે આવવા માટે નીકળ્યા હતાં ત્યારે સાંજના સાત વાગ્યાની આસપાસ તેઓ શાપરથી રાજકોટ તરફ કિશાન ગેટની સામે પુલ પર પહોંચતા સામેથી રોંગ સાઈડમાં પુરપાટ ઝડપે આવતી બોલેરો કાર સાથે બાઈક અથડાતાં બંને ભાઈઓ ફૂટબોલના દડાની માફક રોડ પર પટકાયા હતાં. બનાવ સ્થળે એકઠાં થયેલ લોકોના ટોળાએ ૧૦૮ ને જાણ કરી સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ સારવાર મળે તે પહેલાં જ બંને ભાઇઓના મોત નિપજ્યા હતાં. બનાવ અંગે જાણ થતાં શાપર પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ ટ્રાફિક હળવો કર્યો હતો. તેમજ સિવિલ હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી અકસ્માત સર્જી નાસી છૂટનાર બોલેરોના ચાલક સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

બનાવ અંગે વધુમાં મૃતકના નાના ભાઈએ જણાવ્યું હતું કે, તેઓ મૂળ ઉત્તરપ્રદેશના વતની છે અને તે ચાર ભાઈ અને એક બહેન છે. મૃતક વિરબહાદુર અને ચંદ્રપ્રકાશ પાંચ ભાઈ બહેનમાં મોટા હતાં. મૃતક બંને ભાઈઓ દસ વર્ષ પહેલાં રાજકોટ કામ અર્થે આવ્યાં બાદ તેઓ પરિવાર સાથે વાવડીમાં રહી શાપર કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં. વિરબહાદુરને સંતાનમાં બે પુત્ર છે. તેમજ તેમના પત્નીનું એક વર્ષ પહેલાં અવસાન થયેલ છે જે બાદ તેનો એક પુત્ર પોતાની સાથે અને એક વતનમાં રહેતો હતો. તેમજ ચંદ્રપ્રકાશને પણ સંતાનમાં બે પુત્ર છે. બનાવથી શ્રમિક પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

### મૃતક વિરબહાદુરની પત્નીનું એક વર્ષ પહેલાં અવસાન થયું ’તુંઃ બે સંતાન નોધારા બન્યા

રાજકોટ. તા.૧૧

રાજકોટ-ગોંડલ હાઇવે પર શાપર નજીક થયેલ ગોઝારા અકસ્માતમાં બે સગા ભાઇઓના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતાં. જેમાં મૂળ યુપીના મૃતક વિરબહાદુરને સંતાનમાં બે પુત્ર છે. તેમજ તેમની પત્નીનું એક વર્ષ પહેલાં અવસાન થયું હતું. જે બાદ એક પુત્ર તેઓની સાથે અને એક વતનમાં રહેતો હતો. પહેલાં માતા અને હવે પિતાનું મોત પણ થતાં બંને બાળકો નોધારા બન્યા હતાં.

# ભાવનગર નજીકથી ૯.૧૮ લાખના ડ્રગ્સ સાથે ચાર શખ્સો ઝડપાયા

### કારમાંથી માલ મળ્યોઃ મુસ્લિમ શખ્સોની પૂછપરછ

(વિપુલ હિરાણી)

ભાવનગર, તા.૧૧

ભાવનગર શહેરમાં ડ્રગ્સ ઘુસાડવાની ચોક્કસ બાતમી આધારે એસ ઓ જી પોલીસે વોચ ગોઠવતા શંકાસ્પદ કારને ઊભી રાખી તલાશી કરતા લાખો રૂપિયાના ડ્રગ્સના જથ્થા સાથે ચાર શખ્સોને ઝડપી લઈ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગર શહેરમાં અમુક શખ્શો ડ્રગ્સ ઘુસાડવાની ચોક્કસ બાતમી ભાવનગર એસ ઓ જી ને મળતા ભાવનગર- અમદાવાદ શોર્ટ રૂટ ઊપર સનેસ પોલીસ મથકની નજીક નાકાબંધી કરવમાં આવી હતી. જે દરમીયાન એક શંકાસ્પદ બલેનો કાર પસાર થતાં કારને અટકાવી તલાશી લેતાં કારમાંથી ૯૧.૮૦૦ મિલી ગ્રામ રૂ.૯,૧૮,૦૦૦ ના મુદ્દામાલ સાથેભાવનગરના મોતી તળાવમાં રહેતો તૌફીક મન્સૂરી, એજાઝ હનીફભાઈ મન્સૂરી, અલ્ફાઝ સદિકભાઈ ગોરી, હુસૈન અખતરભાઈ કલિવલા નામના ચાર શખ્સોને ઝડપી લઈ કાર સહીત ૧૬,૩૪,૦૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરાઈ હતી.

### આરોપીઓ રૂા.૧ લાખનું દરરોજ રૂા.૧૦૦૦ વ્યાજ લેતા

# વ્યાજખોરોએ યુવાનનું અપહરણ કરી રૂમમાં પુરી દીધો, પોલીસે તુરંત દોડી મુક્ત કરાવ્યો : આરોપીઓ સકંજામાં

### મિત્ર વિશાલે આરોપી પ્રભાત પાસેથી વ્યાજે રૂપિયા લીધા’તા : જયદીપ તેમાં જામીન હતો, વિશાલ દારૂના કેસમાં પકડાતા આરોપીઓ જયદીપ પાસે ઉઘરાણી કરતા હતા

**શિવરાજપુરના જયદીપનું થાર કારમાં જસદણના આરોપી પ્રભાત જળુ અને વિરાજ ચાવડાએ અપહરણ કરેલું**

રાજકોટ, તા.૧૧

જસદણ પંથકમાં વ્યાજખોરોએ યુવાનનું અપહરણ કરી રૂમમાં પુરી દીધો હતો. જોકે પોલીસને જાણ થઈ જતા તુરંત દોડી મુક્ત કરાવ્યો હતો અને આરોપીઓ સકંજામાં લીધા હતા. શિવરાજપુરનો જયદીપનું થાર કારમાં જસદણના આરોપી પ્રભાત જળુ અને વિરાજ ચાવડાએ અપહરણ કર્યું હતું. ફરિયાદીના મિત્ર (અનુસંધાન ૮ મા પાને)

દરેક કારની ચીપ (સેન્સર)વાળી ચાવી
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

200 to 500 ફુટ સુધીની શો-રૂમ/ઓફીસ ભાડે આપવાના છે
‘સ્કાય મોલ’ ગોંડલ રોડ, એસ.ટી.વર્કશોપ પાસે, રાજકોટ.
94288 38854

માવજીભાઈ ભોજાણીની
કોઠી ધાણાદાળ ₹1 50 પૈસા
98242 08080 - 98255 16848

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)
૬૭ પૈસા સોના ધિરાણ માસિક વ્યાજ*
30 મિનિટમાં જ ધિરાણ
કોઈ છુપો ચાર્જ નહીં
રૂા. 1 કરોડ સુધી ધિરાણની સુવિધા
રૂા. 2 લાખ સુધી રોકડ પેમેન્ટ
ખેડૂતોને વધારાના લાભ સાથે ધિરાણ
7.99% વાર્ષિક વ્યાજ*
પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ *શરતોને આધિન
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક સહકારથી સમૃદ્ધિ

સાંજ સમાચાર
સુરેન્દ્રનગર જિલ્લા સમાચાર
બ્યુરો ઓફિસ : ફારૂક ચૌહાણ, મો. ૯૮૨૪૮ ૩૨૦૨૦

# ધ્રાંગધ્રાના હનુમાન મંદિરમાં રૂા. ૧૧ હજારની ચોરી

(ફારૂક ચૌહાણ)
વઢવાણ, તા. ૧૧
ધ્રાંગધ્રાના નરશીપુરા વિસ્તારમાં તળાવ પાસે આવેલા સર્વેરીયા હનુમાન મંદિરમાં રામાપીર હનુમાનજી અને શિવ મંદિર આવેલા છે. ત્યારે શિવરાત્રીને લઈને આ દિવસે લોકોને ભારે ભીડ હતી. ત્યારે મંદિરનામાં દાનમાં આવેલા રૂ. ૧૧,૦૦૦ રાત્રિના સમયે કોઈ ચોરી કરીને લઈ જતા મંદિરના પૂજારી દ્વારા ધ્રાંગધ્રા સીટી પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં ચોરીના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. ત્યારે ધ્રાંગધ્રાના નરશીપરા વિસ્તારના તળાવની પાળ ઉપર સરવરીયા હનુમાન મંદિર આવેલુ છે.

ત્યારે મહાશિવરાત્રીના પર્વને લઈને મોટી સંખ્યામાં દર્શન કરવા આ મંદિરમાં લોકો આવેલા હતા. આ મંદિરમાં રામાપીર, હનુમાનજી અને શિવ ભગવાનના મંદિર હોવાથી ભકતો દ્વારા મંદિરમાં દાન પેટે મૂકવા આવેલા રૂ. ૧૧,૦૦૦ રાત્રિના સમયે કોઈ શખસ દ્વારા ચોરી કરી અને લઈ ગયાની ઘટના બની હતી.

આ બનાવ પૂજારીના ધ્યાનમાં આવતા પુજારી રામપ્રસાદ દેવમોરારી દ્વારા ધ્રાંગધ્રા સીટી પોલીસમાં એક લેખિત ફરિયાદ આપી અને રૂ. ૧૧૦૦૦ ની ચોરી થયાનું જણાવતા આ અંગે ધ્રાંગધ્રા સીટી પોલીસે તપાસ હાથ ધરી હતી.

# ચોટીલા ચામુંડા માતાજીના મંદિરમાં આવારા તત્વોનો આતંક : ઘટના CCTV માં કેદ

## નશાની હાલતમાં દંગલ : આગેવાનો અને પુજારીએ પોલીસને જાણ કરી : તમામ મંદિરોમાં કાયમી પોલીસ બંદોબસ્ત મુકવા રજુઆત : સરકારને જાણ કરાઈ





**(ફારૂક ચૌહાણ)** વઢવાણ, તા. ૧૧
ચોટીલા ડુંગર તળેટીમાં આવેલ પૌરાણિક જગવિખ્યાત ચામુંડા માતાજીના મંદિર તેમજ નવગ્રહ મંદિરમાં કે જ્યાં લાખો લોકો દર્શને આવે છે, તેવા આ સનાતન ધર્મ ના પવિત્ર સ્થાનમાં ગુરૂવારે બપોરેના સમયે બે શખ્સો મંદિરમાં દારૂ પીધેલ હાલતમાં આવી મંદિરમાં પૂજારીને કોઈ કારણ વગર અપશબ્દો કહી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ મંદિરમાં રાખેલા સીસીટીવી કેમેરામાં આરોપોઓ ને મંદિર ટ્રસ્ટ દ્વારા બતાવવામાં આવ્યા છે.તેમજ આ સમયે મંદિરમાં સ્ત્રીઓ બાળકો અને વૃદ્ધો દર્શન કરી રહેલ હતા, એ ભાવિકોની સામે પૂજારીને અપશબ્દો અને ગેરવર્તણૂક કરેલ, જેથી મંદિરે દર્શન કરવા આવેલ ભાવિકોમાં પણ ભયની લાગણી પ્રસરી ગઈ હતી,આ અસામાજિક તત્વો ઇકો વાહન નંબર GJ 01 KL 7028 માં આવેલ હતા. આ રીતે મંદિરમાં આવી ને પૂજારી સાથે ગેરવર્તણૂક કરી હતી. મંદિરના પૂજારીઓ દ્વારા આ અસામાજિક તત્વો સામે ચોટીલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી આને આરોપી વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવાની ચોટીલા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરીને જાણ કરવામા આવી છે. ભવિષ્યમાં કોઈ અસામાજિક તત્વો દ્વારા મંદિર જેવી પવિત્ર જગ્યા માં આવી ને આ રીતે દાદાગીરી ન કરી શકે તે માટે અરજીમાં સરકાર ને પણ રજૂઆત કરવામા આવી છે.

અસામાજિક અને અધાર્મિક તત્વોના લીધે મંદિર પરિસરનું પવિત્ર વાતાવરણ બગડે છે, તેમજ કરોડો સનાતની હિન્દુઓની લાગણીને ઠેસ પહોંચે છે. હવે પછી ભવિષ્યમાં આવી ઘટના બીજીવાર ન બને તે માટે ડુંગર તળેટીના તમામ મંદિરમાં કાયમી પોલીસ બંદોબસ્ત રાખવા પણ મંદિર ટ્રસ્ટ દ્વારા પોલીસને રજુઆત કરવામાં આવી છે.

# સુરેન્દ્રનગર જિ. કોંગ્રેસનાં પૂર્વ રૈયાભાઇ રાઠોડે કેસરીયા કર્યા

## સાયલા યાર્ડ ખાતેના ભાજપ પક્ષમાં વિધિવત પ્રવેશ : કોંગ્રેસ પક્ષ વિરોધી પ્રવૃતિ બદલ સસ્પેન્ડ કરતા ભાજપમાં જોડાયા




**(ફારૂક ચૌહાણ)** વઢવાણ, તા. ૧૧
લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ભાજપે ભરતી મેળો ચાલુ કરી દીધો હોય તેવા પ્રકારના કિસ્સાઓ સમગ્ર ગુજરાત રાજ્યમાં સામે આવી રહ્યા છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં પણ કોંગ્રેસમાંથી નેતાઓને ભાજપમાં લઈ જવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે આ પ્રયાસોમાં ભાજપ સફળ પણ થઈ રહ્યું છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા માર્કેટિંગ યાર્ડ ખાતે કોંગ્રેસમાંથી ભાજપમાં કાર્યકર્તાઓ અને નેતાઓ ભળ્યા છે. અને કેસરિયો ધારણ કર્યો છે.

કેન્દ્રીય મંત્રી ડો.મહેન્દ્ર મુજપરાની ઉપસ્થિતિમાં કોંગ્રેસમાંથી ભાજપમાં કાર્યકર્તાઓ આવી ગયા છે અને તેમનું સ્વાગત પણ કરવામાં આવ્યું છે સાયલા માર્કેટિંગ યાર્ડ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે ત્યારે ખાસ કરીને વિધાનસભાની ચૂંટણી વખતે સુરેન્દ્રનગર જિલ્લાની પાંચ બેઠક ઉપર કોંગ્રેસને હાર મળી હતી તે સમયે સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે રૈયાભાઈ રાઠોડ હતા. ત્યારે આ પાંચ સીટ ઉપર હાર મળ્યા બાદ કોંગ્રેસ પક્ષ દ્વારા એનાલિસિસ શરૂ કરવામાં આવતા જે તે સમયના જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રૈયાભાઈ દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવામાં આવી હોવાની કોંગ્રેસને હાઈ કમાન્ડને વિગત મળી હતી.

આજ મુદ્દે તાત્કાલિક ધોરણે કોંગ્રેસ હાઈ કમાન્ડ દ્વારા રૈયાભાઈને કોંગ્રેસ પક્ષ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને આ જ બાબતે રૈયાભાઈ રાઠોડ થોડી રાહ જોયા બાદ અંતે કેસરિયો ધારણ કરી લીધો છે ત્યારે લોકસભાની ચૂંટણી પહેલા ફરી એક વખત કોંગ્રેસમાં ભંગાણ સર્જાયું છે પરંતુ કોંગ્રેસે સસ્પેન્ડ કર્યા અને ભાજપને અપનાવી લીધા તેવી પ્રકારની પરિસ્થિતિ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા પંથકમાં ઊભી થઈ છે આ સંદર્ભે તાલુકા પંચાયત તેમજ સરપંચો તેમજ જિલ્લા પંચાયતના કોંગ્રેસના સભ્યોને પણ તેમની સાથે તે ભાજપમાં લઈ ગયા છે. આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિતિમાં સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણ લીમડી ધારાસભ્ય કિરીટસિંહજી રાણા વઢવાણ ધારાસભ્ય જગદીશ મકવાણા તેમજ કેન્દ્રીય મંત્રી ડો. મહેન્દ્રભાઈ મુજપરા પણ હાજર રહ્યા હતા અને સાયલા માર્કેટિંગ યાર્ડ ખાતે આ સમગ્ર બાબતે ભાજપ પક્ષ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને અંતે કોંગ્રેસ મૂકી અને જૂના પીઢ કહેવાતા રૈયા ભાઈ રાઠોડ દ્વારા અંતે ભાજપનો કેસ ધારણ કરવામાં આવ્યો છે અને અંતે તે ભાજપમાં જોડાઈ ગયા છે અને લોકસભાની ચૂંટણીમાં ૦૫ લાખથી વધુ મતે જીતવાનો સંકલ્પ પણ કરવામાં આવ્યો છે.




# સુરેન્દ્રનગર જિલ્લાનાં શિક્ષકો મહાપંચાયતમાં જોડાયા

## ૧૦૦૦થી વધુ કોલેજનાં અધ્યાપકો-શિક્ષકોએ ભાગ લીધો

**(ફારૂક ચૌહાણ)** વઢવાણ, તા. ૧૧
ગુજરાતમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રેરિત રાષ્ટ્રીય સંયુક્ત મોરચા ગુજરાત દ્વારા ગાંધીનગર ખાતે મહા પંચાયત બોલવાયી હતી જેમાં સુરેન્દ્રનગર જિલ્લા માં ૧૦ તાલુકાઓના તમામ શિક્ષક મિત્રો જેની અંદર સરકારી માધ્યમિક શાળા, પ્રાથમિક શાળા, ગ્રાન્ટેડ શાળા તેમજ હાયર સેકન્ડરી શાળાઓના શિક્ષકો તેમજ કોલેજના અધ્યાપક મિત્રો જોડાયા હતા સાથે સાથે અન્ય સરકારી વિભાગના કર્મચારી જીઇબી, એસટી, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, રેવન્યુ તલાટી મંત્રી,ભારતીય મજદૂર સંઘ વગેરે તમામ સરકારી સંવર્ગ ના કર્મચારીઓ દ્વારા મહા ચૂંટણી કાર્યક્રમ માં ભાગ લેવા આવ્યા હતા આ અગાઉ જેમાં૩૦૦ બુથો પર ૮૧%જેટલા કર્મચારીઓ એ મતદાન કર્યું હતું ત્યાર બાદ સુરેન્દ્રનગર જિલ્લા કાર્યાલય ખાતે લાવી ને મતગણતરી કરાયી હતી. રાષ્ટ્રીય સંયુક્ત મોરચા ગુજરાત પ્રેરિત શિક્ષકોના પડતર પ્રશ્નો અંગે જે જે માંગણી રાજ્ય સરકારને સુપ્રત કરવામાં આવી છેઆ અંગેમોરચા ના સંયોજક: અસવાર દશરથ સિંહે જણાવ્યું કે સુરેન્દ્રનગર જિલ્લામાંથી ૧હજાર થી વધુ સરકારી કર્મીઓ ગાંધીનગર મહા પંચાયતમાં જોડાવવા આવી રહ્યા છે લોકસભા ચૂંટણી પહેલા જ્ઞાત સહિતના પ્રશ્નોના ઉકેલ માટે ૬ માર્ચના રોજ મહા મતદાન અને ગાંધીનગર ૯માર્ચ ની મહાપંચાયત કેસરિયા બની ગયી હતી.

# જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી લેતી નાની પોલીસ સ્ટેશનનો સ્ટાફ

(ફારૂક ચૌહાણ)
વઢવાણ, તા. ૧૧
નાની પોલીસ સ્ટેશનપોલીસે ઉગમણી સીમમાં જુગાર રમતાં ૪ શખસોને ઝડપી લીધા હતા.

પોલીસે ભરતભાઈ નારાયણભાઈ મકવાણા ગામ ભોંયરા અને દલપતભાઈ નાથાભાઈ વાઘાણી ગામ કમળાપુર અને રણછોડભાઈ સવાભાઈ ઝાપડિયા ગામ હડમતીયા અને જગદીશભાઈ દેવાભાઈ કથાની ગામ ધારેઈ જુગાર રમતા તેની પાસેથી રૂપિયા ૧૧,૩૪૦ રોકડા મુદ્દા માલ જપ્ત કરવામાં આવ્યો હતો.આ કાર્યવાહીમાં નાની પોલીસ સ્ટેશન પોલીસ સ્ટાફ પોલીસ હેડ કોસ્ટેબલ ચેતનભાઇ જીડીયા અને ભરતસિંહ પરમાર અને રાજેશભાઈ મેર અને હીરાભાઈ અને દિલીપભાઈ માંજરીયા અને દર્શનભાઈ ચૌહાણ અને પોલીસ સ્ટાફ જોડાયા હતા.

# સુરેન્દ્રનગર જીલ્લામાં બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્વક રીતે મંગલ પ્રારંભ

## ધો.૧૦ તથા ધો.૧૨ના વિદ્યાર્થીઓએ પ્રથમ પેપર શાંતિપૂર્વક આપ્યું : જીલ્લાના ૧૯૨૮૦ વિદ્યાર્થીઓએ ધો.૧૦ની તથા ૧૧૭૯૩ વિદ્યાર્થીઓએ ધો.૧૨ની પરીક્ષા આપી



(તસ્વીર / અહેવાલ : ફારૂક ચૌહાણ)



વઢવાણ, તા. ૧૧
સુરેન્દ્રનગર જિલ્લામાં આજથી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા નો પ્રારંભ થયો છે ત્યારે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે પરીક્ષા કેન્દ્રો પર પહોંચ્યા છે ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લાના ૧૨૮ જેટલા કેન્દ્રો ઉપર આજે સવારે ૧૦ વાગ્યાથી પરીક્ષાનો પ્રારંભ થયો છે ત્યારે કુલ ૩૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની આપવા માટે કેન્દ્ર ઉપર પહોંચ્યા છે જોકે તેમના વાલી અને તેમના સગા સ્નેહીજનો દ્વારા તેમને પ્રથમ પેપર હોય ત્યારે મૂકવા આવવા માટે પણ કેન્દ્રો બહાર લાંબી લાઈનો જોવા મળી હતી.

ત્યારે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષાનો શાંતિપૂર્વક રીતે સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રારંભ થયો છે ખાસ કરીને સુરેન્દ્રનગરમાં સવારે ૧૦ વાગ્યાથી લઈ અને બપોરે ૧:૦૦ વાગ્યા સુધી ધોરણ ૧૦ નુ પેપર ચાલ્યું છે અને ત્યારબાદ ધોરણ ૧૨ નુ પેપર શરૂ કરવામાં આવ્યું છે ધોરણ ૧૦ નું ગુજરાતી નું પેપર સહેલું હોવાના કારણે વિદ્યાર્થીઓમાં અને પરીક્ષા આપનાર પરીક્ષાઓમાં આનંદની લાગણી જોવા મળી છે જે સમયે વિદ્યાર્થીઓ પરીક્ષા દઈ બહાર આવ્યા તે સમયે વિદ્યાર્થીઓના ચહેરા ઉપર ખુશીની લહેર દોડી ઉઠવા પામી હતી ન ખુશીની લહેર જોઈ અને તેમના માતા-પિતા અને વાલીઓ પણ હળવા થઈ ગયા હતા.

સુરેન્દ્રનગરની આરપીપી ગર્લ્સ હાઇસ્કુલ ખાતેથી સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર ની હાજરીમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ કરાવવામાં આવ્યો છે ઉલ્લેખનીય છે કે સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર કેયુરભાઈ સંપત આરપીપી ગર્લ્સ હાઇસ્કૂલમાં વહેલી સવારે પહોંચી ગયા હતા. જે વિદ્યાર્થીઓ પરીક્ષા દેવા આવતા હતા તેમને ગુલાબનું ફૂલ અને ગોળધાળા અને મોઢું મીઠું કરાવવામાં આવ્યું હતું અને ખાસ કરીને અગામી ઉજવળ કારકિર્દી માટેની પ્રથમ તબક્કાની પરીક્ષા હોવાના કારણે તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

શાંતિપૂર્વક રીતે માહોલ વચ્ચે સુરેન્દ્રનગર જિલ્લામાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે વહેલી સવારથી સુરેન્દ્રનગર જિલ્લાના ૨,૦૦૦ થી વધુ કર્મચારીઓ આ પરીક્ષાને લઇ અને કામે લાગ્યા છે જેમાં પોલીસ કરમી હોય કે પછી શિક્ષણ વિભાગના કર્મચારીઓ હોય તમામ કર્મચારીઓને કામે લગાડવામાં આવ્યા છે અને સુરેન્દ્રનગર જિલ્લામાં બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્વક રીતે જિલ્લા કલેકટરની અધ્યક્ષતા પૂર્વક રીતે પ્રારંભ કરાવવામાં આવ્યો છે પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ પ્રથમ પેપર આપતા હોવાના કારણે તે કોઈ ડિપ્રેશનમાં ન આવે તે પ્રકારનો ખ્યાલ પણ રાખવામાં આવ્યો છે..

### પરીક્ષા મથકોની આજુબાજુમાં લાઉડસ્પીકર વગાડતા તત્વો સામે પ્રથમ દિવસે જ તંત્રએ કાર્યવાહી હાથ ધરી...

સુરેન્દ્રનગર જિલ્લામાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની આજથી પરીક્ષા પ્રારંભ થઈ ગઈ છે ત્યારે પરીક્ષા કેન્દ્ર ઉપર અને આજુબાજુના વિસ્તારમાં લાઉડ સ્પીકર વગાડનારા તત્વો ઉપર કાયદેસરની કાર્યવાહી સુરેન્દ્રનગર જિલ્લા પ્રશાસન વિભાગે હાથ ધરી છે ત્યારે બીજી તરફ સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર દ્વારા ૧૧ માર્ચ એટલે કે આજથી શરૂ થતી બોર્ડની પરીક્ષા ને લઈ અને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું જે જાહેરનામા ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે સુરેન્દ્રનગરના ૧૨૮ જેટલા જે કેન્દ્રો છે પરીક્ષા આપવાના ત્યાં લાઉડ સ્પીકર ના વગાડવું તે છતાં પણ લાઉડ સ્પીકર વગાડનાર તત્વો અને વાહનચાલકો ઉપર સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને આ અંગે ગુના પણ દાખલ કરવામાં આવ્યા છે.

### થાન મૂળી સાયલા વિસ્તારોમાં આવેલા સંવેદનશીલ કેન્દ્ર ઉપર કલાસ - ૧ અધિકારીઓને સ્ટેન્ડ બાય દાખવામાં આવ્યા..

ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાં આજથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ થયો છે કોઈ ગેરીતી ના થાય તે માટે સુરેન્દ્રનગર જિલ્લા પ્રશાસન વિભાગ દ્વારા તૈયારીઓ અગાઉથી જ કરી નાખવામાં આવી હતી આજે પરીક્ષા શરૂ થતા ની સાથે સુરેન્દ્રનગર જિલ્લાના થાન મુળી અને સાયલા વિસ્તારોમાં આવેલા સંવેદનશીલ કેન્દ્ર ઉપર કલાસ વન અધિકારી અને કલાસ ટુ અધિકારીની નિમણૂકો કરવામાં આવી છે અને જ્યાં સુધી પરીક્ષા ન પતે તે ત્યાંથી હલી ન શકે અને સ્ટેન્ડ રાખી દેવામાં આવ્યા છે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે શાંતિપૂર્વક રીતે ધોરણ ૧૨ અને ૧૦ ની પરીક્ષાનો પ્રારંભ થયો છે ત્યારે પ્રથમ દિવસે તંત્રને જે ફરિયાદો મળી છે તેના નિરાકરણ માટે પણ તંત્રના અધિકારીઓને અલગ અલગ ટીમો બનાવી અને કામે લગાડવામાં આવ્યા છે.

### પરીક્ષા કેન્દ્રો ઉપર આવનાર વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું - વિદ્યાર્થીઓ ડિપ્રેશન વગર પેપર લખી શકે તે પ્રકારની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી

આજે ધોરણ ૧૦ ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે આ વિદ્યાર્થીઓ એવા છે કે જે પ્રથમ વખત પેપર આપી રહ્યા છે અને તે પણ ગુજરાતીનું પેપર છે પરંતુ પેપર સહેલું હોવાના કારણે વિદ્યાર્થીઓમાં આનંદ જોવા મળ્યો હતો પરંતુ જે સવારે વહેલા વિદ્યાર્થીઓ પરીક્ષા દેવા આવ્યા ત્યારે તેમના ચહેરા ઉપર થોડી ચિંતા દેખાતી હતી. આ ચિંતા હળવી કરવા માટે સુરેન્દ્રનગર જિલ્લા પ્રશાસન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ફુલ આપવામાં આવ્યા હતા ગોળ ધાણા ખવડાવવામાં આવ્યા હતા અને ખાસ કરીને કોઈ પણ પ્રકારના ડિપ્રેશન વગર પેપર આપે અને શાંતિપૂર્વક રીતે પેપર આપે તેવી સલાહ આપવામાં આવી હતી અને સાથોસાથ અન્ય તેમને માઈન્ડ ડિપ્રેશનમાં ન આવે તે પ્રકારનો ખયાલ પણ રાખવામાં આવ્યું હતું અને વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી હતી ત્યારે ધોરણ ૧૦ ની પ્રથમ વખત બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ પેપર પૂરું થયા બાદ હળવાશના મૂળમાં જોવા મળ્યા હતા.

### સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી..

જે વિદ્યાર્થીઓ બહારગામ થી આવતા હોય અને પરીક્ષા કેન્દ્રો ઉપર મોડા પહોંચે તેવી પરિસ્થિતિ હોય અથવા તો કેન્દ્રો જોયા ન હોય અથવા તો જે નિશાળમાં નંબર આવ્યા છે તે શાળા જોઈ ના હોય ત્યારે આવા પ્રકારની પરિસ્થિતિમાં સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વિભાગ દ્વારા કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે અને આ કંટ્રોલરૂમમાં વહેલી સવારે જે વિદ્યાર્થીઓએ સંપર્કસાદીઓ છે તેમને પરીક્ષા કેન્દ્ર ઉપર પહોંચાડવાની જવાબદારી પોલીસ વિભાગના કર્મચારીઓએ ઉઠાવી છે પોલીસના વાહનમાં આ વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડી અને પોલીસ વિભાગે આ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટેનો પૂરતો સહયોગ આપ્યો છે ત્યારે આ પ્રકારની શરૂ કરી છે અને પ્રથમ દિવસે ૫૦થી વધુ વિદ્યાર્થીઓના ફોન આવ્યા અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વિભાગે તેમને કેન્દ્ર સુધી પહોંચાડી અને શાંતિપૂર્વક રીતે પરીક્ષા અપાવી છે..

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

## લીંબડીમાં કેબલ નાખતી વખતે પાણીની લાઇન તૂટી જતા હજારો લીટર પાણીનો વેડફાટ



વઢવાણ, તા. ૧૧

લીંબડી શહેરમાં કેબલ નાખતી વખતે મજૂરોએ ગ્રીનચોક નજીક બે જગ્યાએ પાણીની લાઈન તોડી નાખી હતી. શનિવારે આ વિસ્તારમાં પાણી છોડાયું હતું. તૂટેલી લાઈનમાંથી પાણી બહાર આવવા લાગ્યું હતું. જોતજોતામાં હજારો લીટર પાણીનો વેડફાટ થયો હતો. જેના કારણે શહેરના હાર્દસમા ગ્રીનચોક કે જેને ભૂતકાળમાં એક પૂર્વ ધારાસભ્યે ''માણેકચોક'' બનાવવાની વાતો કરી હતી ત્યાં કાંટાથી પિંડી સમાણા પાણી ભરાઈ ગયા હતા. સાંભળ્યું છે કે કેબલ નાખતી કંપનીના કોન્ટ્રાકટરે લાઈન રિપેર કરાવી આપવાની જાહેરાત કરી છે પણ હજારો લીટર પાણીનો વ્યય થયો એનું શું?

## ઝાલાવાડમાંથી નર્મદાની મુખ્ય અને માઈનોર કેનાલમાં મોતની અનેક ઘટના : તંત્રની બેદરકારીના કારણે બનાવોમાં વધારો







(ફારૂક ચૌહાણ)
વઢવાણ, તા. ૧૧

સુરેન્દ્રનગર જિલ્લામાંથી નર્મદાની મુખ્ય અને માયનોર કેનાલ પસાર થાય છે. આ કેનાલના માધ્યમથી ખેડૂતોને સિંચાઈને માટે પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે છે. તેમજ અનેક ગામોના લોકોને કેનાલ મારફતે પીવાનુ પાણી મળી રહેતા કેનાલ આશિર્વાદરૂપ સાબિત થઈ છે.

પરંતુ બીજી બાજુ કેનાલોમાં તંત્રની બેદરકારીને કારણે અપમૃત્યુના બનાવો પણ સતત વધી રહ્યા છે. જેમાં નર્મદાની મુખ્ય તેમજ માયનોર કેનાલ ફરતે લોખંડની ફેન્સીંગ અને સિક્યુરિટીના અભાવે ડૂબી જવાથી અને આત્મહત્યાના બનાવોમાં દીનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. તેને લઈને સ્થાનિક લોકોમાં ચિંતાનો માહોલ સર્જાઈ ગયો છે.

**અંદાજે ૨૫ થી વધુ લોકો મોતને ભેટી ચૂકયા**

જિલ્લામાંથી પસાર થતી દુધરેજ નર્મદાની મુખ્ય કેનાલ, ધોળીધજા ડેમ, બાળા ગામ પાસેથી પસાર થતી કેનાલ, લખતર પાસેની કેનાલ, ધ્રાંગધ્રા તાલુકામાંથી પસાર થતી કેનાલો સહિતની કેનાલોમાં ડૂબી જવાના અને આત્મહત્યાના અનેક બનાવો બની રહ્યા છે. ત્યારે છેલ્લાં ૬ મહિનામાં કેનાલ અને ડેમમાં ડૂબી જવાથી અંદાજે ૨૫ થી વધુ લોકો મોતને ભેટી ચૂકયા છે. લોકો માનસિક બીમારી કે જિંદગીથી કંટાળીને કેનાલ કે ડેમમાં ઝંપ લાગાવી મોતને ભેટે છે.

**૨૪ કલાક કાર્યરત સુરક્ષા તૈનાત કરવામાં આવે**

તો આ કેનાલમાં ક્યારેક યુવાનો, વિદ્યાર્થીઓ, મહિલાઓ અને આધેડ સહિત બાળકોના પગ લપસી જવાથી આકસ્મિક રીતે મોત નીપજી ચૂકયા છે. આમ નર્મદા કેનાલ હવે આત્મહત્યા કરવા માટેનું કેન્દ્ર બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. તેમ છતાંય હજુ સુધી જવાબદાર તંત્ર દ્વારા અપમૃત્યુના બનાવો રોકવા કોઈ જ પગલા લેવામાં આવ્યા નથી.

આ અંગે અનેક વખત સામાજીક સંસ્થાઓ સહિત આગેવાનોએ રજૂઆતો કરવા છતાં કોઈ જ ઉકેલ આવ્યો નથી.

લોકો દ્વારા માંગ ઉઠી છે કે નર્મદા અને માયનોર કેનાલની ફરતે ચેતવણીના બોર્ડ અને ૨૪ કલાક કાર્યરત સુરક્ષા તૈનાત કરવામાં આવે.

## લખતર-ઝમર વચ્ચે સરઘરા ડેમ નજીક ડમ્પરે સ્કુલની કારને ટકકર મારતા બેને સામાન્ય ઈજા

(ફારૂક ચૌહાણ)
વઢવાણ, તા. ૧૧

લખતર વિરમગામ હાઈવે ઉપર દિન-પ્રતિદિન અકસ્માતના બનાવો વધી રહ્યાં છે ત્યારે લખતર સુરેન્દ્રનગર હાઈવે પર લખતર અને ઝમર વચ્ચે આવેલ સરઘરા ડેમ નજીક સુરેન્દ્રનગર તરફથી સેન્ટ જોસેફ સ્કૂલની કાર સ્ટાફ સાથે લખતર તરફ આવી રહ્યા હતા.

ત્યારે સરઘરા ડેમ નજીક પાછળથી આવતા ડમ્પરે કારને ટક્કર મારતા કાર રોડની સાઈડમાં આવેલ ખાડમાં ખાબકી હતી. જેમાં સ્કૂલના બે સિસ્ટરને ડ્રાઈવર સવાર હતા કારમાંથી ત્રણેય લોકો બહાર નીકળવામાં સફળ થયા હતા.જેમાં સિસ્ટર લીયાબેનને સામાન્ય ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખાનગી વાહન મારફતે સુરેન્દ્રનગર હોસ્પિટલે ખસેડવામાં આવ્યાં હતા જ્યારે ડમ્પરચાલક અકસ્માત બાદ નાસી છુટયો હતો

જે અંગેની જાણ થતાં લખતર પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને નાસી છુટેલ ડમ્પરચાલકને ઝડપી પાડવા તપાસ હાથધરી હતી જ્યારે અકસ્માતગ્રસ્ત કારને ક્રેનની મદદથી બહાર કાઢવામાં આવી હતી.

## ચોટીલા હાઈવેમાં ટ્રક હડફેટે યુવાનનું મોત

### નાની મોલડી ગામનો યુવાન રાત્રે પગપાળા પસાર થતો હતો

(ફારૂક ચૌહાણ) ચોટીલા,તા.૧૧

ચોટીલા રાજકોટ હાઈવે ઉપર બેફામ દોડતા વાહન ચાલકો રાહદારીઓ માટે જીવલેણ બની રહ્યા છે શિવરાત્રીનાં રાત્રીનાં મોલડીનાં રાહદારી યુવાનને આપા ગીગાનાં ઓટલા નજીક ટ્રક ચાલકે ઠોકર મારતા સારવાર દરમ્યાન રાજકોટ ખાતે મરણ નિપજતા પરિવારમાં કરૂણતા છવાયેલ છે.



પ્રાપ્ત માહિતી મુજબ શિવરાત્રીનાં રાતનાં નવ કલાકનાં અરસામા નાની મોલડીનો યુવાન પ્રદિપ રતિલાલ ચૌહાણ શિવરાત્રીનાં ભજન સાંભળવા ચાલીને જતો હતો તે દરમ્યાન સિમેન્ટ ભરેલ ટ્રક નં જીજે ૩૭ ટી ૭૭૮૭ ના ચાલક કોઈ કારણસર કાબુ ગુમાવતા યુવાનને ઠોકર મારતા ગંભીર ઈજાઓ પહોચી હતી આસપાસનાં લોકો અકસ્માત થતા દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને ચોટીલા હોસ્પિટલ સારવાર માટે લાવવામાં આવતા પ્રાથમિક સારવાર ચોટીલા આપી ગંભીર હાલત હોવાથી રાજકોટ ખસેડવામાં આવેલ જ્યાં આગળ સારવાર દરમ્યાન શનિવારનાં રાત્રીનાં દમ તોડી દેતા મરણ નિપજતા યુવાન માટે અકસ્માત પ્રાણઘાતક નિવડ્યો હતો.

ઘરનો આધારસ્તંભ સમાન યુવાન પુત્રનું અકસ્માતે મરણ નિપજતા પરિવારમાં કરૂણાતિંકા છવાયેલ છે.

## લીંબડી હાઈવેમાં દ્વારકા જતા પદયાત્રીનું અજાણ્યા વાહન હટફેટે મોત

(ફારૂક ચૌહાણ) વઢવાણ,તા.૧૧

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી રાજકોટ હાઈવે ઉપર અકસ્માત સર્જાયો હતો. જેમાં વહેલાલથી દ્વારકા ચાલીને જ સંઘમાં જતા એક વ્યક્તિનું અકસ્માતમાં મોત નીપજ્યું હતુ. જેમાં અજાણ્યા વાહનચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. જ્યારે લીંબડી પોલીસે તાકીદે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.



લીંબડી રાજકોટ હાઈવે ઉપર અવારનવાર ગોઝારા અકસ્માતના બનાવો બને છે. જેમાં આ અકસ્માતની ઘટનામાં અસંખ્ય લોકો અકાળે મોતને ભેટતા હોય છે. ત્યારે લીંબડી રાજકોટ હાઈવે ઉપર બોડીયા અને લીંબડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં વહેલાલથી દ્વારકા ચાલીને જ સંઘમાં જતા એક વ્યક્તિનું અકાળે મોતને ભેટ્યો હતો.

જેમાં આ ગોઝારા અકસ્માતની ઘટના બાદ અજાણ્યા વાહન ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતની ઘટનાની જાણ થતાં લીંબડી પોલીસે તાકીદે ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવાન ભુપેન્દ્રભાઈ જીવણભાઈ પટેલ ( ઉમર આશરે ૫૦ વર્ષ )ની લાશને પોસ્ટ મોર્ટમ માટે લીંબડી સરકારી હોસ્પિટલે મોકલી આપી અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માતે મોત અંગેનો ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ લીંબડી પોલીસ ચલાવી રહી છે.

## સાયલાના ધજાળા પોલીસને પેટ્રોલીંગ દરમ્યાન વિદેશી દારૂ ભરેલી કાર મળી

### ૪૮ બોટલ વિદેશી દારૂ, પાંચ પેટી બીયરના ટીન જપ્ત

(ફારૂક ચૌહાણ) વઢવાણ, તા.૧૧

સાયલાના ધજાળા પોલીસને પેટ્રોલિંગ દરમિયાન નાગડકા ગામથી લોયા ગામ તરફના રસ્તે વિદેશી દારૂ ભરેલી કાર હોવાની બાતમી મળી હતી.આ બાબતે હેડકોન્સ્ટેબલ વી.બી. ચૌહાણ અને પોલીસ કર્મચારીઓએ લોયા ગામ તરફના રસ્તે આવેલી બોરડીવાળા તળાવ પાસે કાર હોવાનું જોવામાં આવતા પોલીસ કર્મીઓએ કારની તલાસી શરૂ કરી હતી. જેમાં બિનવારસી હાલતમાં રહેલી કારના પાછળના ભાગે વિદેશી દારૂની ચાર પેટીઓ મળી આવી હતી. રૂ. ૧૯૨૦૦ની કિંમતની ૪૮ બોટલ તેમજ રૂ. ૧૨૦૦૦ની કિંમતની બીયર ભરેલી પાંચ પેટી મળી આવી હતી.ધજાળા પોલીસે આજુબાજુ તપાસ કરતા કારનો ચાલક દારૂનો જથ્થો ભરેલી હાલતમાં કાર મૂકીને નાસી છૂટ્યો હોવાનું બહાર આવ્યું હતું. આ બાબતે પોલીસે કાર સહિત રૂ. ૨,૩૧,૨૦૦નો મુદ્દા માલ સાથે ગાડીના ચાલક તેમજ વધુ તપાસમાં જે ખુલે તેવા શખસો સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી.

## સુરેન્દ્રનગરમાં નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ દ્વારા વિશ્વમહિલા દિનની રંગેચંગે ઉજવણી

(ફારૂક ચૌહાણ)
વઢવાણ,તા.૧૧



સુરેન્દ્રનગર માં છેલ્લા ૨૪ વર્ષ થી વિધવા કલ્યાણ ના શેત્રે વિવિધ સેવા પ્રકલ્પો હાથ ધરતી નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ તથા માનવ જ્યોત મુંબઈ ના સંયુક્ત ઉપક્રમે વિશ્વ મહિલા દિન ૮ માર્ચ ૨૦૨૪ એ ત્રિવેણી સંગમ કાર્યક્રમ નુ આયોજન કરાતું હતું. શહેર માં વિવિધ શેત્રે કાર્ય કરતા મહિલા અગ્રણી સર્વશ્રી નીતાબેન કિરીટભાઈ સંઘવી ને સેવા જ્યોત, સ્વાતિબેન શાહ ને શક્તિ જ્યોત, જીજ્ઞાશા નાયક ને વ્યવસાઈ જ્યોત, અરુણાબેન દવે ને કલા જ્યોત, નેહાબેન જોશી ને શિક્ષણ જ્યોત અવોર્ડ અર્પણ કરાયા હતા તેમજ યુવાન વયે નાના બાળકો નિ જવાબદારી સાથે વૈધવ્ય નો ભોગ બનેલા ૧૧ તપસ્વીની વિધવા મહિલા ઓ ને અભિવાદિત કરાયા હતા.૧૫૧ વિધવા મહિલા ઓ ને સાડી તથા ૭૫ વિધવા મહિલા ઓ નિ પુત્રી ઓ ને પંજાબી ડ્રેસ નુ વિતરણ કરાયું હતું. કાર્યક્રમ નુ દિપપ્રગટ્ય વસુબેન કિર્તીકુમાર શાહ ના વરદ હસ્તે કરાયું હતું જ્યારે કાર્યક્રમ ના અધ્યક્ષ સ્થાને શ્રીમતી મિનાબેન ડો કે એલ મહેતા અમદાવાદ થી ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ માં વિવિધ શેત્ર ના મહિલા અગ્રણી સર્વ શ્રી આર જે પૂર્વી રાવલ, પૂર્વી દોશી,પદ્મશ્રી મુકતાબેન ડગલી,કંચનબેન પટેલ, સવિતાબેન પટેલ, શારદાબેન અડ્રોજા, હિતાબેન જાની, મીતાબેન સંઘવી વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા.આ પ્રસંગે ૩ વિધવા મહિલા ને શિક્ષણ તથા તબીબી સહાય માટે આર્થિક સહાય ના ચેક અર્પણ કરાયા હતા.

સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન સંસ્થાપક શ્રી રાજેશ રાવલે કર્યું હતું. આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે નિર્ધાર સંસ્થા ના આનંદ રાવલ તથા નિર્ધાર ટિમ નિ બહેનો એ જહેમત ઉઠાવી હતું.

## ધો.૧૦-૧૨ની પરીક્ષા સંદર્ભે વિવિધ પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ

(ફારૂક ચૌહાણ)
વઢવાણ, તા. ૧૧

સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આયોજિત એસ.એસ.સી/એચ.એસ.સી(સા.પ્ર/વિ.પ્ર)૨૦૨૪ની પરીક્ષાઓ યોજાનાર છે. જિલ્લાના પરીક્ષાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે વિવિધ પ્રતિબંધો મુકતુ જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરાયું છે.

આ જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે તા.૧૧/૦૩/૨૦૨૪થી તા.૨૬/૦૩/૨૦૨૪ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રની આજુબાજુમાં આવેલ ઝેરોક્ષ મશીનોની દુકાનો સંચાલકો દ્વારા પરીક્ષા સમય દરમિયાન બંધ રાખવવાની રહેશે. આ ઉપરાંત, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ઊભા રહેવા પર તેમજ પરીક્ષા ખંડમાં સેલ્યુલર/ મોબાઇલ/ ઇલેક્ટ્રોનિક ગેઝેટસ/ કેલ્ક્યુલેટર જેવા તમામ ઇલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા, ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

## થાનના બંધ મકાનમાં તસ્કરોએ હાથ ફેરો કર્યો : લાખોની ચોરી

(ફારૂક ચૌહાણ)
વઢવાણ, તા. ૧૧

થાન શહેરી વિસ્તારમાં આવેલ ધોળેશ્વર પ્લોટના એક બંધ મકાનમાં તસ્કરો દ્વારા રોકડ અને સોનાના દાગીના સહિત લાખોની કિંમતના મુદ્દામાલની ચોરીનો બનાવ બનતા ચકચાર મચી જવા પામી હતી .જે અંગે ભોગ બનનાર મકાન માલીકે થાન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

થાન ખાતે આવેલ ધોળેશ્વર પ્લોટ નં.૪માં રહેતા ફરિયાદી સમીરભાઈ મુનસી અને પરિવારજનો પાટણ ખાતે મહાશિવરાત્રી નિમિત્તે ગયા હતા .

તે દરમ્યાન રાત્રીના સમયે ફરિયાદીના બંધ મકાનના મુખ્ય દરવાજાનું અને અંદરના રૂમનું પણ તાળુ તોડી અલગ-અલગ ત્રણ રૂમમાંથી રોકડ રૂ.૪૫,૦૦૦ તેમજ અલગ-અલગ સોનાના દાગીનાની ચોરી કરી નાસી છુટયા હતા.

## સુરેન્દ્રનગર જીલ્લા તથા તાલુકા મથકોમાં લોકઅદાલતો યોજાઈઃ ૧૧૨૧૫ કેસોનું સમાધાન કરાયુંઃ સફળતા

(ફારૂક ચૌહાણ) વઢવાણ,તા.૧૧

સુરેન્દ્રનગર જિલ્લા અને તાલુકા મથકોએ શનિવારના રોજ લોકઅદાલતોનું આયોજન કરાયું હતુ.જેમાં ફોજદારી સમાધાન લાયક કેસો, કલેઇમને લગતા કેસો, લગ્ન વિષયક, મજુર કાયદા, જમીનસંપાદન, ઇલેક્ટ્રીસીટી, પાણીના બીલો, રેવન્યુ કેસો, દિવાની પ્રકારના કેસો, અન્ય સમાધાન લાયક કેસો હાથ પર લઇ ૧૧,૨૧૫નો નિકાલ કરાયો હતો.



ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ ગુજરાત હાઇકોર્ટ અમદાવાદના ઉપક્રમે કાનુની સેવા સત્તામંડળ સુરેન્દ્રનગર દ્વારા જિલ્લાની અદાલતોમાં દાખલ થયેલા તથા અદાલતમાં કેસ દાખલ થાય તે પહેલા પ્રલીટીગેશન કેસોનો નીકાલ થાય તેમજ અદાલતોમાં કેસોનું ભારણ ઘટે તથા નાગરીકોને સમયસર ન્યાય મળી રહે માટે લોકઅદાલતોનું આયોજન કરાય છે. જે અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા તથા તાલુકા મથકે તા.૯-૩-૨૪ રોજ વર્ષની પહેલી રાષ્ટ્રીયલોક અદાલતનું આયોજન કરાયુ હતુ.જેમાં મુખ્યન્યાયાધીશ પી.એસ.ગઢવીના માર્ગદર્શનમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના ફુલટાઇમ સેક્રેટરી ડી.ડી.શાહ સહિત ટીમે પ્રયાસ હાથ ધર્યા હતા.આ અંગે ડી.ડી.શાહે જણાવ્યુકે લોક અદાલતમાં કેસો મુકવાથી બંન્ને પક્ષની જીત થાય છે કોઇ એક પક્ષને હાર કે જીત થતી નથી.આથી પક્ષકારોમાં રાગદ્વેશની ભાવના ઉત્પન્ન નથી થતી.જેમાં જિલ્લા ભરની કોર્ટમાં સમાધાન પાત્ર ફોજદારી કેસો, મોટર એક્સીડન્ટ કલેઇમ પીટીશન, નેગોશીયેબલ ઇન્સ્ટમેન્ટ એક્ટની કલમ ૧૩૮ના, ચેક રીટર્નના કેસો, ભરણપોષણના કેસો, ફેમીલી કેસો, જમીન વળતરના કેસો,મજુર કાયદાને લગતા કેસો, મહેસુલી તકરારને લગતા કેસો, વીજ તથા પાણીને લગતા કેસો ભાડાના, બેંક વસુલાત સુખાધિકાર, હક્ક, મનાઇ હુકમ દેવાના વસુલાતને લગતા દિવાની તકરારાના કેસો તથા અન્ય પ્રકારના કેસો મૂકાયા હતા.લોકઅદાલતના ૮૪૩૯ કેસ હાથ પર લઇ ૮૩૭૫નો નિકાલ કરી રૂ.૩૫૨૮૫૫૪૦ રકમનું સેટલમેન્ટ કરાયુ હતુ.જ્યારે સ્પેશ્યલ સીટીંગના ૨૨૩૮ કેસ હાથ ધરાતા ૨૧૫૭ નિકાલ કરાયો હતો. પેન્ડીંગ કેસો ૭૯૭ હાથપર લઇ ૬૭૪નો નિકાલ કરી રૂ.૧૩૨૯૭૨૭૫૬ રકમનું સેટલમેન્ટ કરાયુ હતુ.ફેમેલીકોર્ટના ૪૦ કેસ હાથ પર લઇ ૯નો નિકાલ કરાયો હતો. આમ કુલ ૧૧૫૧૪ કેસો હાથપર લઇ ૧૧૨૧૫ મળી કુલ રૂ.૧૬૮૨૫૮૨૯૬ ની રકમનું સમાધાન કરવામાં આવ્યુ હતુ.આ આયોજન સફળ બનાવવા કોર્ટસ્ટાફ, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા પ્રયાસ કર્યા હતા.

## સુરેન્દ્રનગર ન.પા.ને મહાનગરપાલિકામાં સમાવેશ કરેલા તમામ ૧૧ ગામોના સરપંચોનો વિરોધ

(ફારૂક ચૌહાણ)
વઢવાણ, તા. ૧૧




સુરેન્દ્રનગર નગરપાલિકાને મહાનગરપાલિકામાં સમાવેશ કરેલા તમામ ૧૧ ગામોના સરપંચ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ સંયુક્ત નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત કરી દેવામાં આવી છે અને આસપાસનાં ૧૧ ગામોને મહાનગરપાલિકામાં સમાવેશ કરવા અંગે પાલિકા તંત્ર દ્વારા ઠરાવ કરી દેવામાં આવ્યો છે પરંતુ જે ગામોનો સમાવેશ કરવાની જાહેરાત કરી છે તે તમામ ૧૧ ગામોના સરપંચ દ્વારા વિરોધ કરવામાં આવતા મહાનગરપાલિકાનું કોકડુ ગુંચવાયુ છે.

આ મહાનગરપાલિકા બનાવવામાં પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ સર્જાયો છે કારણ કે મહાનગરપાલિકા બનાવવા માટે સુરેન્દ્રનગર શહેરની આસપાસનાં જે ૧૧ ગામોનો સમાવેશ કરવાની તંત્રએ જાહેરાત કરી છે તે તમામ ગામોના સરપંચ દ્વારા મહાનગરપાલિકા સમાવેશ થવાનો ઈનકાર કરી દીધો છે. ખમીયાણા, માળોદ, રાજપર, શેખપર, ખેરાળી, મુળચંદ અને બાકરથળી સહીતના ગામોના સરપંચ એકઠા થયા હતા અને આ નિર્ણય સામે વિરોધ દર્શાવ્યો હતો. તેઓએ જણાવ્યું હતુ કે તંત્ર દ્વારા સરપંચોને વિશ્વાસમાં લીધા વગર જ નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે અને હવે તંત્ર દ્વારા સરપંચોને ગ્રામસભા બોલાવી ઠરાવ કરવા માટે જણાવવામાં આવી રહ્યું છે જેને લઇને સરપંચ અને ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે

મહાનગરપાલિકામાં ગામડાઓ ભેળવવાથી ગામડાઓમાં સુવિધાઓ મળવાના બદલે વેરાનું ભારણ વધશે જેને લઇને સરપંચ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે અને આ મામલે સરપંચો કોઇ પણ સંજોગોમાં મહાનગરપાલિકામાં સમાવેશ થવાનો ઇનકાર કરી દેતા સુરેન્દ્રનગર નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાનું કોકડુ શરૂઆતમાં જ ગુંચવાયું છે ત્યારે આ મામલે આગામી સમયમાં શું નિર્ણય લેવામાં આવશે તે જોવાનું રહ્યું.



## લીંબડી નેશનલ હાઈવે લૂંટ કેસના આરોપીઓના રીમાન્ડ મંજુર

(ફારૂક ચૌહાણ) વઢવાણ,તા.૧૧

લીંબડી નેશનલ હાઇવે લૂંટ કેસમાં ૪ આરોપીઓને ૭ દિવસના રિમાન્ડ તેમજ વડોદરાથી પકડાયેલા ૩ આરોપીઓના ૩ દિવસના રિમાન્ડ મંજુર થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

લીંબડી નેશનલ હાઇવે ઉપર લૂંટ કેસમાં ધર્મેશ ઉર્ફે ધમા ઝીંઝુવાડીયાને પકડી લીધો હતો. ત્યારબાદ અમદાવાદના ફરીદ સુલેમાન મોમીન, મહમદ ઇમરાનમહમદ સૈયદ અને રાજકોટના આરીફ મહમદ સોરાને દબોચી લીધા હતા. અને ૭૩.૫૮૫ કિલો ચાંદી અને ૨.૦૯૫ કિલો ઇમીટેશન ઘરેણાનો મુદામાલ જપ્ત કરાયો હતો. વડોદારાથી રિક્ષાચાલક સંજય બચુભાઈ રાજપૂત, તેની પુત્રી તેજલ ઉર્ફે આશા આસિફ માટલીવાળા, જમાઇ આશિફ ઉર્ફે ઇમરાન કાદર માટલીવાળાને ઝડપી લીધા હતા.

## જામનગરના કાના છિકરી ગામનો અશ્વ 'શિવાન' બીજા ક્રમે

### ઉ.ગુજરાતના જસરા ખાતે મેગા શોમાં મોટા ટીંબલાના અશ્વે મેદાન માર્યુ

(ફારૂક ચૌહાણ)
વઢવાણ, તા. ૧૧



ઉત્તર ગુજરાતના જસરા ખાતે નેશનલ અશ્વ મેગા શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીંબડીના મોટા ટીંબલા ગામનો અશ્વ પ્રથમ નંબરે આવી કાઠિયાવાડી બેસ્ટ એનિમલ ઓફ ધ શો બન્યો હતો. જ્યારે જામનગરના કાનાછિકરી ગામના અશ્વ દ્વિતીય ક્રમે રહ્યો હતો.

ઉત્તર ગુજરાતના જસરા ખાતે શ્રી બૂઢેશ્વર મહાદેવ મેળા સમિતિ દ્વારા પર્યટન મંત્રાલય ગુજરાત સરકારના સહયોગથી રાષ્ટ્રીય સ્તરના ૧૩માં મેગા અશ્વ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૪થી ૮ માર્ચ સુધી યોજાયેલા મેગા શોમાં રાજેસ્થાન, પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોનાં ૨૦૦થી વધુ અશ્વોએ ભાગ લીધો હતો. જેમાં લીંબડી તાલુકાના મોટા ટીંબલા ગામના વિરેન્દ્રસિંહ ભુપતસિંહ રાણાનો અશ્વ 'વિર' નર(સ્ટેલ્યન) કાઠિયાવાડી વિભાગમાં પ્રથમ નંબરે આવ્યો હતો.

અશ્વ માલિક વિરેન્દ્રસિંહે જણાવ્યું હતું કે ૨થી ૩ લોકોની જજની ટીમ અશ્વોનું મૂલ્યાંકન કરતાં હોય છે. અશ્વની છાતી, કાન, માથું, નાક, પગ સહિતના ભાગોની તપાસ કરે છે. પગનો ગાળો, મજબૂતી, રિંગમાં ઉતારતી વખતે માલિકે અશ્વના હેર રિમૂવ સહિતની સ્વચ્છતા કેવી રાખી છે. અશ્વની ચાલ કેવી છે તેના ઉપર જજની પોઈન્ટ આપતાં હોય છે. તમામ મૂલ્યાંકનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી મારો અશ્વ વિર બેસ્ટ એનિમલ ઓફ ધ શો બન્યો છે.

## અમરેલી જિલ્લાની ક્રાઈમ ડાયરી

# ખાંભાના ખડાધારમાં પતિ સાથે તકરાર થતાં પત્નીનો આપઘાત

## બાબરા ગામે વૃદ્ધનું કુવામાં પડી જતા મોતઃ જાફરાબાદના ચુવાનને મરી જવા મજબુર કર્યાની રાવઃ અમરેલી જેલમાં કેદીનું હૃદય બેસી ગયું

(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી,તા.૧૧

ગીર ગઢડા તાલુકાના જુના ઉગલા ગામના વતની અને હાલ ખાંભા તાલુકાના ખડાધાર ગામે રહેતા ભુપતભાઈ દેવાભાઈ પરમાર તથા તેમના પત્નિ બેનાબેન ભુપતભાઈ પરમાર વચ્ચે ગત તા. ૭ના રોજ સામાન્ય વાતમાં બોલાચાલી થયેલ હોય. જે બાબતે બેનાબેન ભુપતભાઈ પરમારને સારૂ નહીં લાગતા ખડાધાર ગામે પોતે પોતાની મેળે અનાજમાં નાખવાના ઝેરી ટીકડા પી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**મરી જવા મજબુર કર્યાની રાવ**

જાફરાબાદના કોળીવાડ વિસ્તારમાં રહેતા આરોપી પ્રકાશ ઉર્ફે લંગડી ભાણજીભાઈ બાંભણીયા તથા તેના મિત્રોએ ગત તા. ૫ ના રોજ જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં આવેલ આશા-જનતા સોસાયટીમાં રહેતા જસાબેન પરશોતમભાઈ બારૈયા નામનાં મહિલાના દિકરા કિરણને ફોન કરી લાઈટ હાઉસે બોલાવી શરીરે આડેધડ માર મારી ખારવા સમાજના સ્મશાને લાવી વિડીયો કલીપ બનાવી તેમાં બળજબરીથી કબુલાત કરાવી તે વિડીયો વોટસઅપમાં વાયરલ કરી મહિલાના દિકરા કિરણને મરવા મજબુર કરતા કિરણભાઈએ ગત તા. ૮/૩/૨૪ના આશરે સાડાદશ વાગ્યે પોતાની મેળે તેમના રહેણાંક મકાને પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ મરણ ગયેલ હોય. આ અંગે કિરણભાઈને મરી જવા મજબૂર કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

**હાર્ટ એટેક**

ઉનાળાની શરૂઆત થતાં જ દિન પ્રતિદિન ગરમીનો પારો વધતો જાય છે. એવા સંજોગોમાં ગત તા. ૮ના રોજ રાત્રીના ૧૦ કલાકે અમરેલીના કુંકાવાવ રોડ પર આવેલ એક ગૃહ ઉદ્યોગમાં મરચાના જથ્થામાં અચાનક આગ લાગવાની ઘટના બનેલ હતી. આ ઘટનાની ટેલીફોનિક જાણ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અમરેલીને કરતા ફાયર ઓફિસરની રાહબરી હેઠળ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસનો સ્ટાફ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળ પર દોડી ગયો હતો અને બે કલાકની ભારે જહમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામેલ નથી.

**આપઘાત**

સાવરકુંડલા રોડ, પાણીના ટાંકા પાસે રહેતા રાજેશભાઈ ઉર્ફે મુનાભાઈ જવેરભાઈ સોલંકીની પત્નિ મનિષાબેને (ઉ.વ. ૩૫) ગત તા. ૭ ના રોજ બપોરના ૨ થી સાંજના ૭ કલાક દરમિયાન કોઈ અગમ્ય કારણોસર બીજા ઘરમાં ગેલ્વેનાઈઝની આડસર સાથે સુતરની દોરીનો એક છેડો બાંધી બીજો છેડો પોતાના ગળામાં ફાંસો બનાવી ગળાફાંસો ખાઈ લેતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**વૃદ્ધનું મોત**

બાબરા ગામે રહેતા મુકેશભાઈ વશરામભાઈ ચૌહાણના પિતા વશરામભાઈ (ઉ.વ. ૭૫) ગત તા. ૮ના રોજ તેમના તબેલાની પાસે આવેલ ગોરધનભાઈ ભોળાભાઈ હોથીની વાડીએ ગયેલ હોય અને વાડીએ આવેલ પાણીના કૂંવામા પાણી જોવા જતા અચાનક ચક્કર આવતા પોતે પોતાની મેળે કૂંવામાં પડી જતા માથામાં ડાબા ભાગે ગંભીર ઈજા થતા કૂવાના પાણીમાં ડુબી જતા વશરામભાઈ પાતાભાઈ ચૌહાણ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવાપામેલ છે.

# જેતપુરમાં ૧૧ કિલો ગાંજા સાથે બિલખા પંથકનો મહેશ ઉર્ફે મયુર સોલંકી ઝડપાયો

## ગાંજાનો જથ્થો, મોબાઈલ ફોન, બાઈક મળી રૂા. ૧.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયોઃ આરોપી ખીરસરા રોડ પર ભાગી છુટતા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી દબોચી લીધેલો : બિલખા ખાતે સપ્લાય કરવા જતો હોવાની શંકા

રાજકોટ, તા. ૧૧

જેતપુર સીટી પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી ૧૧ કિલો ૨૫૬ ગ્રામ ગાંજા સાથે બિલખાના માંદનપરાના મહેશ ઉર્ફે મયુર સોલંકીને દબોચી લીધો હતો અને રૂા. ૧ લાખ ૩૨ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.

જેતપુર સીટી પોલીસના સુત્રો તરફથી મળેલી વિગત મુજબ પીએસઆઇ વી.સી.પરમાર તેમના સ્ટાફ સાથે પોલીસ મથકે હતા ત્યારે સાથેના કોન્સ્ટેબલ ભરતભાઇ ગમારાને બાતમી મળી હતી કે આરોપી મહેશ ઉર્ફે મયુર હરેશભાઇ સોલંકી (રહે. માંદનપરા, તા. બિલખા, જિ. જુનાગઢ) જેતપુર બસ સ્ટેશન તરફથી બાઇક પર ગાંજાનો જથ્થા લઇ બિલખા તરફ જવાનો છે. જેથી પીએસઆઇએ તુરંત પીઆઇ એ.ડી.પરમારને જાણ કરી હતી. પીઆઇના માર્ગદર્શન હેઠળ જેતપુર પોલીસની ટીમે સારણાના પુલ ઉપર વોચ ગોઠવી વાહન ચેકીંગની કામગીરી શરૂ કરી હતી. દરમિયાન આરોપી બાઇક પર આવતો દેખાતા તેને અટકાવવા પ્રયત્ન કર્યો હતો પરંતુ આરોપીએ પોતાનું બાઇક ખીરસરા રોડ પર પુરપાટ ઝડપે હંકારી મુકયુ હતું. પોલીસ ટીમે તુરંત તેનો પીછો કરી ખીરસરા રોડ પર અંબિકા એન્જીનીયરીંગ નામની દુકાન પાસે તે શખ્સને ઝડપી લીધો હતો. આરોપીની સાથે બાઇક પર સફેદ કલરના પશુ આહારના પ્લાસ્ટીકના બાચકામાં ગાંજાનો જથ્થો હતો. પોલીસે જાણ કરતા એફએસએલ અધિકારી વી.કે.પરમાર સ્થળ પર દોડી ગયા હતા અને આ જથ્થો ગાંજો હોવાનો પ્રાથમિક અભિપ્રાય આવતા રૂા. ૧ લાખ ૧૨ હજાર ૫૬૦ની કિંમતનો ૧૧ કિલો ૨૫૬ ગ્રામ ગાંજો, મોબાઇલ ફોન, બાઇક મળી રૂા. ૧ લાખ ૩૨ હજાર ૫૬૦ની કિંમતનો મુદામાલ કબ્જે કરી જેતપુર સીટી પોલીસ મથકે ગુનો દાખલ કરાયો હતો. આરોપી ગાંજો કયાંથી અને કોની પાસેથી લાવ્યો હતો ? કોને આપવાનો કે વેચવાનો હતો ? તે અંગે વધુ તપાસ પીએસઆઇ કે.એસ.ગરચરે હાથ ધરી છે.

આ કામગીરી પીઆઇ એ.ડી. પરમાર, પીએસઆઇ વી.સી.પરમાર, એએસઆઇ રવજીભાઇ હાપલીયા, હેડ કોન્સ્ટેબલ ચંદ્રસિંહ ચૌહાણ, જયેશભાઇ દાફડા, કોન્સ્ટેબલ ભરતભાઇ ગમારા, અમિતભાઇ સિધ્ધપરા, હર્ષદભાઇ સોઢા, જયદીપભાઇ ધાંધલ, સાગરભાઇ ઝાપડીયા, એએસઆઇ ડ્રાઇવર મહેશભાઇ સુવા વગેરે દ્વારા કરવામાં આવી હતી.

# ખાંભાના જીકીયાળી ગામે બાયોડીઝલ સીઝ કરાયો

## અમરેલીમાં ગૃહ ઉદ્યોગનાં મરચાનાં જથ્થામાં આગ લાગી

(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી,તા.૧૧

જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના આત્રોલી ગામે રહેતા અરજણભાઈ દેવાભાઈ કોડીયાતરે ગત તા. ૮/૩/૨૪ના રોજ ખાંભા તાલુકાના જીંકીયાળી ગામે બસ સ્ટેશન પાસેથી ગેરકાયદેસર રીતે સંગ્રહ કે વેચાણ કરવા માટે કોઈ બીલ/લાયસન્સ કે પાસ-પરમીટવગર બાયો ડીઝલનો જથ્થો રાખી, આ બાયો ડીઝલનો જથ્થો ચોટીલા ગામે રહેતા જયુભાઈ ધાધલ પાસેથી મેળવી આ જથ્થો દિલાવરભાઈ ચૌહાણ (રહે. વિજપડી) એ બીલ વગર ગેરકાયદેસર રીતે કથિત બાયો ડીઝલ જવલનશીલ પ્રવાહી મંગાવી ગેરકાયદેસર રીતે આર્થિક લાભ મેળવવાના ઈરાદે, બાયો ડીઝલને વાહનોમાં ઈંધણ તરીકે ઉપયોગ કરવા વેચાણ કરવાના હેતુથી જવલનશીલ પ્રવાહીનો જથ્થો સંગ્રહ કરેલ હોય. બાયો ડીઝલ પેટ્રોલીયમ પ્રોડકટનું વાહનોમાં ઈંધણ તરીકે ગેરકાયદેસર વેચાણ કરી, જાહેર સ્થળે હવાને દુષિત કરવાનું કૃત્ય કરી, વાહનમાં હેરફેર કરી પકડાઈ જઈ બાયો ડીઝલના ૨૦૦-૨૦૦ લીટરના ૪ પ્લાસ્ટીકના તથા ૧૬ લોખંડના તેમાં રહેલ કથિત બાયો ડીઝલ પેટ્રોલીયમ પદાર્થ મિશ્રિત જવલનશીલ પ્રવાહી આશરે લીટર ૩,૯૪૦ જેની કિંમત રૂપિયા ૨,૭૫,૮૦૦ તથા પ્લાસ્ટીકના ચાર બેરેલની કિંમત રૂા. ૮૦૦ તથા લોખંડના સોળ બેરેલની કિંમત રૂપિયા ૮૦૦૦ તથા ખાલી એક બરેલેની કિંમત રૂા. ૫૦૦ ગણી તથા એક-એક લીટરની બાયો ડિઝલ સેમ્પલ બોટલ કુલ-૬૦ બોટલ કિંમત રૂા. ૪૨૦૦ તથા પ્રવાહી ખેંચવાની એક ઈલેકટ્રીક મોટર કિંમત રૂપિયા ૧૦૦૦ તથા બાયો ડીઝલ ભરી આવેલ લોર્ડીંગ વાહન કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦ તથા મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦૦ મળી આવી કુલ રૂપિયા ૪,૫૫,૩૦૦ના મુદામાલ સાથે આરોપી અરજણભાઈદેવાભાઈ કોડીયાતરએ મળી આવી તેમજ અન્ય બે આરોપી હાજર નહી મળી આવતા ખાંભા પોલીસે આઈપીસી કલમ ૨૭૮, ૨૮૫, ૧૧૪, આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ ૩, ૭, મુજબ ગુન્હો દાખલ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

**આગ**

અમરેલીના કુંકાવાવ રોડ પર આવેલ એક ગૃહ ઉદ્યોગમાં મરચાના જથ્થામાં અચાનક આગ લાગવાની ઘટના બનેલ હતી. આ ઘટનાની ટેલીફોનિક જાણ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અમરેલીને કરતા ફાયર ઓફિસરની રાહબરી હેઠળ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસનો સ્ટાફ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળ પર દોડી ગયો હતો અને બે કલાકની ભારે જહમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામેલ નથી.

# જેતપુરના લલિતભાઈ જેઠવાનું બીમારી સબબ મોત



રાજકોટ, તા.૧૧

જેતપુરમાં જાગૃતિનગર રિદ્ધિ-સિદ્ધિ એપાર્ટમેન્ટમાં રહેતા લલિતભાઈ જેઠવાનું બીમારી સબબ મોત નિપજયું હતું. તેઓ રેડીમેઈડની દુકાનમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

બનાવની વિગત મુજબ જેતપુરમાં જાગૃતિનગર રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેન્ટમાં રહેતાં લલિતભાઈ ત્રિકમદાસ જેઠવાની (ઉ.વ.૪૨) ગઈ કાલ બપોરના પોતાના ઘરે બીમારી સબબ બેભાન થઈ જતાં જેતપુરમાં ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતકને બ્લડ પ્રેશર, ડાયાબિટીસની બીમારી હતી. તે રેડીમેઈડની દુકાનમાં નોકરી કરતાં હતાં. ચાર બહેનમાં ત્રીજા નંબરના હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જેતપુર પોલીસને જાણ કરી હતી.

# ચલાલામાં ૧૫ વર્ષથી ભૂખ્યાને ભોજન પિરસ્યુ શિવસાંઈ ગ્રુપે



(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી,તા.૧૧

ચલાલામાં મોગલમાં માનવ સેવા ગૃપ શિવસાંઈ ગૃપ ચલાલા દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી અવિરત જરૂરીયાત મંદ ગરિબ પરિવારોને ગરમાં ગરમ ભોજન આપવામાં આવી ચડેલ છે. ચલાલા અને આજુબાજુ ના વિસ્તારોમાં ખુલ્લા મેદાનોમાં ઝુપડાઓ બાંધીને સુતા ગરિબ પરિવારોના નાના નાના બાળકોને ભોજન તથા વાર તહેવારોમાં કપડા વિતરણ તથા નાસ્તો મિઠાઈ આપવામાં આવે છે. આ એક ગૃપ છે જેની પાસે કોઈ મોટા દાતાઓ નથી છતાણે ૧૫ વર્ષથી સતત વિવિધ સેવાકાર્યો સફળતા પૂર્વક કરી આપેલ છે. અને કોઈ પણ જાતના કયારેય ખોટા ફંડ ફાળાઓ ઉઘરાવવામાં આવતી નથી. છેલ્લા પંદર વર્ષથી ગરીબ પરિવાની દિકરીઓના સમુહ લગ્ન થઈ રેહલ છે. વિધવા બહેનોને સાડી વિતરણ અનાજ કિટ વિતરણ થઈ રહેલ છે. સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા તમામ જ્ઞાતીના તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે કિટબેગ ચોપડા આપવામાં આવે છે. ઉપર જણાવેલ તમામ સેવાઓમાં દાતાઓ પાસેથી પૈસા નહી દાતાઓની ઈરછાઓ મુજબ વસ્તુ લેવાનો આગ્રહ રખાય છે. શિવસાંઈ ગૃપનું સફળ સંચાલન રાજુભાઈ જાની અને લલીતભાઈ મહેતા કરી રહેલ છે. ચલાલામાં વસતા તમામ જ્ઞાતિના લોકો અવિરત વસ્તુદાન સહયોગ આપિ રહેલ છે.

# ગીર સોમનાથ દ્વારા નેશનલ લોક અદાલત યોજાઈ

નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી, ન્યુ દિલ્હીના આદેશ અનુસાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગીર-સોમનાથ દ્વારા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી એમ.એમ.પટેલના અધ્યક્ષ સ્થાને ગીર સોમનાથ જિલ્લાની તમામ અદાલતોમાં નેશનલ લોકઅદાલત યોજાઈ હતી.

આ લોક અદાલતમાં નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮, ભરણપોષણના કેસો, દિવાની દાવાઓ, મોટર અકસ્માતના વળતરને લગતા કેસો, સ્પેશ્યલ સીટીંગ, પ્રિ-લીટીગેશનના કેસો તથા ટ્રાફિક ચલણના કેસોનો સુઃખદ નિકાલ કરવામાં આવ્યો હતો.

# માંગરોળ બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર દ્વારા મહાશિવરાત્રી અને મહિલા દિવસની ઉજવણીઃ પ્રવચન અને સંગીત સંધ્યા યોજાઈ



માંગરોળ,તા.૧૧

માંગરોળ ટાવર ચોક પાસે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય‘‘જ્ઞાનવિણા‘‘ દ્વારા મહાશિવરાત્રી અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમીતે મહિલા સશકિતકરણ અંતર્ગત બ્રહ્માકુમારીઝ દીદી દ્વારા પ્રવચન તેમજ એક શામ પ્રભુ કે નામ સંગીત સંધ્યાના દિવ્ય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ કાર્યક્રમમાં ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, વિશ્વ હિન્દુપરિષદ વિભાગ આગેવાન વિનુભાઈ મેસવાણીયા.વિશ્વ હિન્દુપરિષદ પ્રમુખ પ્રકાશભાઈ લાલવાણી સહિત રાજકીય સામાજિક અગ્રણીઓ વેપારીઓ તેમજ મોટી સંખ્યામાં આસપાસ ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા આ ઉપરાંત સાતદિવસીય શિવ ઉત્સવ જેમા બાર જ્યોતિલિંગની દિવ્ય પ્રદર્શની દર્શૅન પણ શહેરમાં આકર્ષણનુ કેન્દ્ર બનતા મોટી સંખ્યામાં ભક્તોએ દર્શૅનનો લાભ લીધો હતો. **(વિનુભાઈ મેસવાણીયા માંગરોળ)**

# એમ.બી.બી.એસ. પરીક્ષાના ફાઈનલ પરિણામમાં ચોરવાડનો પરિક્ષીત બોરીચા ઉતીર્ણ



પ્રભાસ પાટણ, તા.૧૧

અમદાવાદ મેડીકલ કોલેજમાં ફાનિલા એમ.બી.બી.એસ. માં અભ્યાસ કરવા પરિક્ષીત જયરાજભાઈ બોરીચા ઉચ્ચ ગુણાંક સાથે ફાઈનલ એમ. બી. બી. એસ.ની પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરતા ચોરવાડ શહેર સ્થા વણકર સમાજનું ગૌરવ વધાવ્યુ છે અભ્યાસમાં પહેલેથી શ્રેષ્ઠતા ધરાવતા પરિક્ષિત બોરીચાઓ સરળતાપૂર્વક એમ. બી.બી. એસ. ની પરિક્ષા પાસ કરતા અનેક શુભચિંતકો, આગેવાનો, સમાજ શ્રષ્ટી આણે તેમો શુભે આર્શિવાદ પાકવ્યા હતા.તેઓ કેશોદના પૂર્વ ધારાસભ્ય માધાભાઈ બોરીચાના પૌત્ર તેમજ જુનાગઢ જિલ્લા પંચાયતના પૂર્વ સામા. ન્યાય. સમિતિના ચેરમેન અને હાલ જીલ્લા પંચાયતના સદસ્ય જયરાજભાઈ બોરીચાના પુત્ર થાય છે હજુ અભ્યાસ માટે તૈયારી ઓ કરી રહેલ છે અને સતત આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી રહેલ છે.

(તસ્વીર : દેવાભાઈ રાઠોડ)

# સોમનાથ મંદિરે ભાવિકોને શિવભકિતમાં રસતરબોળ કરતા જીજ્ઞેશ કવિરાજ




વેરાવળ,તા.૧૧

મહાશિવરાત્રી નિમિત્તે ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, કમિશનર યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ અને સોમનાથ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સોમનાથ મંદિર પરિસર પાસે ભકિતરસ સભર ‘શ્રી સોમનાથ ઉત્સવ-૨૦૨૪’ કાર્યક્રમ યોજાયો હતો. જેના બીજા દિવસે જિજ્ઞેશ કવિરાજે ઉપસ્થિત કલાપ્રિય જનતાને વિવિધ ભજનો વડે શિવભક્તિમાં લીન કર્યા હતાં. પ્રથમ જયોતિર્લિંગ દેવાધીદેવ મહાદેવના સાનિધ્યમાં જિજ્ઞેશ કવિરાજે ’શિવ સમાન દાતા નહીં...’, ’મેરે ભોલે કે દરબાર મેં....’, ’નગર મેં જોગી આયા....’, ’ભગવે મેં ભગવાન છૂપા હૈ....’, ’સોરઠ ધરામાં શોભતું શિવધામ....’, ’જેના ભાલે ચંદ્રના તેજ તપે.....’ વગેરે ભજનોની પ્રસ્તુતીથી ઉપસ્થિત સર્વેને શિવભક્તિમાં રસતરબોળ કર્યા હતાં. ઉપરાંત હેમંત જોશી અને તેમની ટીમ દ્વારા સુંદર નાટ્યકૃતિ રજૂ કરવામાં આવી હતી. જેમાં દેવાધિદેવ સોમનિથ મહાદેવના ઈતિહાસને ઉજાગર કરવામાં આવ્યો હતો.નોંધનીય છેકે, પ્રથમ દિવસે ગીતાબહેન રબારીએ સંગીતસભર ભજનોની પ્રસ્તુતિ અને હાસ્ય કલાકાર અને સાહિત્યકાર કમલેશ પ્રજાપતિએ પણ રમૂજી અંદાજથી લોકોને હાસ્યરસમાં તરબોળ કર્યા હતાં.ભક્તિસભર કાર્યક્રમ માણવા જિલ્લા કલેક્ટર ડી.ડી.જાડેજા, પ્રાંત અધિકારી વિનોદ જોશી, જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.ડી.મકવાણા, સોમનાથ ટ્રસ્ટના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

***(તસ્વીરઃ મીલન ઠકરાર વેરાવળ)***

# માધવપુરમાં સ્પીડ બ્રેકર મુકવા માંગણી



માધવપુર (ઘેડ) ગામે હાઈવે પર અને મેળા જાપા રોડ, હાઈસ્કુલ સામે સ્પીડ બ્રેકર તુટી જતા વાહનો પુરપાટ ઝડપે દોડી રહ્યા છે. કોઈ અકસ્માત સર્જાય તે પહેલા સ્પીડ બ્રેકર મુકવા ગ્રામજનોની માંગણી ઉઠી છે.

**(તસ્વીરઃ કેશુભાઈ માવદીયા- માધવપુર)**

# નાગેશ્રીના ટીંબી ગામના ગુનાનો આરોપી ઝડપાયો



નાગેશ્રી પોલીસ સ્ટેશનના ટીંબી ગામના ખુનના ગુનામાં ફરાર હરજી ડાયાભાઈ સરવૈયા રે. ટીંબીને નાગેશ્રી પી.એસ.આઈ. પી.વી. પલાસ સહિતના સ્ટાફે ઝડપી લઈ ધરપકડ કરી હતી.

# અમરેલીઃ આજથી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભઃ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરાઈ પુર્ણ

## કેન્દ્રોમાં સીસીટીવી કેમેરા અને પોલીસ બંદોબસ્ત ગોઠવીને ગેરરીતિ અટકાવાશે

(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લામાં ધો. ૧૦ માં ૧૯૨૮૯, ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૧૦૯૧ અને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનમાં ૫૬૮૧ની પરીક્ષાર્થીઓ આજ સોમવારથી પરીક્ષા આપશે.

આજે સોમવાર તા. ૧૧ થી ધો.૧૦-૧૨ની પરીક્ષાનો પ્રારંભ થઈ રહયો છે ઉનાળાની મોસમની સાથે રાજયભરમાં પરીક્ષાની મોસમ છવાશે. ગુજરાત રાજયના ૧૬ લાખથી વધુ પરીક્ષાર્થીઓ ધો. ૧૦-૧૨ ની પરીક્ષા આપવા ઉત્સુક છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦-૧૨ ની પરીક્ષાન્યાયીક માહોલમાં યોજાય. તમામ સ્તરે સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ બરા રાજયકક્ષા તેમજ જિલ્લા મથકોએ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી છે. ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા તા. ૧૧ માર્ચથી ૨૨ માર્ચ દરમ્યાન લેવાશે. ગુજરાત રાજયમાં ધો. ૧૦ના ૯ લાખ ૧૭ હજાર ૨૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૬ લાખ ૨૧ હજાર પરીક્ષાર્થીઓ તેમની કારકીર્દીની અગત્યની કસોટી આપનાર છે.

# કાલે અમરેલીઃખીજડીયા બ્રોડગેજ લાઈનનું વડાપ્રધાનનાં હસ્તે ઈ-ખાતમુહૂર્ત

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી,તા.૧૧

અમરેલી, તા. અમરેલીના લોકોની વર્ષો જુની માંગણી હતી એટલે કે ખીજડીયાથી અમરેલી સુધીના સેકશનના બ્રોડગેજ પ્રોજેકટનું આવતી કાલ તા. ૧૨ મી માર્ચનાં રોજ સવારે ૮ કલાકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઈ-ખાતમુહુર્ત કરવાના છે. ત્યારે અમરેલી લોકોએ ચલાવેલ આંદોલન બાદ અમરેલીની જનતાનો આતુરતાનો અંત આવેલ છે અને અમરેલીના આંગણે બ્રોડગેજ લાવવા માટે આંદોલનન બાદ પ્રધાનમંત્રી રૂા. ૧૭૮ કરોડની રાશી સાથે સ્વીકૃત ખીજડીયાથી અમરેલી સુધીના સેકશનનુ વર્ચ્યુલી ઈ-ખાતમુહુર્ત કરવાના છે તેમજ લીલીયા મોટા રેલ્વે સ્ટેશન ખાતે રૂા. ૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ગતિ શકિત કાર્ગો ટર્મિનલનું પણ વડાપ્રધાન તેમના વરદહસ્તે ઈ-લોકાર્પણ કરવાના છે.વિપક્ષ તેમજ હિત શત્રુઓ દ્વારા બ્રોડગેજ મુદે અમરેલીના લોકોને ખોટી માહિતીઓ આપી ખુબજ ગુમરાહ કરેલ હતા જેનુ આજે દુધનુ દુધ અને પાણીનુ પાણી થયેલ છે. ત્યારે તા. ૧૨ મી માર્ચના રોજ સવારે ૮ કલાકે અમરેલી રેલ્વે સ્ટેશન ખાતે ઉપસ્થિત રહી આ ઐતિહાસીક ક્ષણના સાક્ષી બનવા અમરેલીના લોકોનેસાંસદે અપીલ સહ અનુરોધ કરેલ છે.

# સોમનાથ રાજ આશ્રમ શાળામાં દિકરીઓના સ્વરક્ષણ માટે ૧૫ દિવસની રાયફલ તાલીમનો પ્રારંભ



(દેવાભાઈ રાઠોડ) પ્રભાસ પાટણ,તા.૧૧

સુરક્ષા સેતુ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લા પોલીસ વિભાગ અને સોમપ્રભા કેળવણી ટ્રસ્ટ સંયુકત ઉપક્રમે વિશ્વ મહિલા દિવસના આગલા દિવસે અને ટ્રસ્ટ પ્રમુખ અરજણભાઈ ભજગોતરના ધર્મપત્ની અને મારા માતુશ્રી દિવંગત સોમીમાની ૧૭મી પુણ્યતિથિના દિવસે સોમપ્રભા કેળવણી ટ્રસ્ટ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓની બહેનો સ્વ રક્ષણ અને પોતાની સાથે કોઈ અઘટિત ઘટના બને તો રક્ષિત કેમ રહી શકે આમની ૧૫ દિવસની તાલીમ રાઈફલ સાથેનું માર્ગદર્શનની શરૂઆત આજથી કરાવવામી આવી અને ખરા અર્થમાં વિશ્વ મહિલા દિવસની એડવાન્સ ઉજવણી કરવામાં સહભાગી થવા સહજ પ્રયાસ કરતા સંસ્થા પ્રમુખ અને સમાજ ખરા હિતેચ્છુ અરજણભાઈ ભજગોતર અને તાલીમ આપવા માટે પોલીસ વિભાગના હેડ કવાર્ટર અને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ના કર્મયોગીઓ દેવસીભાઈ સોલંકી અને કિશનભાઈ ઘુસર હાજર રહ્યા તમામ સુચારુ વ્યવસ્થા દિનેશભાઈ ભજગોતર કરી. **(તસ્વીર દેવાભાઈ રાઠોડ)**

# આંકોલવાડી તપોવન વિદ્યા સંકુલમાં બોર્ડના છાત્રોનું સ્વાગતઃ મોં મીઠા કરાવ્યા




(દેવાભાઈ રાઠોડ) પ્રભાસપાટણ,તા.૧૧

ગીર સોમનાથ જિલ્લાના આંકોલવાડી ખાતે આવેલ તપોવન વિદ્યા સંકુલ મા આગેવાનો દ્વારા પરીક્ષાર્થીઓ ને મોંઢા મીઠાં કરાવી પ્રવેશ અપાવેલ

તારીખ ૧૧ ૩ ૨૦૨૪ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માર્ચ ૨૦૨૪ બોર્ડ એકઝામ શરૂ થઈ રહી છે જેમાં ધોરણ ૧૦ નું સેન્ટર નું આકોલવાડી તપોવન વિદ્યા સંકુલ મા હોવાથી ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને સ્થળ સંચાલક રાખોલીયા , તપોવન વિદ્યા સંકુલના આચાર્ય રાજુભાઈ પાનેલીયા ,આકોલવાડી ગામના સરપંચ શ્રી સેજલબેન વઘાસિયા ,તાલુકા પંચાયતના સદસ્ય અલ્પાબેન વઘાસિયા , ડોકટર અડિયા દ્વારા દીપ પ્રાગટ્ય કરેલ અને વિદ્યાર્થીઓને મીઠા મોઢા કરાવી પ્રવેશ આપવામાં આવેલો હતો તેમજ વિદ્યાર્થીના ઉજ્વળ ભવિષ્ય માટે તેમની પરીક્ષાના તમામ પેપરો ખૂબ જ સારી રીતે જાય તેવી શુભકામનાઓ પાઠવી હતી સંસ્થા ના ચંસાલક રાજેશભાઈ પાનેલીયા ની યાદી માં જણાવવામાં આવેલ છે

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# મોરબીમાં ગોડાઉનમાંથી પકડાયેલ નસીલી સિરપના કાંડમાં મુખ્ય સુત્રધાર રવિ કંડીયાની ધરપકડ

## ગોડાઉન ભાડે રાખનારની પૂછપરછમાં માલ મોકલનાર સહિતના શખ્સોના નામ ખુલશે

(જીજ્ઞેશ ભટ્ટ)
મોરબી તા.૧૧

મોરબી નજીકના રંગપર ગામે આવેલા ગોડાઉનમાંથી નસીલી સિરપની ૪૫૦ પેટી માલના કેસમાં અગાઉ પકડાયેલા ત્રણ આરોપીઓ હાલમાં ૧૦ દિવસના રિમાન્ડ ઉપર છે તેવામાં તપાસની અધિકારીની ટીમ દ્વારા આ ગુનામાં મુખ્ય સૂત્રધાર રવિ કંડીયાની ધરપકડ કરવામાં આવેલ છે.



રંગપર (વિરાટનગર) ગામની સીમ સીતારામ હાર્ડવેર પાછળ આર-ટાઇલ નામનું ગોડાઉન આવેલ છે ત્યાંથી નશાકારક કોડીન યુકત કફ સીરપની ૪૫૦ પેટીઓ જેમાં ૯૦,૦૦૦ જેટલી બોટલો ત્યાંથી મળી આવી હતી જેથી કરીને પોલીસે ૧,૮૪,૯૩,૨૦૦ ની સિરપની બોટલો સહિત કુલ મળીને ૨,૦૪,૫૬,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલા ત્રણ સહિત ૬ શખ્સોની સામે એનડીપીએસ મુજબ ફરિયાદ નોંધી હતી ગોડાઉન ભાડે રાખીને માલ મંગાવનાર અને ગોડાઉનના સંચાલક દ્વારા માલ મોકલાવનારનો સંપર્ક કરીને તેઓની પાસેથી ગેરકાયદેસર રીતે નશાકારક કોડીન યુકત કફ સીરપની બોટલો ખરીદ કરવામાં આવી હતી અને ટ્રકમાં ચોખાની આડમાં મોરબી સુધી લઈ આવવામાં આવી હતી

આ ગુનામાં પકડવામાં આવેલ ગોડાઉન સંચાલક મનીષ હરીભાઇ ઝાલાવાડીયા પટેલ ટ્રક ચાલક સરફરાજ રબ્બાનીભાઇ સૈયદ મુસ્લીમ (૩૭) મહમદઅબ્દુલકરીમ મહમદઅબ્દુલરહેમાન મુસ્લીમ (૩૫) તા.૧૫ સુધી એટ્લે કે ૧૦ દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂર કરેલ છે આ ગુનામાં ગોડાઉન ભાડે રાખીને માલ મંગાવનાર રવીકુમાર મહીપતભાઇ કંડીયા રહે. જેતપર (મચ્છુ), માલ મોકલનાર સાજેદા ટાઇલ્સ વાળા મસુદ આલમ રહે. ત્રીપુરા સહિત ત્રણ આરોપીને પકડવાના બાકી છે તેવામાં તપાસનીસ અધિકારી દ્વારા મુખ્ય સૂત્રાધાર રવીકુમાર મહીપતભાઇ કંડીયા ની ધરપકડ કરવામાં આવેલ છે.

હાલમાં માલ જે ગોડાઉનમાંથી પકડાયો હતો તે ગોડાઉન ભાડે રાખનાર આરોપી પકડાયેલ હોય હવે માલ મોકલાવનાર આરોપી અને તેની સાથે સંકળાયેલા શખ્સોને પકડવા માટે પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

# મોરબીના મકનસર, ઘૂટું અને ભડીયાદ પાસે જુગારની ચાર રેડ: ૧૨ ઝડપાયા

(જીજ્ઞેશ ભટ્ટ)
મોરબી તા.૧૧

મોરબી તાલુકા પોલીસ ટીમ દ્વારા મકનસર, ઘૂટું અને ભડીયાદ પાસે ચાર રેડ દરમિયાન ૧૨ જુગારીઓ ઝડપાયા હતા જેની પાસેથી પોલીસે ૮૬૧૦ રૂપિયાની રોકડ કબ્જે કરી છે.

નવા મકાનસર ગામે પાણીના ટાંકા પાસેથી જુગાર રમતા શંકરભાઈ ટીકુભાઇ દેગામા (૩૦), રમેશભાઈ ઉર્ફે ડેની બાબુભાઈ દેગામા (૩૨), શૈલેષભાઈ ધીરુભાઈ દેગામા (૩૨) મળી આવ્યા હતા જેથી પોલીસે તેની પાસેથી ૩૨૨૦ ની રોકડ કબજે કરી હતી.

આવી જ રીતે મકનસર ગામે જુગારની બીજી રેડ બેંક વાળી શેરીમાં કરવામાં આવી હતી ત્યાં જાહેરમાં જુગાર રમતા બાબુભાઈ જગાભાઈ રાતૈયા (૫૮), જગદીશભાઈ ધીરુભાઈ દેગામા (૩૮) અને ભગવાનજીભાઈ કાનજીભાઈ દેગામા (૬૮) જુગાર રમતા મળી આવ્યા હતા જેથી પોલીસે તેની પાસેથી ૩૬૧૦ રૂપિયાની રોકડ કબ્જે કરી હતી.

આ ઉપરાંત ભડીયાદ ગામે રામાપીરના ઢોરે મંદિરની બાજુમાં જુગાર રમતા અનિલભાઈ સોમાભાઈ ઝંઝવાડીયા (૨૭), નાથાલાલ છગનભાઈ સીતાપરા (૨૯), રાહુલભાઈ રમેશભાઈ ઝંઝવાડીયા (૧૯) અને રાજેશભાઈ મનસુખભાઈ બોહકીયા (૩૦) રહે. બધા ભડીયાદ વાળા જુગાર રમતા મળી આવ્યા હતા જેથી પોલીસે ૧૪૪૦ રૂપિયાની રોકડ તેની પાસેથી કબજે કરી હતી.

ઘૂટું ગામ પાસે આવેલ હરિ ઓમ પાર્ક સોસાયટી સામેથી સંજયભાઈ અવચરભાઈ ઝંઝવાડીયા (૨૧) રહે વીસીપરા મોરબી અને રાહુલભાઈ રાજેશભાઈ દુદકિયા (૧૯) રહે. ત્રાજપર ખારી વાળા જુગાર રમતા મળી આવ્યા હોય પોલીસે તેની પાસેથી ૩૪૦ ની રોકડ કબજે કરી હતી.

# મોરબીમા નાની કેનાલ રોડ ડબલ પટ્ટીનો થશે પણ વાર લાગશે: હાલમાં કામ બંધ જ રહેશે: કાંતિભાઈ અમૃતિયા

## નવા કામમાં બે કરોડનો ખર્ચ: લોકોની માંગણી મુજબ કામ કરાવવા ખાતરી

(જીજ્ઞેશ ભટ્ટ)
મોરબી તા.૧૧

મોરબીના પંચાસર રોડે નાની કેનાલ પાસે રોડનું કામ શરૂ કરવામાં આવ્યું હતું જે કામને લોકોને રોકાવ્યું હતું અને તે રોડને ડબલ પટ્ટીનો કરવાની માંગ કરી હતી જેથી કરીને ધારાસભ્ય કાંતિભાઈ ત્યાં પહોચ્યા હતા અને લોકોની રજૂઆતને સાંભળીને હાલમાં કામ બંધ જ રાખવાનું કહ્યું છે અને આગામી સમયમાં તે રોડને લોકોની માંગ મુજબનો કરવામાં આવશે તેવી ખાતરી આપેલ છે.



નાની કેનાલ રોડ ઉપર પાલિકા દ્વારા સિંગલ પટ્ટી સિમેન્ટ રોડનું કામ શરૂ કરવામાં આવ્યું હતું જેની સામે લોકોને વાંધો લીધો હતો અને કામને બંધ કરાવ્યુ હતુ જેની મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાને જાણ થતાં તેઓ ત્યાં સ્થળ ઉપર પહોચ્યા હતા અને લોકોની સાથે વાત કરીને તેઓની રજૂઆતને સાંભળી હતી જેમાં લોકોએ કહ્યું હતું કે, દિવસેને દિવસે તે રોડ ઉપર ટ્રાફિક વધી રહ્યો છે ત્યારે સિંગલ પટ્ટી રસ્તો બનાવવાના બદલે તેને ડબલ પટ્ટી રોડ બનાવવામાં આવે તેવી માંગણી કરી હતી. જો કે, હાલમાં ૪૦ લાખનો ખર્ચ તે રોડ માટે મંજૂર કરવામાં આવેલ છે અને લોકોની લાગણી અને માંગણી મુજબનો રોડ બનાવવા માટે બે કરોડનો ખર્ચ થાય તેમ છે જેથી હાલમાં રોડનું કામ બંધ કરાવ્યુ છે તેને બંધ જ રાખવા માટેની સૂચના આપેલ છે. ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ લોકોને જણાવ્યુ છે કે, આગામી સમયમાં ત્યાં ડબલ પટ્ટીનો રોડ બનાવવામાં આવશે પરંતુ તે કામમાં વાર લાગશે.

# મોરબીના કાલિકા પ્લોટમાં ઉલ્ટી ગંગા: વહુએ સાસુને માર માર્યો..!

(જીજ્ઞેશ ભટ્ટ)
મોરબી તા.૧૧

મોરબીના કાલિકા પ્લોટ વિસ્તારમાં હેતલ ડેરી નજીક રહેતા મુમતાઝબેન હુસેનભાઇ ફકીર નામના ૫૦ વર્ષીય મહિલાને તેમના ઘરે મારામારીના બનાવમાં ઇજા થતાં સિવિલ હોસ્પિટલે સારવારમાં લાવવામાં આવ્યા હતા.હોસ્પિટલ ખાતે સારવાર કરવામાં આવ્યા બાદ એ ડિવિઝનમાં જાણ કરાતા એ ડિવિઝન પોલીસ મથકના ઇન્વે.અધિકારી વિપુલભાઈ ફૂલતરીયાએ તપાસ કરી હતી. તેમાં સામે આવ્યું હતું કે મુમતાઝબેનના દીકરાની વહુ દ્વારા તેઓને માર મારવામાં આવ્યો હતો જેથી તેમને સામાન્ય પ્રકારની ઈજા તથા સારવારમાં લાવવામાં આવ્યા હતા.

**મારામારીમાં ઈજા**

સામાકાંઠે ભિમસર વિસ્તારમાં રહેતા સુરજ અમરશીભાઈ કુંઢીયા (ઉમર ૩૦) નામના દેવીપુજક યુવાનને તેના ઘર પાસે થયેલા મારામારીના બનાવમાં ઈજાઓ થતા સરકારી હોસ્પિટલે સારવાર માટે લઈ જવાયો હતો. વીસીપરા કુલીનગરમાં દાઉદભાઈ ઉંમરભાઈ ઘાંચી નામના ૬૪ વર્ષના આધેડને ઘર પાસે થયેલ મારામારીના બનાવમાં ઇજા થતા તેઓને પણ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા.

## મારામારીના બનાવમાં યુવાન અને આધેડ ઘાયલ

**ચાલુ બાઈક પડી જતા**

ઢુવા ગામે રહેતા હરેશભાઈ નટુભાઈ ગોલતર નામના ૨૩ વર્ષના યુવાનને ચાલુ બાઈકે ચક્કર આવતા પડી જવાથી ઇજાગ્રસ્ત હાલતમાં તેને અત્રે સારવારમાં લાવવામાં આવ્યો હતો.



# મોરબીમાં પીએસઆઈ પંકજ મિશ્રાનું પ્રજાપતિ સમાજના આગેવાનો દ્વારા સન્માન

મોરબીમાં સેવાકીય કામ સાથે સંકળાયેલ હસમુખભાઈ વામજાના અધ્યક્ષ સ્થાને મોરબી જિલ્લાના ક્રાઈમ બ્રાંચ વિભાગમાં પીએસઆઈ પંકજ મિશ્રા (પ્રજાપતિ)નું પોસ્ટિંગ કરવામાં આવ્યું છે તેમજ મોરબી જિલ્લા પંચાયતના શિક્ષણ વિભાગમાં મૂકવામાં આવેલ જયેશભાઇ પ્રજાપતિનું સમાજ વતી સન્માન કરવામાં આવ્યું હતું આ તકે બી.એમ. વરીયા અને હસમુખભાઈ વામજાએ સમાજના પ્રતીક સમાન ચાકડાની પ્રતિકૃતિ આપી અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું આ તકે સાહુલભાઈ પ્રજાપતિ, વિવેકભાઈ પ્રજાપતિ અને રોહિતભાઈ પ્રજાપતિ ધોળકા (હળવદ)ઉપસ્થિત રહ્યા હતા અને ત્યારે અધિકારીની સાથે સમાજના ઉત્થાન માટે કરવામાં આવતી કમગિરિની પણ ચર્ચા કરવામાં આવી હતી

# વિંછીયાનાં એડવોકેટ હિરેન પરમારની નોટરી તરીકે વરણી

વિંછીયા,તા.૧૧

વિછીયામાં એડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરતા અને વિછીયા બાર એસોસિએશનના પ્રમુખ તરીકે ફરજ બજાવતા તેમજ અનેકવિધ ધાર્મિક, સામાજિક ,સેવાકીય, સંસ્થાઓમાં જોડાયેલા

સેવાભાવી ,સરળ સ્વભાવી હિરેનભાઈ એચ પરમાર ને રાજકોટ જિલ્લાના વિછીયા તાલુકામાં નોટરી એડવોકેટ તરીકે નિમણૂક કરાતા તેમને ઠેર ઠેર થી મો.નં.૯૮૨૫૪ ૧૮૫૫૧ પર અભિનંદન વર્ષા થઈ રહી છે..

# ટંકારા કોર્ટે મિતાણાના જયદીપ બસીયા સામે સુઓમોટો લઈ તહોમતનામું ફરમાવ્યુ

## અગાઉ કોર્ટે હળવી કલમો લગાવતા અદાલતની કડક કાર્યવાહી

(જીજ્ઞેશ ભટ્ટ)
મોરબી તા.૧૧

ટંકારાની કોર્ટમાં ફરીયાદી કૈલાશ શવજીભાઈ ભાગીયાએ આરોપી જયદીપ બાબુભાઈ બસીયા પાસેથી રૂપિયા ૧,૫૦,૦૦૦ લીધેલ હોય જે પૈસા પાછા આપી દીધેલ હોવા છતા આરોપી જયદીપે ઉપાડી જઇ મારી નાખવાની ધમકી આપી હતી. આરોપી જયદીપ બસીયા વરૂદ્ધ કાર્યવાહી ચલાવવાનો આદેશ ટંકારાના જયુડી મેજી.(ફા.ક.) ને )ફરમાવેલ છે.

આ કેસની હકીકત જોઈએ તો ફરીયાદી કૈલાશ સવજીભાઈ ભાગીયાએ પોતાના જ ગામના જયદીપ બાબુભાઈ બસીયા પાસેથી દોઢ લાખ રૂપીયા લીધેલ હતા ત્યારબાદ કટકે કટકે કરીને આરોપી જયદીપને રૂપીયા પાછા આપી દીધેલ હતા તેમ છતા વધુ પૈસા પડાવવાની લાલચે આરોપી જયદીપ ફરીયાદી પાસે પૈસાની ઉઘરાણી કરતો હોય અને ધાક-ધમકીઓ આપતો હોય જેથી ફરીયાદીએ આ માથાભારે જયદીપથી ડરીને વધું રૂપીયા પણ આપેલ છતા આરોપી જયદીપે ફરીયાદીને હેરાન-પરેશાન કરવાનું ચાલુ રાખતા ફરીયાદીએ આરોપી જયદીપથી કંટાળીને રાજકોટની મધાપર ચોકડી પાસે દવા પણ પીધી હતી.

ત્યારબાદ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ થતા ફરીયાદી કૈલાશભાઈને માલુમ પડેલ કે એફ.આઈ.આર. માં કોઈ અગમ્ય કારણોસર હળવી કલમો લગાડેલ છે અને જેથી મૂળ ફરીયાદી કૈલાશભાઈ ભાગીયા ધ્વારા પુરાવા સાથે વિશેષ તપાસની અરજી કરેલ હતી જે વિશેષ તપાસની અરજી સાથેના પુરાવાઓ તથા ચાર્જશીટ માહેના પુરાવાઓ તથા ફરીયાદ માહેની હકીકતો અને મૂળ ફરીયાદીના વકીલએ કરેલ દલીલને ધ્યાને લઈને નામદાર અદાલત દ્વારા સુઓમોટો પાવરના આધારે આઈપીસી કલમ ૩૪૧, ૩૮૬, અને ૩૯૨ નો ઉમેરો કરી તહોમતદાર જયદીપ બસીવા વિરૂધ્ધ ૩૨૩, ૩૪૧, ૩૮૬, ૩૯૨, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ તહોમતનામું ફરમાવી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો આદેશ ટંકારાના મહે. જયુડી. મેજી. સાહેબે આપેલ છે. આ કામમાં મૂળ ફરીવાદી કૈલાશભાઈ સવજીભાઈ ભાગીયા વતી રાજકોટના એડવોકેટ પાર્થ એમ. સંઘાણી તથા એડવોકેટ મંથન પી. વીરડીયા રોકાયેલ હતા.




# મોરબી ટ્રાફિક શાખાના બહેનો દ્વારા મહિલા દિવસની ઉજવણી

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રીપાઠીની સુચના મુજબ તેમજ ટ્રાફિકના પોલીસ ઈન્સ્પેકટર લગારીયાના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક શાખાના મહિલા પોલીસ કર્મચારીઓ તેમજ ટ્રાફિક બ્રિગેડના મહિલા કર્મચારીઓ દ્વારા કેક કટીંગ કરીને ઉમંગભેર વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી તેમજ ટ્રાફિક શાખાના પીએસઆઇ દિલીપ ઠક્કરે માહિતી આપતા જણાવ્યું હતું.

**(તસ્વીર/અહેવાલ : જીજ્ઞેશ ભટ્ટ દ્વારા)**

# મોરબીમાં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં ૨૨ દીકરીઓએ પ્રભુતામા પગલા માંડયા

## શનાળા ખાતે આઠમાં સમૂહ લગ્ન યોજાયા: સોના-ચાંદીના દાગીના સાથે ઘરવખરીની તમામ વસ્તુઓ કરીયાવરમાં અપાઇ

(જીજ્ઞેશ ભટ્ટ)
મોરબી તા.૧૧

મોરબી ખાતે વાત્સલ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ મોરબી તેમજ હિતમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી શિક્ષણ તેમજ આરોગ્યની સાથે સાથે સામાજિક ઉત્થાનના ભાગરૂપે પણ સેવાકીય પ્રવૃતિ કરી રહ્યું છે. જેના ભાગરૂપે આજે મોરબી શકત સનાળા ખાતે આવેલ ઝાલા રાજપૂત ક્ષત્રિય સમાજવાડી માં આઠમા સર્વ જ્ઞાતિએ સમૂહ લગ્નનું આયોજન કરે જેમાં ૨૨ યુગલોએ પ્રભુતામાં પગલાં ભરેલ. આ યુગલોને સોના ચાંદીના દાગીનાની સાથે સાથે ઘરવખરીની તમામ સામગ્રીઓ ભેટ સ્વરૂપે આપવામાં આવેલ હતી.



આ સમૂહ લગ્નોત્સવના મુખ્ય દાતા તરીકે મોરબી માળિયા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, આગમન મેંટરિટી હોસ્પિટલ રાજકોટના ડોક્ટર નીતાબેન ઠક્કર, રામને ભજીલ્યો ના નામથી સેવાકીય ક્ષેત્રે ઉમદા નામ મેળવેલ જમનાદાસ બાપા (હરિહર અન્નક્ષેત્ર) તેમજ ગુરુકૃપા ટ્રાન્સપોર્ટ દ્વારા પોતાની સામાજિક ફરજ અદા કરી હતી જ્યારે કન્યાદાન દાતા તરીકે ડોક્ટર હર્ષદ પી. મહેશ્વરી હરિઓમ ઓર્થો હોસ્પિટલ વાંકાનેર, ડોક્ટર અરવિંદ મેરજા જાનકી હોસ્પિટલ, ડોક્ટર ચંદ્રેશ વડગાસીયા શ્યામ હોસ્પિટલ, ડોક્ટર અર્જુન સુવાગિયા વરદાન હોસ્પિટલએ પોતાની સામાજિક ફરજ અદા કરી હતી તે ઉપરાંત કરિયાવર દાતા તરીકે હરિલાલભાઈ આદ્રોજા, મુકેશભાઈ ઉઘરેજા, ગીરીશભાઈ સરૈયા, નિલેશભાઈ દેસાઈ અને ૨૨ દીકરીઓને ઘરવખરીની સામગ્રીમાં મામેરા દાન દાતા તરીકે કપિલભાઈ માલાણી, ભગવતી હોસ્પિટલ, નીતાબેન ઠાકર ન્યુ મુંબઈ, રમેશભાઈ સોલંકી, અજયભાઈ લોરીયા, રાજેશભાઈ પંચાસરા, રામવિલાસભાઈ યાદવ, ડો. હિના મોરી સહિતનાઓએ દાનનો સહયોગ આપવામાં આવેલ છે.

આ સમૂહ લગ્ન શુભ પ્રસંગે મોરબી માળિયા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, જિલ્લા ન્યાય સમિતિના ચેરમેન કમળાબેન અશોકભાઈ ચાવડા, વાંકાનેર નગરપાલિકા ચીફ ઓફિસર ગીરીશ સરૈયા, વકીલ એસો.ના પ્રમુખ એડવોકેટ દિલિપ અગેચણીયા, આગમન મેટરનિટી હોસ્પિટલ રાજકોટના ડો. નીતાબેન ઠક્કર સહિત સામાજિક આગેવાનો, મહિલા સંસ્થાઓ તેમજ દાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ સમૂહ લગ્ન સફળતાપૂર્વક પૂર્ણ થતા વાત્સલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આઠ સમૂહ લગ્ન થકી ૨૫૧ કન્યાઓ લગ્ન કરાવવામાં આવેલ છે આ સમૂહ લગ્નોત્સવના આયોજક તરીકે વાત્સલ્ય એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ મોરબીના પ્રમુખ ડો. પરેશ પારીઆ, ઉપપ્રમુખ નંદની પારીઆ, મહામંત્રી જ્યોતિબેન ચાવડા, હિતમ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડો. હાર્દિક જેસવાણી, ડો. મિલન ઉઘરેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, સાગર જેસવાણી સહિતનાઓ સેવા આપી હતી.



# મોરબીના ઝીકયાળી ગામે શાળામાં માર્ગદર્શન સેમિનાર યોજાયો

સમગ્ર શિક્ષા વોકેશનલ એજ્યુકેશન વર્ષ ૨૦૨૩-૨૪ માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ની જોગવાઈ મુજબ ધો ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને પ્રિ વોકેશનલ એજ્યુકેશનની ગાઇડલાઈન મુજબ મળી રહે તે હેતુથી 'બેગલેસ ડે' અંતર્ગત મોરબીની ઝીકયાળી પ્રાથમિક શાળામાં ઈતિહાસકાર, કવિ, લેખક બનવા માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું અને લેખન ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ અને કઈ રીતે અવલોકન શક્તિ વિકસાવવી વગેરે બાબતે યુવા કવિ જલરૂપ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ પર્યાવરણ પરિવારના કવિ જલરૂપ દ્વારા દેશી રાજા રજવાડાંઓના ફોટાઓનું પ્રદર્શન શાળામાં ગોઠવવામાં આવ્યું હતું જેથી શાળાના આચાર્ય પ્રકાશભાઈ કુબાવતે કવિ જલરૂપ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. **(તસ્વીર: જીજ્ઞેશ ભટ્ટ દ્વારા)**



# મોરબી ગ્રાહક તકરાર નિવારણ કોર્ટના આદેશ બાદ વીમા કંપનીએ નુકશાનીનો વીમો ચૂકવ્યો

મોરબી શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતાએ જણાવ્યુ હતુ કે, લાલપરના વતની દુર્લભજીભાઈ જેતપરીયાની ગાડીને આગ લાગતા નુકશાન થયું હતું અને રોયલ સુંદરમ જનરલ ઈન્સ્યોરન્સ કંપની વીમો આપવાનીના પડી હતી જેથી તેઓએ ગ્રાહક તકરાર નિવારણ અદાલતમા કેસ દાખલ કર્યો હતો ગ્રાહક કોર્ટ હુકમ કરતા દુર્લભજીભાઈને ૬૮,૫૦૪ નો ચેક વીમા કંપની તરફથી આવામાં આવેલ છે જે ચેક પ્રમુખ લાલજીભાઈ મહેતા અને મંત્રી રામભાઈ મહેતાએ ગ્રાહકને આપ્યો હતો.કોઈપણ ગ્રહકને અન્યાય થયો હોય તો ગ્રાહકે પોતાના હક માટે લડત કરવી જોઈએ અને તેના માટે લાલજીભાઈ મહેતા (૯૮૨૫૭ ૯૦૪૧૨) અને રામભાઈ મહેતા (૯૯૦૪૭ ૯૮૦૪૮)નો સંપર્ક કરવા જણાવ્યુ છે.

**(તસ્વીર: જીજ્ઞેશ ભટ્ટ દ્વારા)**

# મોરબીના માનસર ગામે રસ્તામાંથી મળેલા તલ ખાધા બાદ ઝેરી અસર થવાથી બાળકનું મોત: મહિલા અને બાળકી સારવારમાં

## કોથળીમાંથી મળેલા તલ ઘરે લાવીને ખાયા હતાં: વાવણી માટે દવા છાંટી હોવાનું ખુલ્યું

(જીજ્ઞેશ ભટ્ટ)
મોરબી તા.૧૧

મોરબી તાલુકાના માનસર ગામે વાડી વિસ્તારમાં મજૂરી કામ કરતા પરિવારની મહિલા અને બાળકો રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાંથી તલ ભરેલી કોથળી મળી આવી હતી જે કોથળી ઘરે લાવીને તેમાંથી મહિલા અને બાળકોએ તલ ખાધા હતા જેથી કરીને ઝેરી અસર થતા એક બાળકનું મોત નિપજ્યુ છે અને મહિલા અને એક બાળક સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

માનસર ગામે રહેતાને ખેતીમાં મજૂરી કામ કરતા મહેશભાઈ ભાંભર ના પત્ની સંગીતાબેન (૨૪) અને દીકરા કુલદીપ (૭) તેમજ મોનીત હિમેશભાઈ ઠાકરે (૮) ને તલ ખાધા બાદ ઝેરી અસર થઈ હોવાથી તે તમામને સારવાર માટે તાત્કાલિક મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. દરમિયાન કુલદીપ મહેશભાઈ ભાંભર (૭) નામના બાળકનું મોત નીપજ્યું છે.

તાલુકા પોલીસના કિરોજભાઇ સુમરાએ જણાવ્યું હતું કે સંગીતાબેન અને બાળકો વાડીએથી પાછા ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં કાળા કલરનું ઝબલુ મળી આવ્યુ હતુ જેમાં સફેદ તલ ભરેલા હતા અને તે તલ સંગીતાબેન તેના દીકરા કુલદીપ અને મોનિત સહિતના પાંચેક વ્યક્તિઓએ ખાધા હતા જોકે બે વ્યક્તિઓને તલ તુરા લાગતા તેણે થુંકી નાખ્યા હોવાથી તેને ઝેરી અસર થઈ ન હતી જોકે સંગીતાબેન કુલદીપ અને મોનિતે તલ ખાધા હતા અને તે તલ વાવણી કરવા માટેના દવાવાળા તલ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવી રહ્યું છે અને આ તલ ખાધા બાદ ઝેરી અસર થવાના કારણે ઉલટીઓ થવા લાગી હતી અને કુલદીપનું મોતી નિપજ્યુ છે.

**અકસ્માતમાં ઇજા**

મોરબીના રવાપર ઘુનડા રોડ ઉપર રહેતા નીલાબેન કિરીટભાઈ કારીયા (૫૪) નામના મહિલાને મોરબીના રવાપર રોડ ઉપર આવેલ બાપાસીતારામ ચોક પાસે અજાણ્યા બાઇક ચાલકે હડફેટે લેતા ક્રિષ્ના હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા.



# મોરબીમાં રોટરી ક્લબ દ્વારા મહિલાઓ માટે આયોજાતી સાયકલોફનનું ધારાસભ્યએ કરાવ્યુ પ્રસ્થાન

મોરબીમાં રોટરી કલબ દ્વારા ફક્ત મહિલાઓ માટે સાઇકલો ફન ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતુ રવિવારે સવારે શનાળા રોડે આવેલ સ્વામિનારાયણ મંદિરથી લઈને ઉમિયા સર્કલ, સ્વાગત ચોકડી અને બાપસીતારામ ચોક સુધી પાંચ કિલો મીટરની સાઇકલો ફન બહેનને થતાં સર્વાઇકલ કેન્સરની જાગૃતિ માટે રાખવામા આવી હતી જેના માટે બહેનો દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ સાઇકલો ફનમાં ૧૫ વર્ષની મોટી ઉપરની ૧૫૦ કરતાં વધારે યુવતીઓ અને મહિલાઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો આ સાઇકલો ફનનું પ્રસ્થાન મોરબી માળીયા બેઠકના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા દ્વારા કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર મહિલાઓને સર્ટિફિકેટ તેમજ કીટ આપવામાં આવી હતી કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ સોનલ શાહ, સ્વાતિ પોરીયા, બંસી શેઠ તથા નીલા છનિયારા, તેમજ રોટરી કલબના રશેષભાઈ મહેતા, રાજવીરસિંહ સરવૈયા સહિતના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી **(તસ્વીર/અહેવાલ : જીજ્ઞેશ ભટ્ટ દ્વારા)**

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

